Downloaded from https:// www.studiestoday.com

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2019/434, તા.04/01/2019-થી મંજૂર



# આસપાસ

## પર્યાવરણ-અભ્યાસ

## ધોરણ IV

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૧૦

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

© NCERT, નવી દિલ્લી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક NCERT, નવી દિલ્લી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં NCERT, નવી દિલ્લી અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**અનુવાદ**
કુ. રિન્કુ સી. સુથાર

**સમીક્ષા**
ડૉ. આઈ. એમ. ભટ્ટ
શ્રી નરેન્દ્ર રાવલ
ડૉ. અખિલ ડી. ઠાકર
શ્રી ભાવેશ પંડ્યા
શ્રી જસુભાઈ એસ. પટેલ
શ્રી નિમેષ જે. ભટ્ટ
શ્રી ચાંગાભાઈ એમ. કાગ
શ્રી જયેશકુમાર એન. પટેલ
શ્રી હરિભાઈ આર. પટેલ
શ્રી પ્રવીણકુમાર એ. પટેલ
શ્રી કમલેશ ડી. પટેલ
શ્રી મિનેષ એન. વાળંદ
શ્રી નમ્રતા એ. ભટ્ટ

**ભાષાશુદ્ધિ**
શ્રી નિકેતાબહેન એસ. વ્યાસ

**સંયોજન**
ડૉ. ચિરાગ એચ. પટેલ
(વિષય-સંયોજક : ભૌતિકવિજ્ઞાન)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય સ્તરે સમાન અભ્યાસક્રમ રાખવાની સરકારશ્રીની નીતિના અનુસંધાને ગુજરાત સરકાર તથા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તા. 19/7/2017 ના ઠરાવ–ક્રમાંક જશભ/1217/સિંગલ ફાઈલ-62/ન થી શાળા કક્ષાએ NCERT નાં પાઠ્યપુસ્તકોનો સીધો જ અમલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેને અનુલક્ષીને NCERT, નવી દિલ્લી દ્વારા પ્રકાશિત **ધોરણ IV પર્યાવરણ** વિષયના પાઠ્યપુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરીને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનો અનુવાદ તથા તેની સમીક્ષા નિષ્ણાત પ્રાધ્યાપકો અને શિક્ષકો પાસે કરાવવામાં આવ્યાં છે અને સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ પાઠ્યપુસ્તકની મંજૂરી માટે એક સ્ટેટ લેવલની કમિટીની રચના કરવામાં આવી. આ કમિટીની સાથે NCERTના પ્રતિનિધિ તરીકે RIE, ભોપાલથી ઉપસ્થિત રહેલા નિષ્ણાતોની સાથે એક દ્વિ-દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું અને પાઠ્યપુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. જેમાં, ડૉ. એસ. કે. મકવાણા (RIE, ભોપાલ), ડૉ. કલ્પના મસ્કી (RIE, ભોપાલ), શ્રી ભાવેશ પંડ્યા, શ્રી રિન્કુબહેન સુથાર, ડૉ. અખિલ ઠાકર, શ્રી નિમેષ ભટ્ટ અને શ્રી નમ્રતા એ. ભટ્ટ એ ઉપસ્થિત રહી પોતાનાં કીમતી સૂચનો અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

NCERT, નવી દિલ્લીનાં સહકાર બદલ તેમના આભારી છીએ.

**અવંતિકા સિંઘ** (IAS)
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા. 03-04-2019 — ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2019**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી અવંતિકા સિંઘ, નિયામક

**મુદ્રક** :

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com


# FOREWORD

The National Curriculum Framework (NCF) 2005, recommends that children's life at school must be linked to their life outside the school. This principle marks a departure from the legacy of bookish learning which continues to shape our system and causes a gap between the school, home and community. The syllabi and textbooks developed on the basis of NCF signify an attempt to implement this basic idea. They also attempt to discourage rote learning and the maintenance of sharp boundaries between different subject areas. We hope these measures will take us significantly further in the direction of a child-centred system of education outlined in the National Policy on Education (1986).

The success of this effort depends on what steps that school principals and teachers will take to encourage children to reflect on their own learning and to pursue imaginative activities and questions. We must recognise that, given space, time and freedom, children generate new knowledge by engaging with the information passed on to them by adults. Treating the prescribed textbook as the sole basis of examination is one of the key reasons why other resources and sites of learning are ignored. Inculcating creativity and initiative is possible if we perceive and treat children as participants in learning, not as receivers of a fixed body of knowledge.


These aims imply considerable change in school routines and mode of functioning. Flexibility in the daily time-table is as necessary as rigour in implementing the annual calendar so that the required number of teaching days are actually devoted to teaching. The methods used for teaching and evaluation will also determine how effective this textbook proves for making children's life at school a happy experience, rather than a source of stress or boredom. Syllabus designers have tried to address the problem of curricular burden by restructuring and reorienting knowledge at different stages with greater consideration for child psychology and the time available for teaching. The textbook attempts to enhance this endeavour by giving higher priority and space to opportunities for contemplation and wondering, discussion in small groups, and activities requiring hands-on experience.

The National Council of Educational Research and Training (NCERT) appreciates the hard work done by the textbook development committee responsible for this book. We wish to thank the Chairperson of the Advisory Committee for Textbooks at the the primary level, Anita Rampal, *Professor*, CIE, Delhi University, Delhi, Chief Advisor, Savithri Singh, *Principal,* Acharya Narendra Dev College,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



University of Delhi, New Delhi, Co-chief Advisor, Farah Farooqi, *Reader*, Jamia Millia Islamia, Delhi, for guiding the work of this committee. Several teachers contributed to the development of this textbook. We are grateful to their principals for making this possible. We are indebted to the institutions and organisations which have generously permitted us to draw upon their resources, material and personnel. We are especially grateful to the members of the National Monitoring Committee, appointed by the Department of Secondary and Higher Education, Ministry of Human Resource Development under the Chairpersonship of Professor Mrinal Miri and Professor G.P. Deshpande, for their valuable time and contribution.

As an organisation committed to systemic reform and continuous improvement in the quality of its products, NCERT welcomes comments and suggestions which will enable us to undertake further revision and refinement.

*Director*
National Council of Educational
Research and Training

New Delhi
*20 November 2006*







Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શિક્ષકો અને વાલીઓ માટે નોંધ


રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા (NCF-2005) મુજબ જ્યારે રાષ્ટ્રીયકક્ષાનું પાઠ્યપુસ્તકનું લેખનકાર્ય થતું હતું ત્યારે આ પુસ્તકના નિર્માણ માટે કામ કરી રહેલ જૂથને તેના હેતુઓના અનુવાદનું કાર્ય પડકારરૂપ લાગ્યું. આ પ્રક્રિયા દરમિયાન ચર્ચાયેલા થોડા મુદ્દાઓ વિશે લેખકો પોતાના અનુભવો વહેંચવા માંગે છે.

બાળક પોતાની આસપાસના પર્યાવરણને સમગ્રતયા જુએ છે. તેઓ કોઈ પણ મુદ્દાને ‘‘વિજ્ઞાન’’ અને ‘‘સામાજિક વિજ્ઞાન’’માં વહેંચતા નથી. તેથી એવું વિચારવાનું આવશ્યક બન્યું કે, આ પુસ્તકનું બે ભિન્ન વિભાગોના બદલે સંકલન કરવું. વિષયવસ્તુના મુદ્દાઓ પર કાર્ય કરવાના બદલે, પાઠ્યક્રમને જાતે જ એકબીજા સાથે સાંકળીને આંતરસંબંધો સ્થાપીને તેનો વિકાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું. પાઠ્યપુસ્તકમાં શારીરિક, સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભોમાં બધાં જ પાસાંઓને એવી રીતે દર્શાવેલાં છે કે બાળકને પસંદગી કરવાનો અવકાશ મળે.

રાષ્ટ્રીય કક્ષાએ લખવાનો પડકાર, વિવિધ વર્ગખંડોનાં બહુસાંસ્કૃતિક પરિમાણોને પ્રતિબિંબિત કરવાનો હતો. બાળક દરેક સમુદાય, સંસ્કૃતિ અને જીવન જીવવાની રીતને સરખું મહત્ત્વ આપે તે ખૂબ જરૂરી હતું. પુસ્તક લખવામાં આવ્યું ત્યારે, અમે સંબોધન કરી રહ્યા છે તે બાળક કોણ છે, તે મોટો પ્રશ્ન હતો, શું તે મોટા શહેરનો બાળક છે અથવા ઝૂંપડપટ્ટીની શાળાનો, નાના નગરનો બાળક, ગામની શાળા અથવા પર્વતીય પ્રદેશની દૂરસ્થ શાળાનો બાળક છે ? અમે કેવી રીતે આવા વિભિન્ન જૂથને સંબોધન કરીએ છીએ ? તેને જાતિ, વર્ગ, સંસ્કૃતિ, ધર્મ, ભાષા, ભૌગોલિક પરિસ્થિતિ વગેરે વિભિન્નતાનો સામનો કરવાની જરૂર પડે છે. આ પુસ્તકમાં કેટલાક આવા મુદ્દાઓ આવરી લીધા છે, જે શિક્ષકે પણ તેની પોતાની શૈલીમાં સંવેદનાત્મક રીતે રજૂ કરવા પડશે.


પુસ્તકના વિષયવસ્તુના કેન્દ્રમાં બાળક છે, જે તેને નવીન શોધ માટે પૂરતી તક આપે છે. અહીં સભાનપણે ગોખણપટ્ટી અને વર્ણન તથા વ્યાખ્યાઓને ટાળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. માહિતી આપવી સરળ છે, પરંતુ સાચો પડકાર તો બાળકને જ્યાં તે ગાઈ શકે, તેમની જિજ્ઞાસાવૃત્તિ પોષી શકે, પ્રવૃત્તિ દ્વારા અભ્યાસ કરે, પ્રશ્નો પૂછે, પ્રયોગો કરે વગેરે બાબતોની તકો આપવી તે છે. તેના જ સંદર્ભમાં બાળક પુસ્તક સાથે કાર્યરત રહે તે માટે વર્ણન, કવિતા, વાર્તા, કોયડાઓ, જિગ્સૉ, વિનોદી વાર્તાઓ વગેરે બાબતોનો ઉપયોગ કરવામાં આવેલ છે. બાળકને સંવેદનશીલ બનાવવા માટે એવી વાર્તાઓ અને પ્રસંગોનો ઉપયોગ કર્યો છે કે જેનાં ચરિત્રો સાથે તે સરળતાથી તાદાત્મ્ય સાધી શકે. પુસ્તકની ભાષા ઔપચારિક ન રાખતા સામાન્ય વાતચીતના સ્વરૂપમાં રાખવામાં આવી છે.

જ્ઞાનનું સર્જન કરવા બાળકો સક્રિય ભાગ લે એ મહત્ત્વનું છે. પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓની જરૂરિયાત છે કે, બાળકોને અવલોકન માટે બગીચાઓ, ખેતરો, જળાશયો,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



સમુદાયો વગેરે જગ્યાએ જઈને પર્યાવરણ-અભ્યાસ પ્રાથમિક રીતે વર્ગખંડની બહાર કરવામાં આવે. બાળકના સ્થાનિક જ્ઞાનને શાળાકીય જ્ઞાન સાથે જોડવાના પ્રયત્નો કર્યા છે. અહીં તે દર્શાવવું જરૂરી છે કે, પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓ ફક્ત સૂચક છે. પ્રવૃત્તિઓ અને સાધનો બંને શિક્ષકો દ્વારા સ્થાનિક સંદર્ભો મુજબ સુધારી શકાય છે. પ્રવૃત્તિઓ અને સ્વાધ્યાય અંતે આપવાના બદલે પાઠમાં આંતરિક રીતે સમાવેશ કરેલ છે. પુસ્તકમાં ખૂબ જ વિવિધતાપૂર્ણ પ્રવૃત્તિઓ આપેલ છે. જેથી બાળકને સર્જન, અવલોકન, દોરવું, વિભાજિત કરવું, બોલવું, પ્રશ્નો, લખવું, યાદી વગેરેની તક મળે. કેટલીક પ્રવૃત્તિઓમાં તેઓને વસ્તુઓનો એવી રીતે ઉપયોગ કરવાનો રહેશે, જેથી તેઓમાં માનસિક શક્તિનો વિકાસ થાય. કેટલીક પ્રવૃત્તિઓ તેઓની સર્જનાત્મક અને રચનાત્મક કુશળતાની સાથે તેમની સૌંદર્યલક્ષી ઇન્દ્રિયોને પણ જાગ્રત કરશે. બાળકોની સરળતા માટે દરેક પ્રવૃત્તિઓની ચર્ચા દ્વારા તેઓ જ અવલોકન કરે અને શીખે તેનું એકાકીકરણ કરવામાં આવે છે. જે-તે સ્તર પર બાળક એકલો પહોંચી શકે તે માટે યોગ્ય પ્રશ્નો અને સૂચનો દ્વારા બાળકની સમજને વિકસાવવાની છે.

બાળકોને પાઠ્યપુસ્તક અને શિક્ષકો સિવાય બીજા સ્રોતો જેવા કે કુટુંબીજનો, સમુદાયના સભ્યો, સમાચારપત્રો, પુસ્તકો વગેરેથી જાણવા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં છે. આ બતાવે છે કે, ફક્ત પાઠ્યપુસ્તક જ માહિતીનો સ્રોત નથી. ઇતિહાસની સમજનો વિકાસ કરવા બાળકોને વડીલો પાસેથી ભૂતકાળ જાણવા પ્રોત્સાહિત કર્યા છે. આ પ્રવૃત્તિઓથી વાલીઓ અને સમુદાયના સભ્યોને શાળા સાથે સાંકળવા અને શિક્ષકોને બાળકની પૃષ્ઠભૂમિ જાણવામાં વૃદ્ધિ કરશે.



પુસ્તકોમાં ઉદાહરણ એક મહત્ત્વનો ભાગ છે. લેખકોએ ધ્યાનમાં રાખ્યું છે કે, પુસ્તકમાં ઉદાહરણો લખાણની પ્રકૃતિ પ્રતિબિંબિત કરે છે. ઉદાહરણ દ્વારા વિષયવસ્તુનો વિકાસ ઉમદા વિચારણા છે. ઉદાહરણો એવી રીતે લેવામાં આવ્યાં છે કે, જે વિષયવસ્તુની સમજ વધારે છે. ઉદાહરણો બાળકને આનંદ અને પડકાર પૂરાં પાડે તેવાં હોવાં જોઈએ. પ્રવૃત્તિઓને જુદી તારવવા સંજ્ઞાઓ (પ્રતીકો)નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પુસ્તક બાળકોને વ્યક્તિગત રીતે અને નાના-મોટાં જૂથમાં કામ કરવાની તક પૂરી પાડે છે. જૂથમાં અભ્યાસથી પ્રત્યક્ષ અનુભવ અને વ્યવહાર-કુશળતામાં વધારો થાય છે. જૂથમાં કામ કરતાં બાળકો વિવિધ કલા શીખવાનો આનંદ લે છે. બાળકોના સર્જનાત્મક સાહસોને પ્રોત્સાહન આપવાથી તેઓ સારો પ્રતિસાદ આપે છે.



પુસ્તકમાં પ્રવૃત્તિઓ અને પ્રશ્નોનો ઉદ્દેશ ફક્ત બાળકના જ્ઞાનને ચકાસવાનો નહિ, પરંતુ બાળકને પોતાની જાતને અભિવ્યક્ત કરવાની તક પૂરી પાડવાનો છે. બાળકને આ પ્રવૃત્તિઓ અને પ્રશ્નો પર કામ કરવા પૂરતો સમય આપવો જોઈએ. જ્યાં સુધી દરેક બાળકને પોતાની ગતિ ન મળે ત્યાં સુધી આગળ જાય નહિ. દરેક શિક્ષક પોતાના વિદ્યાર્થીઓનાં મૂલ્યાંકન માટે પોતાની અધ્યાપનની રીત અને સ્થાનિક સંદર્ભોના ઉપયોગથી પોતાની કલ્પનાશક્તિનો વિકાસ કરે. બાળકે વર્ગમાં અને વર્ગ બહાર કરેલી પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન થવું જોઈએ. મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી પ્રક્રિયા છે તથા બાળકની તેણે કરેલ અવલોકન, પૂછેલ પ્રશ્નો, દોરેલું, ચર્ચેલું, જૂથમાં લખેલું વગેરેની ચકાસણી કરવી



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

જોઈએ. વર્ગખંડમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અનુસરવા અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિઓ અને પ્રશ્નોનો પુસ્તકમાં સમાવેશ કરેલ છે.


જ્યારે પુસ્તકની રચના કરવામાં આવી ત્યારે બાળકો સમક્ષ આપણા સમાજની વિવિધતાઓ રજૂ કરવાનો પડકાર હતો. આ વિવિધતાઓ જેવી કે આપણી શારીરિક ક્ષમતાઓ, આર્થિક પૃષ્ઠભૂમિ, વર્તન વગેરે તેના માર્ગમાં પ્રતિબિંબિત થાય છે. આપણે ક્યાં રહીએ છીએ, કેવી શાળામાં જઈએ છીએ, કેવી રીતે વાત કરીએ છીએ, વિચારવાની રીત, ખાવાનું, પહેરવેશ, સામાન્ય સુવિધાઓ વગેરે યોગ્ય રીતે સંવેદનાપૂર્વક રજૂ કરી છે. દરેક બાળક દરેક સમાજની વિવિધતા ઓળખે તે ઇચ્છનીય છે. વર્ગમાંના વિશિષ્ટ બાળકો અને મુશ્કેલીભર્યા સંજોગો સમયે શિક્ષકે વિષયવસ્તુના મુદ્દાને સંવેદનશીલ બનીને સાવધાનીપૂર્વક હલ કરવા પડશે.

લેખકો ફક્ત બાળકોને જ નથી જોતાં પરંતુ શિક્ષકોને પણ જુએ છે, જે વ્યક્તિગત રીતે જ્ઞાનનું સર્જન કરે છે. પુસ્તક શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાતાં અધ્યયન-અધ્યાપનના ઘણાંબધાં સાધનોમાંથી એક છે. જેની આસપાસ શિક્ષક પોતાની અધ્યયન-પ્રક્રિયા ગોઠવી બાળકોને અધ્યયનની તક પૂરી પાડે છે.

NCF-2005 મુજબ પર્યાવરણ–અભ્યાસ ધોરણ ૧ અને ધોરણ ૨ ના અભ્યાસક્રમમાં સમાવેશ કરેલ નથી. તેમ છતાં જરૂરી ક્ષમતાઓ/કૌશલ્યો ભાષા અને ગાણિતિક રીતે સંકલિત કરી જોડવામાં આવ્યાં છે. આ દિશામાં NCERTએ શિક્ષકો માટેની માર્ગદર્શિકા, ‘‘પર્યાવરણ-અભ્યાસ ભાષા અને ગાણિતિક ક્ષમતાઓ દ્વારા આગળના વર્ગના’’ નામે બહાર પાડી છે, જેમાં ઘણીબધી પ્રવૃત્તિઓનો સમાવેશ કરેલ છે જે તમને પર્યાવરણીય ભાગોને ભાષાકીય અને ગાણિતિક રીતે તે ધોરણ સાથે જોડવામાં મદદ કરશે.




## પાઠ્યપુસ્તકમાં વાપરેલ સંજ્ઞાઓ (પ્રતીક) અને ચિહ્નો

| | | |
|---|---|---|
|  ચર્ચા |  કહો |  લખો |
|  વિચારો |  બનાવો |  શોધી કાઢો |
| |  શિક્ષક માટેની નોંધ | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com










**રાઠોડ હિનલ સંજયભાઈ**
ધોરણ-૪
નગર પ્રાથમિક મિશ્ર શાળા નં. ૧૨,
ગાડી ચાલ, નવસારી

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# Textbook Development Committee


**Chairperson, Advisory Committee for Textbooks at the Primary Level**

Anita Rampal, *Professor,* Department of Education (CIE), University of Delhi, Delhi

**Chief Advisor**

Savithri Singh, *Principal,* Acharya Narendra Dev College, University of Delhi, Delhi

**Co-chief Advisor**

Farah Farooqi, *Reader*, Faculty of Education, Jamia Millia Islamia, Delhi

**Members**

Latika Gupta, *Consultant,* SSA, DEE, NCERT, New Delhi

Mamata Pandya, *Programme Director,* Centre for Environment Education, Ahmedabad

Poonam Mongia, *Teacher,* Sarvodaya Kanya Vidyalaya, Vikas Puri, New Delhi

Reena Ahuja, *Programme Officer,* National Education Group-FIRE, Gautam Nagar, New Delhi


Sangeeta Arora, *Primary Teacher,* Kendriya Vidyalaya, Shalimar Bagh, New Delhi

Simantini Dhuru, *Director,* Avehi Abacus Project, Mumbai, Maharashtra

Swati Verma, *Teacher,* The Heritage School, Rohini, New Delhi


**Member-coordinator**

Manju Jain, *Professor,* Department of Elementary Education, NCERT, New Delhi

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com







# Acknowledgements

The NCERT thanks the authors, poets and organisations for permitting the use of their work in this book – Lisa Heydlauff (author) for *Going to School* (Lesson 1, extracted from a book – *Going to School in India*) and *Children's pen*, (*Lesson* 1, *Chakmak*, published by Eklavya); 'Going to School' an organisation supported by UNICEF for *Anita and Her Honeybees* (Lesson 5, extracted from a true story), 'The Concerned for Working Children', an organisation working in Karnataka for *Too much water, Too little water* (Lesson 18, extracted from a case study on Bhima Sangh-Children's Panchayat); Smt. Vimuben Badheka, Shri Dakshinamurti Balmandir for *A Busy Month* (Lesson 16, extracted from *Rutu na Rang* by Gijubhai Badheka); Sujatha Padmanabhan (author), Madhuvanti Anantharajan and Manisha Sheth Gutman (Illustrators), Namgyal Institute for People with Disability, Leh, Ladakh for *Chuskit Goes to School* (Lesson 27 : *adapted story*).

We are grateful to Shri S. Vinayak, AMO, SSA, Andhra Pradesh for collecting children's essay on Pochampalli Sarees and Ms K. Kalyani, Lady Sri Ram College, Delhi University for translating the same (Lesson 23). We express our thanks to the Centre for Environment Education, Ahmedabad and Avehi Abacus, Mumbai for use of their publications that formed the base for some of the lessons. The contribution of the following Organisations, Institutions for deputing experts is also highly appreciated – Director, Centre for Environment Education, Ahmedabad; Director, Avehi Abacus, Mumbai; Principal, Kendriya Vidyalaya, Shalimar Bagh, Delhi; Principal, Sarvodaya Kanya Vidyalaya, Vikas Puri, New Delhi; Principal, The Heritage School, Rohini, Delhi. We are thankful to the Director General, Armed Force Medical Services, Ministry of Defence (M-Block), New Delhi for extending his help to conduct an interview of Surgeon Lieutenant Commander, Wahida Prism (Lesson 26); State Project Directors, SSA, Uttar Pradesh and Andhra Pradesh for providing text material on Itr (Lesson 11) and Pochampalli (Lesson 23) respectively; the teachers of K. V. Assam, Ms Bulbul (Dhuliajan) and Ms V.D. Sharma (Namroop) for providing material on Bihu (Lessson 20) and the photograph on page 170. We thank Mamta Pandya, CEE, Ahmedabad and Neeta Beri, New Delhi for preparing the English version of the book.


We are specially grateful to K.K. Vashishtha, *Professor and Head*, Department of Elementary Education, NCERT who has extended every possible help in developing this book. We also express our gratitude to Shveta Uppal, Chief Editor, NCERT for going through the book and giving useful suggestions. We also acknowledge the contribution of Sushma Jairath, *Reader,* Department of Women Studies and Kiran Devendra, *Professor,* DEE, NCERT for editing manuscript from the gender perspective. We are grateful to Shakambar Dutt, *Incharge Computer Station,* DEE*;* Vijay Kumar, *DTP Operator;* Shreshtha Vats and Deepti Sharma, *Copy Editors*; Shashi Devi, *Proof Reader* in shaping the book. The efforts of the Publication Department, NCERT in bringing out this publication are also appreciated.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | Foreword | iii |
| | શિક્ષકો અને વાલીઓ માટે નોંધ | v |
| ૧. | રોજ નિશાળે જઈએ ... | ૧ |
| ૨. | કાનથી કાન | ૮ |
| ૩. | નંદુ સાથે એક દિવસ | ૧૭ |
| ૪. | અમૃતાની વાર્તા | ૨૫ |
| ૫. | અનીતા અને મધમાખીઓ | ૩૨ |
| ૬. | રિયાની મુસાફરી | ૪૧ |
| ૭. | રિયાની ટ્રેન મોડી પડી | ૪૯ |
| ૮. | રિયા પહોંચી મામાને ઘેર | ૫૮ |
| ૯. | બદલાતાં કુટુંબો | ૬૪ |
| ૧૦. | કબડ્ડી... કબડ્ડી... કબડ્ડી... | ૭૩ |
| ૧૧. | વાડીમાં | ૭૮ |
| ૧૨. | બદલાતો સમય | ૯૨ |
| ૧૩. | નદીની સફર | ૧૦૧ |
| ૧૪. | રાજુનું ખેતર | ૧૦૮ |
| ૧૫. | બજારથી ઘર સુધી | ૧૧૪ |
| ૧૬. | કામનો મહિનો | ૧૨૦ |
| ૧૭. | તેજલ અમદાવાદમાં | ૧૨૯ |

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




| | | |
|---|---|---|
| ૧૮. | ગામ–ગામનાં પાણી | ૧૩૮ |
| ૧૯. | સાથે જમીએ | ૧૪૮ |
| ૨૦. | ખોરાક અને મજા | ૧૫૪ |
| ૨૧. | જગત મારા ઘરમાં | ૧૫૯ |
| ૨૨. | પટોળાં | ૧૬૬ |
| ૨૩. | દેશ–પરદેશ | ૧૭૧ |
| ૨૪. | મસાલેદાર કોયડા | ૧૭૯ |
| ૨૫. | મારો જિલ્લો | ૧૮૪ |








Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૧
# રોજ નિશાળે જઈએ...



તમે રોજ શાળામાં આવો છો. બધાં જુદી જુદી રીતે શાળાએ આવે છે. કોઈ ચાલીને, કોઈ રિક્ષામાં, કોઈ સાઈકલ પર તો કોઈ સ્કૂટર પર. આમ, જુદી જુદી રીતે શાળામાં આવવાનું થાય છે. પરંતુ આવું બધે હોતું નથી. ઘણી જગ્યાએ શાળામાં જવું ઘણું પડકારરૂપ હોય છે.

ચાલો, આપણે થોડાં બાળકોને મળીએ અને જોઈએ તેઓ કેવી રીતે શાળામાં પહોંચે છે.



અમે અમદાવાદ શહેરમાં રહીએ છીએ. ઘરથી શાળા ઘણી દૂર છે એટલે સરળતાથી શાળામાં જઈ શકતાં નથી. શાળામાં જવા-આવવા રિક્ષાનો ઉપયોગ કરીએ છીએ.

- તમે શાળામાં કેવી રીતે જાવ છો ?

---

## સિમેન્ટનો પુલ (બ્રિજ)

અમે નદીની પેલે પાર રહીએ છીએ. નદી ઉપર પુલ બનાવવામાં આવ્યો છે. તે પુલ પરથી અમે શાળામાં જઈએ છીએ. આ પુલ સિમેન્ટ, ઈંટો અને લોખંડના સળિયાથી બનેલો છે. પુલને પગથિયાં પણ હોય છે.



તમારા ગામ કે શહેર નજીક પુલ છે ? પુલ વિશે વધારે જાણકારી મેળવો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- પુલ ક્યાં છે ? નદી ઉપર, રોડ ઉપર, બે ડુંગર વચ્ચે કે બીજે ક્યાંય ?

- પુલનો ઉપયોગ કોણ કરે છે ? લોકો, પ્રાણીઓ કે વાહનો ?

- આ પુલ બનાવવા કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ થયો છે ? તેની યાદી બનાવો.


- તમારી નોટબુકમાં પુલનું ચિત્ર બનાવો. પુલ પરથી પસાર થતાં આગગાડી, વાહનો, પ્રાણીઓ અને લોકો દોરવાનું ભૂલતા નહિ.

- જો પુલ ન હોત તો કેવી મુશ્કેલી પડે તે કહો.

ચાલો, બીજા રસ્તાઓ શોધી કાઢીએ જેના દ્વારા બાળકો શાળાએ જાય છે.

### બેટ દ્વારકા

ગુજરાતના કેટલાક વિસ્તારો પાણીમાં હોવાથી હોડીનો ઉપયોગ થાય છે. અમે આવા વિસ્તારમાં રહીએ છીએ. શાળાએ જવા હોડીનો ઉપયોગ કરીએ છીએ. બેટ દ્વારકા પણ આવો જ એક વિસ્તાર છે.



- શું તમે હોડીમાં બેઠા છો ? કેવો અનુભવ થયો હતો ?

- શું તમે બીજી કોઈ રીત વિચારી શકો છો, જેના દ્વારા આપણે પાણી પર મુસાફરી કરી શકીએ ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## ઊંટગાડી



અમે રણમાં રહીએ છીએ. બધી બાજુ રેતી જ રેતી. રેતી દિવસે ખૂબ ગરમ થાય. અમે શાળાએ જવા ઊંટગાડીમાં સવારી કરીએ છીએ.

## બળદગાડું

અમે ગામડામાં રહીએ છીએ. અમારા બળદગાડામાં બેસીને, લીલાંછમ ખેતરો વચ્ચેથી ધીમે ધીમે શાળાએ જઈએ છીએ. જો ખૂબ તડકો અથવા વરસાદ હોય તો છત્રીનો ઉપયોગ કરીએ છીએ.



- તમે જ્યાં રહો છો ત્યાં ઊંટગાડી કે બળદગાડું છે ? તેનું ચિત્ર તમારી નોટબુકમાં દોરો.



## સાઈકલ સવારી

અમારી શાળા દૂર છે. પહેલાં છોકરીઓ શાળાએ જતી ન હતી. પરંતુ હવે બધી છોકરીઓ શાળાએ સાઈકલ લઈ સરળતાથી જાય છે.

**શિક્ષક માટે :** જ્યારે પ્રાણીઓ પાસે ગાડું ખેંચાવીએ, ત્યારે તેઓ કેવું અનુભવતા હશે ? પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલતા જગાડવા આ મુદ્દાની ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમે સાઈકલ ચલાવી શકો છો ? જો હા, તો તમને કોણે શીખવી ?

- તમારી શાળામાં કેટલાં બાળકો સાઈકલ લઈને આવે છે ? ______

## મારી શાળા - મારી ગાડી

અમે શાળાથી દૂર રહીએ છીએ. અમારા માટે શાળાએ વાહનની સગવડ કરી છે. જેમાં અમે નિયમિત શાળાએ જઈએ છીએ.




- તમારી શાળા તમારા ઘરથી દૂર છે કે નજીક ? ______
- તમારી શાળામાં આવી સુવિધા છે ? જો હા, તો કયા વાહનમાં તમે આવો છો ?

### ચાલો, આપણે ગીત ગાઈએ.

લીલી પીળી બસ ચાલી જાય, ચાલી જાય, ચાલી જાય...
એક ટકોરે અટકે એ તો બે એ ઉપડી જાય, ઉપડી જાય, ઉપડી જાય...

કાળા ડામરના રસ્તા, આવે છે સામા ધસતા,
નદીઓ નીચેથી સરકી જાય, સરકી જાય, સરકી જાય...
લીલી પીળી બસ...

રસ્તામાં આવે ફાટક, ગાડી ચાલે ખટાખટ,
મોટરનું ભોપુ પીપ-પીપ થાય, પીપ-પીપ થાય, પીપ-પીપ થાય...
લીલી પીળી બસ...

બારી પાસે હું બેસું, જોતો હું ગાયો ભેંસુ,
ઊંટની વણજાર ચાલી જાય, ચાલી જાય, ચાલી જાય...
લીલી પીળી બસ...



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



તમે કોઈ એવી જગ્યા વિચારી શકો છો, જ્યાં આમાંનાં કોઈ પણ વાહનો ન પહોંચી શકે ? શું આવી જગ્યાઓ છે ?



### બાળકો જંગલ પાર કરે છે.


અમે ગીરના જંગલમાં રહીએ છીએ. અમારે શાળામાં જવા ગાઢ જંગલમાંથી પસાર થવું પડે છે. જંગલમાં એટલી શાંતિ હોય છે કે આજુબાજુથી આવતાં વિવિધ પશુ-પક્ષીઓના અવાજ સાંભળી શકાય છે. અમે જંગલમાંથી પસાર થઈ શાળામાં જઈએ છીએ.

- તમે કયાં કયાં પશુ-પક્ષીઓને અવાજથી ઓળખી શકો છો ?

- જંગલમાંથી પસાર થતાં શું કાળજી રાખશો ?

### પથરાળ રસ્તો

અમે ડુંગરની ટેકરીઓ પર રહીએ છીએ. રસ્તાઓ પથરાળ અને આડા-અવળાં છે. બીજા માટે આ રસ્તાઓ મુશ્કેલ ભર્યા લાગે. પરંતુ અમે સરળતાથી ઉપર-નીચે જઈ શકીએ છીએ. શાળાએ જવા માટે આવા રસ્તાનો ઉપયોગ કરીએ છીએ.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





મારું નામ નિધિ છે. હું ચોથા ધોરણમાં ભણું છું. હું બીજા બાળકોની જેમ સરળતાથી બધાં કામ કરી શકતી નથી. મારા પગ જન્મથી જ કામ કરતાં નથી. પહેલાં શાળામાં જવાની ખૂબ તકલીફ પડતી હતી. મમ્મી મને ઊંચકીને શાળાએ મૂકવા આવતાં હતાં. પરંતુ હવે હું જાતે જ શાળામાં આવું છું. મને પૈડાંવાળી ખુરશી (વ્હીલચેર) આપવામાં આવી છે, જેના દ્વારા હું નિયમિત શાળાએ જાઉં છું.

- જે લોકોને શારીરિક ખામી છે તેમને કેવી તકલીફ પડતી હશે ?

| ખામી | પડતી મુશ્કેલી |
|---|---|
| અપંગ | |
| અંધ | |
| મૂક-બધિર | |

- પ્રવૃત્તિ કરો :
  - આંખે પાટા બાંધી મેદાનમાં ફરો. શું અનુભવ થયો તે કહો.
  - આવી બીજી પ્રવૃત્તિ શિક્ષક પાસેથી જાણો અને અનુભવ કરો.

ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં એવા પણ રસ્તાઓ છે જે આપણે ત્યાં નથી. ચાલો જોઈએ, ત્યાં બાળકો કેવી રીતે શાળાએ જાય છે.



### ઉડન ખટોલા (રોપ-વે)

તમે પાવાગઢ અથવા અંબાજી ગયા છો ? ત્યાં તળેટીમાંથી ટોચ પર આવેલા મંદિર સુધી જવા માટે 'ઉડન ખટોલા' છે. ઉડન ખટોલા એટલે જેમાં મજબૂત તારનું દોરડું હોય અને તેમાં લટકાવેલી ટ્રોલીમાં બેસીને ઉપર કે નીચે જવાય છે. આ અંગેની વધુ માહિતી તમારા શિક્ષક પાસેથી મેળવો.

કેટલાંક રાજ્યોમાં નદી અથવા ખીણની સામેની બાજુ જવા આ પ્રકારના માર્ગનો ઉપયોગ થાય છે. શાળાએ જતાં બાળકો પણ તેનો ઉપયોગ કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



આ સિવાય કેટલાંક રાજ્યોમાં વરસાદ ખૂબ પડવાથી રસ્તાઓ પાણીથી ભરાઈ જાય છે. તેથી આ બાજુથી પેલી બાજુ જવા માટે વાંસમાંથી પુલ બનાવાય છે. તો કેટલીક જગ્યાએ લાકડાના પાટિયાં કે દોરડાનો પુલ બનાવી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

રસ્તામાં ગાઢ જંગલ, ખેતરો, નદીઓ, ડુંગરો કે રણ હોય કોઈ ફરક પડતો નથી. ગમે તેવા સંકટોને પાર કરીને અમે તો શાળાએ નિયમિત પહોંચીશું જ.

- શું તમે તમારી શાળાના રસ્તે કોઈ મુશ્કેલી અનુભવી છે ?

## ચાલો, જુદી જુદી પરિસ્થિતિમાં ચાલતાં શીખીએ :

**તમારા મિત્રો સાથે ખુલ્લા મેદાનમાં જાવ અને નીચેની પરિસ્થિતિમાં ચાલવાનો અભિનય કરો.**

- મેદાન સીધું, નરમ અને સુંવાળું છે.
- મેદાન કાંટાઓથી છવાયેલું છે.
- રસ્તો પથરાળ અને આડો અવળો છે.
- રેતીનું રણ છે અને રેતી ગરમ છે.
- શું દરેક વખતે ચાલવામાં કોઈ તફાવત પડે છે ? ચર્ચા કરો.
- ◆ આ એકમમાં બાળકો કેવાં વાહનો અને રસ્તાઓનો ઉપયોગ કરી શાળાએ જાય છે ? તે લખો.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**મારા કાન કોને મળ્યા છે ?**



શું આ પ્રાણીઓ રમૂજી લાગે છે ? કલાકારે પ્રાણીઓના માથા ઉપર કાન ખોટા દોર્યા છે. નીચે આપેલી જગ્યામાં પ્રાણીઓના સાચા કાન કયા પ્રાણી પર છે તે જણાવો.

| પ્રાણી | કાન | પ્રાણી | કાન |
|---|---|---|---|
| હાથી | જિરાફ | કૂતરો | ____________ |
| સસલું | ____________ | ભેંસ | ____________ |
| ઉંદર | ____________ | હરણ | ____________ |
| જિરાફ | ____________ | | |

**શિક્ષક માટે :** પાઠ્યપુસ્તકમાં 'પ્રાણી' શબ્દ જીવજંતુ, પક્ષીઓ, સરિસૃપ (પેટે સરકીને ચાલતા પ્રાણી) અને સસ્તન પ્રાણીઓ માટે વપરાયો છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




- જુદાં-જુદાં પ્રાણીઓને જુદા-જુદા પ્રકારના કાન હોય છે. નીચે આપેલાં પ્રાણીઓમાંથી કયાં પ્રાણીના કાન તમે જોઈ શકો છો ? કયાં પ્રાણીના કાન તમે જોઈ શકતા નથી ? નીચે આપેલા કોષ્ટકમાં લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| હરણ | દેડકો | માછલી | કીડી | કાગડો | ભૂંડ | જિરાફ | બિલાડી |
| વાઘ | ચકલી | ભેંસ | સાપ | ગરોળી | બતક | હાથી | વાંદરો |

| પ્રાણીઓ, જેના કાન આપણે જોઈ શકીએ. | પ્રાણીઓ, જેના કાન આપણે જોઈ શકતા નથી. |
|---|---|
| | |

શું તમે વિચારો છો કે જેના કાન આપણે જોઈ શકતા નથી તેમને ખરેખર કાન નથી હોતા ?

ચાલો, આપણે આ ચિત્રનું અવલોકન કરીએ.





ચિત્રમાં આપેલાં પક્ષીઓનાં નામ કહો.

તમે તેમના કાન જોઈ શકો છો ?

તે બધાંને કાન છે, ભલે આપણે જોઈ શકતા નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






- બીજાં એવાં પ્રાણીઓ શોધો જેના કાન આપણે જોઈ શકતા નથી, તેમનાં નામ લખો.

______________________________

## વાંચો અને લખો :

- જેના કાન પંખા જેવા હોય, તે પ્રાણી ______________
- જેના કાન પર્ણો જેવા હોય, તે પ્રાણી ______________
- જેના કાન તેમના માથાની ટોચ ઉપર હોય, તે પ્રાણી ______________
- જેના કાન તેમના માથાની બંને બાજુએ હોય, તે પ્રાણી ______________

તમે સારી રીતે જાણો છો કે કાન સાંભળવામાં મદદ કરે છે. કેટલાંક પ્રાણીઓમાં તમે કાન જોઈ શકો છો, તો કેટલાકમાં જોઈ શકતા નથી. આપણે પક્ષીઓના કાન જોઈ શકતા નથી. પક્ષીઓને માથાની બંને બાજુ નાનાં કાણાં હોય છે. સામાન્ય રીતે કાણાં પીંછાથી ઢંકાયેલાં હોય છે. તે પક્ષીઓને સાંભળવામાં મદદ કરે છે.



જો તમે ધ્યાનપૂર્વક જુઓ તો ગરોળીના માથા પર નાનાં કાણાં જોઈ શકશો તે તેના કાન છે.

મગરને પણ આ રીતે કાન હોય છે, પરંતુ આપણે તે સરળતાથી જોઈ શકતા નથી.

## કોની ચામડી

તમે જાણો છો કે પ્રાણીને તેના કાનથી કેવી રીતે ઓળખાય. હવે આપણે પ્રાણીઓને તેમની ચામડીથી, ઓળખીએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



અહીં આપેલાં પ્રાણીઓને તેમની ચામડીનાં ચિત્રો સાથે જોડો. દરેક પ્રાણીના ચિત્ર ઉપર સાચી ચામડીની ભાત બનાવો.





જુદાં-જુદાં પ્રકારની ભાત પ્રાણીઓના શરીરની ચામડી પર રહેલા વાળના કારણે છે.

તમે ક્યારેય કોઈ પ્રાણીને વાળ વગર જોયું છે ? અનુમાન કરો કે પ્રાણીની ચામડી પર વાળ ન હોય તો કેવાં લાગે ! કોઈ ભાત કે રંગ નહિ હોય !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





**નીચે આપેલા પ્રાણીઓનાં નામની સામે તેમના દેખાવના આધારે સામે ખાનામાં (√) કરો :**

| પ્રાણી | કાન દેખાતા હોય | કાન દેખાતા ન હોય | ચામડી પર વાળ હોય | ચામડી પર પીંછાં હોય |
|---|---|---|---|---|
| બકરી | | | | |
| હાથી | | | | |
| ચકલી | | | | |
| કબૂતર | | | | |
| ઉંદર | | | | |
| બિલાડી | | | | |
| ભેંસ | | | | |
| બતક | | | | |
| દેડકો | | | | |
| કાગડો | | | | |
| મોર | | | | |
| ભૂંડ | | | | |
| મરઘી | | | | |
| ઊંટ | | | | |
| ગરોળી | | | | |
| ગાય | | | | |

તમે ગાય અને ભેંસ માટે કયા ખાનામાં (√) કર્યું ? દૂરથી તમે તેમની ચામડી ઉપર વાળ જોઈ શકો છો ? તેમાંના કોઈ એકની નજીક જવાનો પ્રયત્ન કરો. શું તમે વાળ જોઈ શકો છો ?

જો તમને હાથી મળે તો, તેને અડકવાનું સાહસ તમારામાં છે ? શું તમે જાણો છો કે હાથીને પણ તેની ચામડી પર વાળ હોય છે ?



**શિક્ષક માટે :** પાઠમાં દર્શાવેલાં પ્રાણીઓ વિશેની વધારે માહિતી જેમ કે ખાવાની ટેવ, રહેઠાણ વગેરેની ચર્ચા કરો. પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલતાનો વિકાસ કરો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





શું તમે કહી શકો કે કોષ્ટકમાં બતાવેલાં કયાં પ્રાણીઓ ઈંડાં આપે છે ? તેમને શોધીને તેમનાં નામ લીલા કોષ્ટકમાં લખો.



કોષ્ટકમાં દર્શાવેલાં કયાં પ્રાણી બચ્ચાંને જન્મ આપે છે ? તેમનાં નામ લાલ કોષ્ટકમાં લખો.

આગળના પૃષ્ઠના કોષ્ટકને ફરીથી જુઓ. લીલા રંગના કોષ્ટકનાં પ્રાણીઓનાં નામની નીચે રેખા દોરો. જે પ્રાણીઓનાં નામ લાલ રંગના કોષ્ટકમાં છે તેનાં નામ ફરતે ગોળ કરો.

તેથી, તમે શું નોંધ કરી ? જે પ્રાણીઓના કાન જોઈ શકાય, તેમના શરીર પર વાળ છે. આ પ્રાણીઓ બચ્ચાંને જન્મ આપે છે. જે પ્રાણીઓને બહારની બાજુ કાન ના હોય, તેમના શરીર પર વાળ ન હોય તે પ્રાણીઓ ઈંડાં મૂકે છે.



## કાનને બદલે મીંડું, તે મૂકે ઈંડું

- તમે તમારા ઘર અથવા શાળાની આસપાસ નાનાં બચ્ચાંવાળા પ્રાણીઓ જોયાં છે ? તેનાં નામ લખો.

- તમે ક્યારેય કોઈ પ્રાણી પાળ્યું છે ? તમે કયા કયા પાલતુ પ્રાણી વિશે જાણો છો ?





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





## તમે જોયેલાં કે પાળેલાં પ્રાણી વિશે માહિતી મેળવો :

- તે કયું પ્રાણી છે ?
- તેને કોઈ નામ આપવામાં આવ્યું છે ? તે પશુ છે કે પક્ષી ?
- તેને એ નામ કોણે આપ્યું ?
- તેને શું ખાવું ગમે છે ?
- દિવસમાં તેને કેટલીવાર ખાવાનું આપવામાં આવે છે ?
- તે ક્યારે સૂવે છે ? તે કેટલા સમય માટે સૂવે છે ?
- આ પ્રાણીની સંભાળ રાખવાની કોઈ ખાસ રીત છે ? કેવી રીતે ?
- તે ગુસ્સે થાય છે ? ક્યારે ? તમે કેવી રીતે જાણો છો કે તે ગુસ્સામાં છે ?
- શું તેમની ચામડી પર વાળ કે પીંછાં છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




- તમે તેના કાન જોઈ શકો છો ?

- શું તે બચ્ચું છે કે થોડુંક મોટું કે પછી એકદમ વૃદ્ધ છે ?

- આ પાલતુ પ્રાણી ઈંડાં આપે છે કે બચ્ચાંને જન્મ આપે છે ?

- તેને બચ્ચાં છે ? કેટલાં ?

- તે પ્રાણીનું ચિત્ર દોરો અને રંગ પૂરો. તેને તમારી પસંદગીનું નામ આપો.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






- આ પક્ષીને જુઓ. તેનું નામ લખો. શું તમે જાણો છો આ આપણું રાષ્ટ્રીય પક્ષી છે ?
- તે ક્યાં રહે છે ?

આ પક્ષી હવે ઘણા વિસ્તારોમાં ઘરઆંગણે જોવા મળતું નથી. આવું શા માટે થયું ? ચર્ચા કરો.





## તમારું પોતાનું પક્ષી બનાવો :




**શિક્ષક માટે :** વર્ગખંડમાં આપણા રાષ્ટ્રીય પ્રાણી 'વાઘ' વિશે ચર્ચા કરો. દરેક પ્રાણીને ખોરાક, પાણી અને રહેઠાણની જરૂર પડે છે. તેના માટે તે સતત પ્રયત્ન કરતું હોય છે. તેના રક્ષણ માટે આપણે શું કરી શકીએ છીએ ? તેનાં પર ચર્ચા કરો. કાગળમાંથી પક્ષી બનાવડાવો. બંને બાજુ રંગીન હોય તેવા કાગળનો ઉપયોગ કરો.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## પ્રકરણ ૩
# નંદુ સાથે એક દિવસ

નંદુ હાથીનું બચ્ચું છે. તે સૂતું હતું. અચાનક તે જાગ્યું. ખબર જ ન પડી તે ક્યાં છે ? તેને લાગ્યું એ મોટાં મોટાં જાડાં જાડાં વૃક્ષોના થડથી ઘેરાયું છે. એ તો મૂંઝાયું. અરે ! મા ત્યાં હતી. એને જે થડ લાગતાં હતાં, એ હાથીઓના પગ અને સૂંઢ હતા.



નંદુના નાની હાથીના ટોળામાં સૌથી ઘરડાં હતાં. બપોર થઈ એમણે ચિંઘાડ નાખી અને જંગલમાં જવાનું ચાલુ કર્યું. બીજી હાથણીઓ એમની પાછળ ચાલી. નંદુ પણ સાથે ચાલ્યો.

**શિક્ષક માટે :** માતાની માતાને 'નાની' કહેવાય છે. બાળકોને પૂછો તેઓ તેમની માતાની માતાને શું કહે છે ?

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





ટોળું જંગલમાં ગયું. બધી હાથણીઓ જુદી જુદી જગ્યાએ ગઈ. જુદાં-જુદાં ઝાડનાં પાન અને ડાળીઓ ખાવા લાગી. પછી બધાં નદીએ ગયાં. બચ્ચાંને તો પાણીમાં મજા આવી ગઈ. નંદુની મા પાણી અને કાદવમાં પડી રહી.



શું તમે જાણો છો એક પુખ્ત હાથી એક દિવસમાં ૧૦૦ કિગ્રા કરતાં પણ વધુ પર્ણો, ડાળીઓ, વગેરે ખાઈ શકે છે ? હાથીઓ બહુ આરામ કરતા નથી. તેઓ દિવસમાં ફક્ત બે થી ચાર કલાક જ સૂએ છે. હાથીઓને કાદવ અને પાણીમાં રમવું ખૂબ ગમે છે. કાદવ તેમની ચામડીને ઠંડક આપે છે. તેમના મોટા કાન પંખા જેવું કામ કરે છે. હાથીઓ શરીરને ઠંડુ રાખવા કાન હલાવે છે.



## શોધી કાઢો :

- નંદુ ફક્ત ત્રણ મહિનાનો જ છે, પરંતુ તેનું વજન ૨૦૦ કિગ્રા છે. તમારું વજન કેટલું છે ?

- તમે શોધો કે તમારા જેવાં કેટલાં બાળકોનું વજન ભેગું કરીએ, તો નંદુના વજન જેટલું થશે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





## રમત અને મજા

નંદુએ તેના ભાઈઓ અને બહેનોને એકબીજાની પૂંછડીઓ ખેંચતાં જોયાં. તેણે વિચાર્યું, ‘‘સારું રહેશે કે હું તેમની નજીક ના જાઉં. જો તેઓ મારી પર પડે તો શું થાય ? હું હજુ નાનો છું.’’ તે શાંતિથી તેની માતા પાસે ગયો અને ઊભો રહ્યો.

માએ નંદુને ધીમેથી પાણી તરફ ધકેલ્યો, જાણે કે તે કહેતી હોય કે પાણીમાં રમવા જા. નંદુને પાણીમાં રમવું ખૂબ જ ગમે છે. તેના પિતરાઈ ભાઈઓ પહેલેથી ત્યાં જ હતા. હજુ એ ત્યાં પહોંચ્યો, એક સખત પાણીનો ફુવારો તેના માથે પડ્યો. તે ભીનો થઈ ગયો. અરે ! તે તેના ધમાલિયા પિતરાઈઓનું કામ હતું. નંદુ પણ તેમની સાથે રમતમાં જોડાયો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





સૂર્યાસ્ત પછી, ટોળું રહેઠાણ તરફ જવા લાગ્યું. ત્યાં પહોંચતા સુધીમાં નંદુ ખૂબ જ થાકી ગયો હતો. તે તેની માતાના આગળના પગ વચ્ચે ગોઠવાઈ ગયો અને તે તેનું દૂધ પીતાં પીતાં સૂઈ ગયો.

તમે નંદુ અને હાથીના ટોળા વિશે વાંચ્યું. સામાન્ય રીતે હાથીના ટોળામાં દસ-બાર હાથણીઓ અને બચ્ચાં હોય છે. સૌથી ઘરડી હાથણી ટોળાની પ્રમુખ હોય છે. હાથી જ્યાં સુધી ચૌદ - પંદર વર્ષના ન થાય ત્યાં સુધી ટોળામાં રહે છે, પછી તે ટોળું છોડી દે છે અને એકલા ફરે છે. નંદુ પણ એટલો મોટો થશે એટલે ટોળું છોડી દેશે.

હાથીઓની જેમ, બીજાં ઘણાં પ્રાણીઓ પણ જૂથમાં સાથે રહે છે. આ પ્રાણીઓનાં સમૂહને ટોળું કહે છે. ટોળામાં રહેતાં પ્રાણીઓ ખોરાકની શોધમાં સાથે જ ફરે છે.

- જો તમે નંદુ હો અને તમે ટોળામાં રહેતા હો, તો તમે શું કરશો ?

______________________________

______________________________

______________________________

- હાથીના ટોળામાં સૌથી ઘરડી હાથણી બધું નક્કી કરે છે. તમારા કુટુંબમાં નિર્ણયો કોણ લે છે ?

______________________________

______________________________

______________________________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- નંદુ તેને ગમતું જ કરે છે. જો તમે આખો દિવસ તમારા મિત્રો સાથે વિતાવો તો તમે શું કરશો ?

- બીજાં કયા પ્રાણીઓ ટોળામાં રહે છે ? શોધી કાઢો અને લખો.

- શું તમે પણ જૂથમાં રહો છો ? શું તમને બધાની સાથે જૂથમાં રહેવું પસંદ છે ? તમને કેમ જૂથમાં રહેવું પસંદ અથવા નાપસંદ છે ? તેનાં કારણો નીચે લખો.

| **મને કેમ પસંદ છે** | **મને કેમ નાપસંદ છે** |
|---|---|
| | |





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





- તમે બીજાં કયા પ્રાણીની સવારી કરી છે ? તેમનાં નામ લખો.

- જો તમને હાથી પર બેસાડવામાં આવે, તો તમને કેવું લાગે ?

- તમે તમારી આસપાસ ઘણાં બધાં પ્રાણીઓ જોયાં જ હશે. પુસ્તકોમાં, ટેલિવિઝનમાં એકલાં કે જૂથમાં જોયાં હશે. તેમાંનાં કોઈ પણ પ્રાણી વિશે વધુ જાણી લાવો અને તેના વિશે લખો.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## વિચારો અને લખો :



બગલો ભેંસ ઉપર શા માટે બેઠો છે ?

- તમે કોઈ પ્રાણીને બીજા પ્રાણી પર સવારી કરતું જોયું છે ? તેનું નામ લખો.
  - પ્રાણી - જે સવારી કરે છે.
  - પ્રાણી - જે સવારી કરાવે છે.
- કયા પ્રાણીઓનો આપણે સવારી માટે ઉપયોગ કરીએ છીએ ?
- ભાર ખેંચવા અને વજન ઊંચકવા કયા પ્રાણીઓનો ઉપયોગ થાય છે ?

## તમારો પોતાનો હાથી બનાવો :

- પાછળના પૃષ્ઠ પર આપેલા હાથીના ચિત્રની નકલ મોટી સાઈઝના જાડાં કાગળ પર કરો.
  - ચિત્રમાં જ્યાં "કાપવાનું" (✂) કહ્યું છે, ત્યાં કાપા બનાવો. આખો ભાગ ન કપાઈ જાય તેની સાવધાની રાખો.
  - બિંદુઓવાળી રેખાઓથી તેને વાળો.
  - [ / / / / / ] ભાતવાળો ભાગ વાળો અને તેને અંદર નીચેની તરફ ધકેલો.
  - પૂંછડી કાપો અને તેના ઉપર લગાવો.





Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com






તમારો હાથી તૈયાર છે.

- તેને રંગ કરો અને શણગારો.
- બનાવેલા કાગળના હાથીઓનું વર્ગમાં પ્રદર્શન ગોઠવો.






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૪
# અમૃતાની વાર્તા

ઘણાં વર્ષ પહેલાંની વાત છે. રાજસ્થાનમાં જોધપુર આવેલું છે. એની નજીક ખેજડી નામનું ગામ છે. ગામનું નામ ખેજડી કેમ પડ્યું ? ગામમાં ખેજડીનાં ઝાડ (વૃક્ષ) ઘણાં ઊગતાં એટલે ગામનું નામ જ ખેજડી પડી ગયું. ગામનાં લોકો ઝાડવાં અને પ્રાણીઓને પ્રેમ કરતાં. તેઓ કહેતાં, ''વૃક્ષો છે, તો જ આપણે છીએ.''

## અમૃતાના મિત્રો


અમૃતા સવારે વહેલી વહેલી ઊઠી જાય. પોતાના વૃક્ષ પાસે જઈ તેને વહાલ કરે. રોજ નવા વૃક્ષ પાસે જાય. એને ભેટે અને કહે, ''અરે, તું મજબૂત છે, ખૂબ જ સુંદર છે. અમને સંભાળે છે, હું તને ખૂબ પ્રેમ કરું છું. મને ય તારા જેવી બનાવ.''

**શિક્ષક માટે :** બાળકોને શાળામાં રહેલા ભારતના નકશામાં રાજસ્થાન શોધવા પ્રોત્સાહિત કરો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





અમૃતાની જેમ, બીજાં બાળકોનાં પણ તેમનાં ખાસ વૃક્ષો હતાં. તેઓ વૃક્ષોના છાંયડાંમાં કલાકો સુધી રમતાં.

- તમારા ઘર પાસે, શાળા પાસે અથવા આસપાસ રસ્તાઓની બાજુમાં વૃક્ષો વાવેલાં છે ?

- આપણે ઝાડ કેમ વાવીએ છીએ ?

______________________________

- તમે કોઈને છોડવાઓને પાણી પિવડાવતા જોયા છે ? કોણ પાણી પિવડાવે છે ?

______________________________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમે વૃક્ષો પર કોઈ ફળ જોયાં છે ? આ ફળો કોણ ખાય છે ?

- લલિતાને લાગે છે કે એની શાળાની દીવાલ પર ઘાસ અને નાના છોડ ઊગે છે જે કોઈએ વાવ્યા નથી. શું તમે એવી કોઈ જગ્યા જાણો છો કે જ્યાં ઘાસ, નાનાં છોડ અને વૃક્ષો કોઈના વાવ્યા વગર પોતાની જાતે ઊગતાં હોય ?

- આ ઝાડ કેમ ઊગ્યાં હશે ? તમે શું માનો છો ?

## જોખમમાં વૃક્ષો

સમય જતાં અમૃતા મોટી થઈ. એક દિવસ તે તેના વૃક્ષને મળવા ગઈ. ત્યાં થોડા અજાણ્યા માણસો જોયા. તેમની પાસે કુહાડીઓ હતી. તેઓએ કહ્યું, રાજાએ તેમને લાકડાં માટે વૃક્ષો કાપવા મોકલ્યા છે. રાજાનો મહેલ બનાવવા લાકડું જોઈતું હતું.





Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com





અમૃતા આઘાતમાં હતી. પેલો માણસ વૃક્ષ કાપવાનો હતો તે વૃક્ષ પાસે ગઈ. તેણે વૃક્ષના થડની આજુબાજુ હાથ મૂકી વૃક્ષને જોરથી બાથમાં લીધું. માણસે તેને ડરાવવા બૂમ પાડી, પરંતુ અમૃતા વૃક્ષને છોડવા માગતી ન હતી. રાજાના માણસોએ તેનો હુકમ માનવો પડે. તેઓએ વૃક્ષોને કાપવાનાં હતાં. આ જોઈ અમૃતાની છોકરીઓ અને ગામના સો જેટલાં ઘરડાં અને યુવાન માણસોએ વૃક્ષોને રક્ષણ કરવા બાથ ભરી. અમૃતા અને તેની છોકરીઓ સાથે વૃક્ષોને બચાવવા ઘણાં લોકો મરી ગયા.

જ્યારે રાજાએ આ સાંભળ્યું, તેને વિશ્વાસ ન થયો કે વૃક્ષોને બચાવવા લોકોએ પોતાના જીવની પણ પરવા ન કરી. તેણે પોતે ગામની મુલાકાત લીધી. ત્યાં તેણે ગામના લોકોની વૃક્ષો અને પ્રાણીઓ પ્રત્યેની ઊંડી લાગણી જોઈ.



- શું તમને યાદ છે, આ ગામના વડીલો શું કહેતા હતા ?
- શું આપણે વૃક્ષો અને પ્રાણીઓ વગર રહી શકીએ છીએ ? તમારા વર્ગખંડમાં આ ચર્ચા કરો.

## ગામ રક્ષિત છે.


ગામના લોકોની વૃક્ષો પરની લાગણીએ રાજાને પીગળાવ્યો. તેણે હુકમ કર્યો કે, 'આ વિસ્તારમાં કોઈ વૃક્ષ કાપવામાં નહિ આવે કે કોઈ પ્રાણીને મારવામાં નહિ આવે.' આ ઘટનાને લગભગ ત્રણસો વર્ષ થઈ ગયા છે. આ વિસ્તારના લોકો 'બિશ્નોઈ' કહેવાય છે, જે વૃક્ષો અને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





પ્રાણીઓનું રક્ષણ કરે છે. આ વિસ્તાર રણની વચ્ચે હોવા છતાં લીલોછમ છે અને અહીં પ્રાણીઓ કોઈ પણ જાતનાં ભય વિના ફરે છે.

## કોઈ પણ એક વૃક્ષ વિશે લખો :

- વૃક્ષને ફૂલ છે ? કયા રંગનાં ?

- વૃક્ષ પર ફૂલ આખા વર્ષ દરમિયાન રહે છે ?

- કયા મહિનામાં તેનાં પાંદડાં ખરી પડે છે ?

- શું વૃક્ષ ઉપર ફળો આવે છે ? તેનું નામ લખો.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- કયા મહિનામાં વૃક્ષ પર ફળ બેસે છે ?

- શું તમે આ ફળો ખાધાં છે ? તેનો સ્વાદ કેવો છે ?





## ચર્ચા કરો :

- લોકો શિકાર શા માટે કરતા હશે ?
- કેટલીક જગ્યાએ કેટલાંક પ્રાણીઓને શિકાર કરવાની મનાઈ હોય છે. ત્યાં શિકાર કરવા બદલ લોકોને સજા થઈ શકે છે. આ સજા શા માટે કરાતી હશે ?

## તમારા દાદા-દાદી સાથે વાત કરો અને જાણકારી મેળવો :

- તેઓ જ્યારે તમારી ઉંમરનાં હતાં, ત્યારે તેમની આસપાસ કયાં પક્ષીઓ તેમણે જોયાં હતાં ?

- શું તે પક્ષીઓની સંખ્યા ઓછી થઈ ગઈ છે ?

- કોઈ એવાં પક્ષીઓ અને પ્રાણીઓ છે જે તેઓને હાલમાં જોવા મળતાં નથી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- શાંતિના દાદાએ કહ્યું કે જ્યારે તે નાના હતા ત્યારે તેમણે ચકલીઓ અને મેના જેવાં ઘણાં પક્ષીઓ જોયાં હતાં, જે હાલમાં ઓછાં જોવા મળે છે. આ પક્ષીઓ ઓછાં થવાનું કારણ તમે કહી શકશો ?

અમૃતાના ગામમાં ખેજડીનું વૃક્ષ ખૂબ જ સામાન્ય હતું તે બધે ઊગી નીકળતું. તમે તમારા વિસ્તારમાં કયા પ્રકારનાં વૃક્ષ વધુ જુઓ છો ? તેવાં બે વૃક્ષનાં નામ લખો.

- તમારા વડીલો પાસેથી એ વૃક્ષ વિશે વધારે જાણકારી મેળવો.

ખેજડીનાં વૃક્ષો સામાન્ય રીતે રણ વિસ્તારમાં જોવા મળે છે. તે ઓછા પાણીથી પણ ટકી શકે છે. તેની છાલમાંથી દવા બને છે. લોકો તેના ફળોને રાંધીને જમે છે. તેનું લાકડું એવું હોય છે જેમાં જીવજંતુ પડતાં નથી. આ વિસ્તારમાં રહેતાં પ્રાણીઓ ખેજડીના પર્ણો ખાય છે અને બાળકો તેના છાંયડામાં રમવાનું પસંદ કરે છે.

**શિક્ષક માટે :** બાળકોને તેમના વડીલોને પ્રાણીઓ અને જીવજંતુઓ વિશે પૂછવા પ્રોત્સાહિત કરો. પર્યાવરણના ફેરફારના લીધે પક્ષીઓની સંખ્યા ઘટી રહી છે તેની બાળકો સાથે ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૫
# અનીતા અને મધમાખીઓ

મારું નામ અનીતા ખુશવાહ છે. હું બોચાહા ગામમાં રહું છું. આ ગામ બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં છે. હું મારાં માતા-પિતા અને બે નાના ભાઈઓ સાથે ગામડામાં રહું છું. હું કોલેજમાં ભણવા સાથે નાનાં બાળકોને પણ ભણાવું છું. હું મધમાખીઓનો ઉછેર પણ કરું છું.

આ બધું કાંઈ સહેલું નથી. હું નાની હતી ત્યારે બકરીઓ ચરાવવા જવું પડતું. મારે તો શાળાએ જવું હતું, પરંતુ મારાં માતા-પિતાને છોકરી શાળાએ જાય એ ગમતું ન હતું.

---

- આ એક સાચી ઘટના છે. શાળામાં જઈ, ભણી ગણી આગળ વધતી છોકરીઓ માટે અનિતા ખુશવાહ એક આદર્શ છે.

- બાળકોને શાળામાં રહેલા ભારતના નકશામાં બિહાર શોધવા કહો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## શાળાનું સ્વપ્ન



એક દિવસ હું શાળામાં પહોંચી જ ગઈ અને બાળકોની પાછળ ચૂપચાપ બેસી ગઈ. હું તો ખૂબ જ ખુશ થઈ. ઘેર આવી પછી માતા-પિતાને શાળાની વાત કરી. પણ એમણે તો શાળાએ જવાની ચોખ્ખી ના પાડી દીધી. હું ખૂબ જ રડી.

ગામની શાળાના એક શિક્ષકને આ ખબર પડી. તેમણે મારાં માતા-પિતાને સમજાવ્યાં. તેમણે તો એમ પણ કહ્યું કે 'ધોરણ-આઠ સુધી ભણવામાં તમારે કાણી પાઈ પણ ખરચવાની નથી. ભણવું એ દરેક બાળકનો અધિકાર છે.' માતા-પિતા માની ગયાં અને મારું શાળાએ જવાનું શરૂ થયું. હું કાંઈ હોશિયાર છોકરી ન હતી. પણ હંમેશાં કંઈ ને કંઈ પૂછતી રહેતી.

**તમે આખા વર્ષમાં શાળા માટેની વસ્તુઓ પાછળ કેટલો ખર્ચ કરો છો એ નોંધો.**

| વસ્તુઓ | કરેલ ખર્ચ |
|---|---|
| ૧. શાળાએ જવા આવવા | |
| ૨. નોટબુક્સ | |
| ૩. પેન-પેન્સિલ | |
| ૪. ગણવેશ | |
| ૫. દફતર | |
| ૬. લંચબૉક્સ | |
| ૭. બૂટ/ચંપલ | |
| ૮. અન્ય વસ્તુઓ (i) | |
| (ii) | |
| કુલ | |





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- આ વર્ષે તમે તમારાં પુસ્તકો માટે કેટલો ખર્ચ કર્યો ?

- તમને ગમતાં ગણવેશનું ચિત્ર તમારી નોટબુકમાં દોરો અને રંગ પૂરો.

## ભણવાનું ચાલું રહ્યું

હું પાંચમા ધોરણમાં પાસ થઈ. મને ખબર હતી કે હવે ભણવાનો ખર્ચ વધશે. માતા-પિતા ભણાવવા તૈયાર ન હતાં પણ મારે તો ભણવું હતું. મેં બીજાં નાનાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. થોડાક રૂપિયા મળવા લાગ્યા અને મારું ભણવાનું પણ ચાલુ રહ્યું.



## ચાલો, વાત કરીએ :

- દરેક બાળકને ભણવાનો હક છે. ધોરણ આઠ સુધી તો મફત ભણાય. આ અંગે તમે શું જાણો છો ? એ કહો ...



ધીમે-ધીમે મેં અન્ય લોકોને પણ છોકરીઓને શાળાએ મોકલવા વાત કરી. મારાં માતા-પિતા પણ મને મારા કામમાં મદદ કરવા લાગ્યાં. મારી માતા ઘરનાં બધાં કામ કરી લેતી, જેથી મને ભણવામાં વધુ સમય મળી શકે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## મધમાખી ઉછેરનાર

અમારા વિસ્તારમાં લીચીનાં વૃક્ષો ઘણાં. આ વૃક્ષનાં ફૂલો મધમાખીઓને ખૂબ ગમે. એટલે ઘણા લોકો મધમાખીઓ ઉછેરવાનું કામ કરે. વળી, સરકાર એ માટે તાલીમ પણ આપે. હું એ તાલીમમાં જોડાઈ. તેમાં હું એક જ છોકરી હતી. ઑક્ટોબરથી ડિસેમ્બર મહિનામાં મધમાખીઓ ઈંડાં આપે. એ સમય એમના ઉછેર માટે ઘણો સારો.

- તમે કોઈ જીવજંતુને ફૂલ નજીક જોયાં છે ? તેમનાં નામ શોધો અને લખો.

- તેઓ કેમ ફૂલોની નજીક આવે છે ? શોધો.

- તેમનાં ચિત્રો નોટબુકમાં દોરો અને રંગ પૂરો.

- મધમાખી જ્યારે ઊડે છે, ત્યારે એક પ્રકારનો અવાજ આવે છે. તમે તે અવાજની નકલ કરી શકો ?







Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## મધમાખી ઉછેરનાર તરીકે

મેં મારી મધમાખી ઉછેરની તાલીમ પૂરી કરી, પણ કામ શરૂ કરવા પૈસાની જરૂર પડે. મેં ભણાવવાનું ચાલુ રાખ્યું અને ૫,૦૦૦ રૂપિયા ભેગા કર્યા. તે પૈસાથી મેં માખીઓ માટેની બે પેટીઓ ખરીદી. એક પેટીની કિંમત ૨,૦૦૦ રૂપિયા હતી. બાકીના પૈસામાંથી મેં મધમાખીઓ માટે ચાસણી બનાવવા ખાંડ ખરીદી અને મધપૂડાને ચોખ્ખો રાખવાની દવા ખરીદી.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



સપ્ટેમ્બર મહિનો ચાલતો હતો. ડિસેમ્બર સુધીમાં મારી પાસે ઘણીબધી માખીઓ હતી. હજી મારે બે પેટીઓ વધારે ખરીદવી પડે એમ હતી. હું હજી પણ મધમાખી ઉછેર વિશે શીખતી હતી. ઘણીવાર માખીઓ મને ડંખ મારતી અને મારા હાથ અને ચહેરો સૂજી જતા. ખૂબ જ પીડા થતી. આ કામ મેં પોતે જ પસંદ કર્યું હતું એટલે કોઈને કહેવાય તો નહીં.

**શોધી કાઢો :**

- મધમાખી ડંખ મારે ત્યારે લોકો શું કરે છે ?
- તમારી નોટબુકમાં મધમાખીનું ચિત્ર દોરો. તેમાં રંગ પૂરો અને નામ આપો.

લીચીના વૃક્ષને ફેબ્રુઆરીમાં ફૂલો આવે છે. મેં મારી બધી પેટીઓ લીચીના વાડા પાસે મૂકી. દરેક પેટીમાંથી મને બાર કિગ્રા મધ મળતું. આ મધ હું બજારમાં વેચતી. મધમાખીના ઉછેરમાં આ મારી પહેલી કમાણી થઈ. હવે તો મારી પાસે વીસ પેટીઓ છે.

- અનીતાની વીસ પેટીઓની કુલ કિંમત કેટલી હશે ?

---

હું દરરોજ સાઈકલ લઈ કૉલેજ જાઉં છું. મારી કૉલેજ પાંચ કિમી દૂર શહેરમાં છે.

હવે તમે પણ અનીતા વિશે ઘણું જાણો છો.







Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





અનીતાને નજીકના ગામમાં બધાં ઓળખવા લાગ્યાં છે. તે દરેક ગામની સભામાં જાય છે અને દરેકને ભણતરના મહત્ત્વની વાત કરે છે. ઘણીવાર લોકો તેની મજાક કરે છે, પરંતુ અનીતાને ખબર છે કે તેણે શું કરવાનું છે.

અનીતા મધની મોટી વેપારી બનવા માગે છે, જેથી તે લોકોને મધની પૂરતી કિંમત અપાવી શકે.

## શોધી કાઢો :

- અનીતા અને ગામના બીજા લોકોને એક કિગ્રા મધના પાંત્રીસ રૂપિયા મળે છે. તમારા શહેરમાં એક કિગ્રા મધનો શું ભાવ છે ?

- તમારા ઘરમાં મધનો ઉપયોગ થાય છે ? શાના માટે થાય છે ?

દરેક મધપૂડામાં એક રાણી માખી હોય છે જે ઈંડાં મૂકે છે. પૂડામાં મોટા ભાગની માખીઓ કામદાર માખીઓ હોય છે. આ માખીઓ આખો દિવસ કામ કરે છે.




**શિક્ષક માટે :** જથ્થાબંધ માલના વેપારી શું કરે છે ? સમાજમાં તેની શું જરૂર છે ? તેની ચર્ચા કરો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



તેઓ ફૂલોની આજુબાજુ ઊડે છે. તેઓ મધ બનાવવા ફૂલોમાંથી રસ એકઠો કરે છે. જ્યારે કોઈ એક માખી રસવાળું ફૂલ શોધી લે છે ત્યારે બીજી માખીઓને જણાવવા તે ખાસ પ્રકારનું નૃત્ય કરે છે. કામદાર માખીઓ મધપૂડા માટે મહત્ત્વની છે. કામદાર માખીઓ વગર મધપૂડા કે રસનો સંગ્રહ શક્ય નથી. મધપૂડામાં બધી મધમાખીઓ ભૂખ્યા પેટે જાય છે.



- મધમાખીઓની જેમ બીજા કયા જીવજંતુઓ છે, જે જૂથમાં રહેવાનું પસંદ કરે છે ?

કીડીઓ મધમાખીઓની જેમ સાથે રહે છે અને કામ કરે છે. રાણી-કીડી ઈંડાં મૂકે છે, સિપાહી કીડીઓ દરની રક્ષા અને દેખભાળ કરે છે. કામદાર કીડીઓ હંમેશાં ખાવાનું શોધવામાં અને તેને દર સુધી પહોંચાડવામાં વ્યસ્ત હોય છે. ઊધઈ અને ભમરી પણ આ જ રીતે રહે છે.



- તમે જોયું છે કીડીઓ ક્યાં રહે છે ?

- ખાવાની કઈ કઈ ચીજવસ્તુઓ પાસે કીડીઓ ભેગી થાય છે ?

- કીડીઓની હાર જુઓ. તેનો રંગ કયો છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમને ક્યારેય કીડી કરડી છે ? કેવી કીડી હતી - કાળી કે લાલ, મોટી કે નાની ?

- જ્યારે તમે મગફળી ખાઓ છો, તેના ફોતરાં કદાચ તમે ફેંકી દો છો. તેના ફોતરાંનો ઉપયોગ કરી થોડા જીવજંતુ બનાવવાનો પ્રયત્ન કરો. તેમને રંગ કરવાનું ભૂલતા નહિ.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૬
# રિયાની મુસાફરી

રિયા અને તેની સખી જીયા ખૂબ જ ઉત્સાહિત હતાં. તેઓ ટ્રેનની મુસાફરીથી વાપી જવાનાં હતાં. વૅકેશન હોવાથી રિયા તેના મામાના ઘરે જતી હતી અને જીયા કુટુંબ સાથે દમણ ફરવા જવાની હતી.

બંને કુટુંબને સાથે જવાનું નક્કી થતાં રિયાના પિતા બંને કુટુંબ માટે પંદર દિવસ પહેલાં જ રેલવેની ટિકિટનું બુકિંગ કરાવી આવ્યા હતાં.

તેમની મુસાફરીના માત્ર બે જ દિવસ બાકી હતા ત્યાં જીયા ખૂબ જ બીમાર થઈ. ડૉક્ટરે તેને આરામ કરવા કહ્યું હતું. તેથી જીયાના કુટુંબે તેમની ટિકિટ રદ કરાવવી પડી. બંને સખીઓ ખૂબ દુઃખી હતી. કારણ કે તેઓએ મુસાફરી વખતે શું કરશે તેના કેટલાક આયોજન કર્યાં હતાં. પણ જીયાનું જવાનું બંધ રહેતાં રિયા નિરાશ થઈ હતી.

જીયાએ કહ્યું મને એક યુક્તિ સૂઝે છે. તેણે રિયાને કહ્યું તું નિરાશ ના થઈશ તું તારી મુસાફરી વિશે બધું એક ડાયરીમાં લખજે અને મોબાઈલમાં ફોટા અને વીડિયો પણ લેજે. તું જ્યારે પાછી આવીશ ત્યારે હું તારી ડાયરી વાંચીશ તથા ફોટા અને વીડિયો પણ જોઈશ.

રિયા તેના ઘરે ગઈ. એક નોટબુક અને પેન શોધીને તેના થેલામાં મૂકી.

### વિચારો અને લખો :

- તમે કયા કયા વાહનોમાં મુસાફરી કરી છે ?


______________________________

______________________________

- બીમાર અવસ્થામાં જીયાએ મુસાફરી કરી હોત તો શું મુશ્કેલી પડત ?

______________________________

______________________________




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



● રિયાની ડાયરી

૨૮ મે




૨૦:૫૫



આજે પૂનમનો દિવસ હતો. અમે સાંજનું ભોજન કરીને રિક્ષામાં બેસી ગાંધીધામ રેલવે સ્ટેશને પહોંચ્યા. થોડીક વારમાં ટ્રેન પ્લેટફોર્મ પર આવીને ઊભી રહી અમે જોયું તો ટ્રેનમાં મુસાફરો બેઠેલા હતા. ટ્રેન સાંજના ૭ : ૫૦ કલાકે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી ચાલી હતી. અમારી ટ્રેનનું નામ 'કચ્છ એક્સપ્રેસ' હતું.

જ્યારે અમે અમારા ડબ્બા પાસે ગયા ત્યારે ખૂબ જ મૂંઝવણ હતી. એક જ દરવાજેથી મુસાફરો ઉતરતા હતા અને બીજા પોતાનો સામાન અંદર મૂકીને ચડતા હતા. થોડું ધક્કા-મુક્કી જેવું જણાતાં પપ્પાએ કહ્યું, ''ટ્રેન અહીંયા પંદર-વીસ મિનિટ ઊભી રહેશે એટલે આપણે શાંતિથી ચઢીએ. ઉતાવળ કરશો નહીં.''

અમે અમારા ડબ્બામાં આવી અમારી બેઠક શોધી સામાન યોગ્ય જગ્યાએ ગોઠવીને બેઠાં. સમય થતાં ટ્રેન ઉપડી ત્યાં સુધીમાં મોટાભાગના મુસાફરો પોતાની બેઠક શોધીને બેઠા. મને અને મમ્મીને બારી પાસે બેઠક મળી હતી. પપ્પા અને હિમાક્ષને વચ્ચેની બેઠક મળી હતી. અમારી સાથે બીજું એક કુટુંબ પણ ડબ્બામાં હતું. તે આગળના સ્ટેશનેથી બેઠા હોય તેવું લાગ્યું. તેમની સાથે અમારી ઉંમરનાં બે બાળકો પણ હતા. તેમને બે બેઠક ઉપરની અને બે બેઠક બાજુમાં ઉપર-નીચે મળી હતી.



**શિક્ષક માટે :** શિક્ષકે જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓને મુસાફરી વખતે રાખવાની સાવચેતી અને ટિકિટનું મહત્ત્વ સમજાવવું.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





થોડા સમય પછી ટિકિટ તપાસવા ટિકિટ ચેકર આવ્યા. તેમણે અમારી ટિકિટ ચકાસીને ખાત્રી કરી કે અમે અમારી યોગ્ય બેઠક પર બેઠા છીએ કે નહીં.

- રિયાના પપ્પાએ ટ્રેનના ડબ્બામાં શાંતિથી ચઢવાનું કેમ કહ્યું હશે ?

- તમે મુસાફરી વખતે ટિકિટ તપાસનારને કેવી રીતે ઓળખશો ?

- ટિકિટ તપાસનાર ટિકિટમાં કઈ વિગતો તપાસીને ખાત્રી કરે છે તે તમારા શિક્ષક પાસેથી જાણો.

૨૨:૧૫






અમારી ટ્રેન એકાદ કલાક ચાલી હશે ત્યાં સ્ટેશન આવ્યું અને ટ્રેન ઊભી રહી. મેં બારીમાંથી જોયું તો ત્યાં સામખિયાળી જંકશન લખેલું હતું. મેં પપ્પાને પૂછયું આ સ્ટેશનના



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



નામની પાછળ જંકશન કેમ લખેલું છે ? પપ્પાએ મને સમજાવ્યું કે, જે રેલવે સ્ટેશનથી આગળ જવા માટે બે કે તેથી વધારે રેલવેમાર્ગ છૂટા પડતા હોય તેવા રેલવે સ્ટેશનને 'જંકશન' કહેવાય છે. આ સ્ટેશનથી બે રેલવેમાર્ગ છૂટા પડે છે. આપણી ટ્રેન જે માર્ગ પરથી જવાની છે તે અમદાવાદ તરફનો માર્ગ અને બીજો માર્ગ પાલનપુર તરફ જશે.

બે ત્રણ મિનિટ પછી ટ્રેન ઊપડી. આગળ બે માર્ગ છૂટા પડતા હતા તે પપ્પાએ મને બારીમાંથી બતાવ્યું.



ત્યાંથી અમારી ટ્રેન થોડી આગળ નીકળી. મારી નજર બારી બહાર જ હતી. પૂનમના ચંદ્રમાના પ્રકાશમાં ખુલ્લા મેદાનમાં સફેદ ચાદર પાથરી હોય તેવું દૂર દૂર સુધી દેખાતું હતું. પપ્પાએ મને કહ્યું કે આ કચ્છનું નાનું રણ છે અને જે સફેદ ચાદર જેવું દેખાય છે તે જમીન ઉપર જામેલા મીઠાનો થર છે. આ વિસ્તારમાં અગરિયાઓ મીઠાના અગર બનાવીને મીઠું પકવે છે. ત્યાં તો મીઠાના મોટા-મોટા ઢગલા પણ જોવા મળ્યા.



ટ્રેન ઝડપથી આગળ ચાલતી હતી. થોડેક દૂર ચંદ્રમાના આછા પ્રકાશમાં પુલ જેવું દેખાતું હતું. તેના પરથી વાહનોની લાઈટો દેખાતી હતી. અમારી ટ્રેન તે સમયે પુલ પરથી પસાર થઈ રહી હતી. મેં પપ્પાને પૂછ્યું કે આ કયો પુલ છે ? તેમણે કહ્યું આ 'સૂરજબારી પુલ છે.' જેને કચ્છનું પ્રવેશ દ્વાર પણ

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને રેલવે જંકશન તેમજ રણ તથા મીઠાની ખેતી બાબતે વધુ માહિતી સમજાવવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



કહેવામાં આવે છે. તેમણે તે પણ કહ્યું કે, જ્યારે આ પુલ ન હતો ત્યારે અમદાવાદ તરફ જતી બધી જ ટ્રેનો પાલનપુર થઈને અમદાવાદ જતી, જેમાં ખૂબ સમય જતો.

મેં તરત પપ્પાને પૂછ્યું, ''આગળ આપણે જે બે રેલમાર્ગ જુદા પડતા જોયા તેમાં પાલનપુર તરફનો માર્ગ હતો ત્યાંથી જ ને !'' પપ્પાએ કહ્યું, ''હા, ત્યાંથી ટ્રેન જતી હતી.''

રાત્રિના અગિયાર વાગ્યા એટલે પપ્પાએ સૂઈ જવા કહ્યું. મમ્મીએ અમને અમારી બેઠક પર ચાદર પાથરી આપી. ડબ્બામાં બીજા મુસાફરો પણ ઊંઘવાની તૈયારી કરતા હતા. ટ્રેનમાં ટોયલેટની સગવડ પણ હતી. હું મમ્મી સાથે ટોયલેટ જઈ આવી અને સૂઈ ગઈ.

- તમે ક્યારેય ટ્રેનની મુસાફરી કરી છે ? જો હા, તો ક્યાંથી ક્યાં સુધી ?

- ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે ? તે વિગતે લખો.



મેં ઊંઘવા પ્રયત્ન કર્યો પણ ટ્રેનના અવાજમાં ઊંઘ આવતી ન હતી. અમારા ડબ્બામાં બીજું કુટુંબ હતું. તેમાં મારી ઉંમરની છોકરી હતી. તેને પણ મારી જેમ ઊંઘ આવતી ન હતી. અમે બંનેએ થોડી વાતો કરી. તેનું નામ ફિયોના હતું. તેની પાસે થોડી વાર્તાની ચોપડીઓ હતી. મેં પણ તેની પાસેથી એક

**શિક્ષક માટે :** ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે તેની જાણકારી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ વિદ્યાર્થીઓને આપવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ચોપડી લઈ વાંચવાનું ચાલુ કર્યું. વાંચતાં-વાંચતાં મને ક્યારે ઊંઘ આવી ગઈ તેની ખબર જ ના પડી.



અચાનક મારી આંખ ઊઘડી ગઈ. બારીમાંથી બહારની લાઈટનો પ્રકાશ આવતો હતો. મેં બેઠા થઈને બારીમાંથી જોયું તો કોઈ મોટું શહેર આવ્યું હોય તેવું લાગતું હતું. ટ્રેન પસાર થઈ રહી હતી. ચારેબાજુ રોશનીથી શહેર સુંદર લાગતું હતું. આવું સુંદર દૃશ્ય મેં મારા ગાંધીધામમાં ક્યારેય જોયું નથી. ચારેબાજુ બહુમાળી મકાનો અને સૂમસામ વાતાવરણમાં ટ્રેન સડકમાર્ગના પુલો નીચેથી, તો ક્યાંક ફાટકવાળા માર્ગ વચ્ચેથી પસાર થઈ રહી હતી. મમ્મીનો મોબાઈલ લઈ મેં રાત્રિના આ સુંદર દૃશ્યોના ફોટા અને વીડિયો લીધા. જે જોવાની ખૂબ મજા આવશે.



૦૨:૩૦

અમારી ટ્રેન એક મોટા સ્ટેશને આવીને ઊભી રહી. પપ્પા પણ જાગી ગયા હતા. તેમણે કહ્યું કે, અમદાવાદ આવી ગયું. ત્યાં તો વિવિધ વસ્તુઓ વેચનારા ફેરિયાઓના અવાજથી




વાતાવરણ ઘોંઘાટવાળું થઈ ગયું. 'ચાય ગરમ ચાય', 'ગરમા ગરમ ભજિયાં', 'પૂરી-શાક', 'ઠંડા પાણીની બૉટલ', 'વડાપાઉં... વડાપાઉં', 'કેળાં, ચીકુ, સફરજન' જેવા અવાજો સંભળાવા લાગ્યા. પપ્પાએ કહ્યું કે, ટ્રેન અહીં વીસ-પચીસ મિનિટ ઊભી રહેશે. પપ્પા પાણીની બૉટલ ભરવા નીચે ઊતર્યા. હું પણ તેમની સાથે નીચે ઊતરી.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





પ્લેટફૉર્મ પર ખૂબ જ ભીડ હતી. મુસાફરો ફેરિયાઓ પાસેથી ખરીદી કરતા હતા. બીજી ઘણી બધી ટ્રેનો પણ ઊભી હતી. લાલ રંગના કપડાંવાળા માણસો સામાન ઉપાડીને દોડાદોડી કરતા હતા. માઈકમાં જરૂરી સૂચનાઓ આપવામાં આવતી હતી. કેટલાક મુસાફરો પોતાની ટ્રેનની રાહ જોઈને બેઠા હતા. મને તો આ બધું જોવાની ખૂબ જ મજા પડી ગઈ. અમે પણ ફેરિયા પાસેથી કેળાં અને ચીકુ લઈ ડબ્બામાં બેઠાં.



૦૩:૪૫

સમય થતાં ટ્રેન ઊપડી. અમે કેળાં અને ચીકુ ખાધા પછી હું ટોયલેટ જઈ આવી. હવે ઊંઘ આવતી ન હતી. મારી પાસે સાપસીડીની રમતનું બૉર્ડ અને રમવાનો પાસો હતો. મેં, હિમાક્ષે અને ફિયોનાએ થોડો સમય સાપસીડીની રમત રમી. એટલામાં નડિયાદ સ્ટેશન આવ્યું જ્યાં ફિયોનાને ઊતરવાનું હતું. ફિયોના અમને આવજો કહી ઊતરી ગઈ પછી હું અને હિમાક્ષ સૂઈ ગયાં.

- તમે ક્યારેય રાત્રિના સમયે રેલમાર્ગે કે સડકમાર્ગે મુસાફરી કરી છે ? તમે તે વખતે રસ્તામાં શું શું જોયું હતું તે વિગતે લખો.

- રિયાએ ચાલુ ટ્રેને અમદાવાદમાં શું શું જોયું તે લખો.

**શિક્ષક માટે :** રેલવે સ્ટેશન પરની સુવિધાઓ, એક પ્લેટફૉર્મ પરથી બીજા પ્લેટફૉર્મ પર જવાની વ્યવસ્થા તથા રાખવા જેવી જરૂરી સાવચેતી તેમજ માઈકમાં અપાતી સૂચનાઓ અંગે વિશેષ માહિતી આપવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમે મુસાફરી કરતી વખતે સ્ટેશન પરના ફેરિયાઓ પાસેથી ખરીદી કરી છે ? જો હા, તો તેની યાદી તૈયાર કરો.

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

- અમદાવાદના પ્લેટફોર્મ પર રિયાએ શું શું જોયું ?

- અમદાવાદના પ્લેટફોર્મ પર રિયાને કયા કયા અવાજો સાંભળવા મળ્યા ?



**શિક્ષક માટે :** બાળકોને વર્ગખંડમાં સાપસીડી, લુડો, અમદાવાદ જેવી રમતો રમાડવી.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૭
# રિયાની ટ્રેન મોડી પડી

**૨૯ મે**




હું જાગી ગઈ. અમારી ટ્રેન કોઈ પ્લેટફૉર્મ પર ઊભી હતી. મેં બેઠા થઈ બારીમાંથી જોયું તો સામેની દીવાલ પરની ઘડિયાળમાં સવારના પાંચ વાગ્યાનો સમય દેખાતો હતો. તેની બાજુમાં એક થાંભલા પર ગોળ પાટિયામાં વડોદરા જંક્શન લખેલું હતું. ભાઈ હજુ સૂતો હતો.

માઈકમાં સૂચના આપવામાં આવી રહી હતી કે વડોદરાથી, સુરત, વલસાડ, વાપી, મુંબઈ તરફ જવાવાળી અને આવવાવાળી તમામ ટ્રેનો બે કલાક મોડી ચાલશે. પપ્પાએ કહ્યું તમે બ્રશ કરી લો ત્યાં સુધીમાં હું ચા લઈને આવું. અમે સવારની પ્રાતઃ ક્રિયાઓ પતાવી. એટલામાં પપ્પા ચા લઈને આવ્યા અને મમ્મીએ થેપલા, ખાખરા અને બિસ્કીટ નાસ્તા માટે કાઢ્યા. અમે ચા-નાસ્તો પતાવ્યો ત્યાં સુધીમાં અજવાળું થઈ ગયું હતું.




હજુ ટ્રેનને ઉપડવાની ઘણી વાર હતી. પપ્પાએ કહ્યું ચાલો તમને રેલવે સ્ટેશનની સુવિધાઓ બતાવું. હું અને મારો ભાઈ પપ્પા સાથે ટ્રેનમાંથી નીચે ઊતર્યા.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com







પપ્પાએ અમને ટિકિટબારી, ટિકિટચેકરની રૂમ, પ્રતીક્ષાખંડ, પાર્સલ રૂમ, ટોયલેટ-બાથરૂમ, પીવાના પાણીની સુવિધા, ચા-નાસ્તાની કેન્ટીન જેવી સુવિધાઓનાં સ્થળો બતાવ્યાં.

એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર જવા માટેની સીડીવાળા પુલ ઉપરથી અમે જોયું તો સ્ટેશન ઉપર ઘણી બધી ટ્રેન ઊભેલી જોવા મળી. રેલવેના કર્મચારીઓ પાઈપ વડે ટ્રેનના ડબ્બાઓમાં પાણી ભરતા અને ટ્રેનની સફાઈ કરતા જોવા મળ્યા. કેટલાક સફાઈ કામદારો પાટાની આસપાસની સફાઈ કરતા જોવા મળ્યા. સ્ટેશન પર ફરવામાં સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર જ ન પડી. મને રેલવેની સુવિધાઓ વિશે ખૂબ જ જાણવા મળ્યું. ખરેખર બહુ જ મજા આવી. મેં કેટલીક સુવિધાઓના ફોટા અને વીડિયો પપ્પાના મોબાઈલમાં લીધા છે.

- તમે વિચારો કે રિયાની ટ્રેન વડોદરા સ્ટેશનેથી બે કલાક મોડી કેમ ઊપડી હશે ?

- રિયાએ સ્ટેશન પર ક્યાં ક્યાં સ્થળોની મુલાકાત લીધી ?



**૨૯ મે**

૦૭:૦૦

હવે માઈકમાં સૂચના અપાઈ, અમારી ટ્રેન બે મિનિટમાં વડોદરા સ્ટેશનેથી ચાલશે. અમે પાછા અમારા ડબ્બામાં આવીને બેઠાં. ટ્રેન ચાલી...


સવાર થઈ ગઈ હતી. બહારનું વાતાવરણ ખૂબ જ સુંદર લાગતું હતું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





અમારી ટ્રેન સડકમાર્ગના બંધ ફાટક પાસેથી પસાર થઈ રહી હતી ત્યાં લોકો ફાટકની બંને બાજુ ટ્રેન પસાર થવાની રાહ જોઈને ઊભા હતા. ત્યાં બસ, કાર, રિક્ષા, સાઈકલ, સ્કૂટર તેમજ માલ-સામાન ભરેલી ટ્રકો જેવાં વાહનો પણ ઊભા હતાં. કેટલાક લોકો પોતાના વાહન બંધ કર્યા વગર ઊભાં હતાં જેના કારણે ત્યાંનું વાતાવરણ અવાજ અને ધૂમાડાવાળું હતું. કેટલાક લોકો ફાટકના સળિયા નીચેથી પસાર થઈને પાટાની નજીક આવીને ઊભેલા હતા. ખરેખર તે જોખમી હતું.



તે જ સમયે અમારી ટ્રેનની બાજુમાંથી બીજી ટ્રેન પસાર થઈ. મેં અને હિમાક્ષે તે ટ્રેનના ડબ્બા ગણવા પ્રયત્ન કર્યો પરંતુ બંને ટ્રેન ખૂબ ઝડપથી ચાલતી હતી જેથી ડબ્બા ગણી શકાયા નહીં.

- તમે ક્યારેય રેલવે ફાટક પાસેથી પસાર થયા છો ? જો હા, તો ફાટક બંધ હતું ત્યારે અને ફાટક ખૂલ્યું ત્યારે ત્યાંની હલચલ કેવી હતી તે વિચારીને લખો.

- રિયાએ ફાટક પાસે શું શું જોયું ?

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને રેલવે ફાટકના નિયમો સમજાવવા તેમજ ફાટક ઓળંગતી વખતે રાખવાની સાવધાની અને ટ્રાફિકની સલામતી અને ફરજો બાબતે વિશેષ સમજ આપવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com







હું આંખો બંધ કરીને બારી પાસે બેઠી હતી. અચાનક ટ્રેન ચાલવાનો અવાજ બદલાઈ ગયો. ખડ, ખડ, ખડ, ..... મેં મારી આંખો ખોલી. અનુમાન કરો મેં શું જોયું હશે ? મારી ટ્રેન એક મોટી નદી પરનો પુલ પસાર કરી રહી હતી. મમ્મીએ કહ્યું આ નર્મદા નદીનો પુલ છે. આ નદી ગુજરાતની સૌથી મોટી નદી છે. તેનું પાણી નહેર દ્વારા દૂર દૂરના વિસ્તાર સુધી પહોંચાડવામાં આવ્યું છે.

થોડેક દૂર બીજા બે પુલ પણ દેખાતા હતા. તેના પરથી નાના-મોટા વાહનો પસાર થઈ રહ્યા હતાં. પપ્પાએ કહ્યું કે જે પહેલો પુલ દેખાય છે. તેને ગોલ્ડન બ્રિજ કહેવાય છે. તે ખૂબ જ જૂનો અને મજબૂત પુલ છે. તેનાથી આગળ જે પુલ દેખાય છે. તે નર્મદા નદી પર નવો બાંધેલો પુલ છે. તે ભારતના સૌથી મોટા કેબલ બ્રિજ તરીકે ઓળખાય છે.

ઉનાળો હોવા છતાં પણ નદીમાં પાણી ખૂબ હતું. કેટલાક માછીમારો નાવડીમાં માછલાં પકડવા જાળ પાથરીને બેઠેલા જોવા મળ્યા. પુલ લાંબો હોવાથી આ બધું જોવાની ખૂબ જ મજા આવી.



પપ્પાએ કહ્યું કે રાત્રે તમે સૂતા હતા ત્યારે આપણી ટ્રેન સાબરમતી, વાત્રક, મહીસાગર અને વિશ્વામિત્રી જેવી મોટી નદીના પુલ પરથી પસાર થઈ હતી. હવે આગળ સુરત પાસે તાપી નદીનો પુલ આવશે તે જોવાનું ચૂકતા નહીં.

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને નકશાની મદદથી ગુજરાતની વિવિધ નદીઓનો પરિચય કરાવવો તેમજ સડકમાર્ગ અને રેલમાર્ગમાં પુલનું મહત્ત્વ તેમજ નદીઓના પાણીના સંગ્રહ માટેના ડેમ વિશે માહિતી આપવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





બહારનાં દૃશ્યો જોવાની ખૂબ જ મજા આવી. નદી કિનારાના વિસ્તારમાં લીલા પાકવાળા ખેતરો જોવા મળ્યાં. કેટલાંક ખેતરોમાં કેળાંની ખેતી જોવા મળી. ચારેબાજુ લીલાંછમ વૃક્ષો પણ જોવા મળ્યાં પવન પણ ખૂબ ઠંડો આવતો હતો. આવી ઠંડી હવાનો અનુભવ મને ગાંધીધામમાં થયો નથી. અમે બહારનું વાતાવરણ જોવામાં મશગૂલ હતાં ત્યાં મમ્મીના મોબાઈલ પર મામાનો ફોન આવ્યો. તે અમને રેલવે સ્ટેશન લેવા આવવાના હતા માટે મમ્મીએ સમાચાર આપ્યા કે અમારી ટ્રેન બે કલાક મોડી ચાલે છે. માટે અમે ૮ : ૨૫ કલાકે પહોંચવાના બદલે હવે ૧૦ : ૨૫ કલાકે પહોંચીશું.

- તમે પુલ જોયા છે ? ક્યાં ક્યાં ?

- તમારા વિસ્તારમાં કઈ કઈ નદીઓ આવેલી છે ? તે નદી પર કઈ કઈ જગ્યાએ પુલ બાંધેલા છે તે વિચારીને લખો.

- નદી પર પુલ કેમ બનાવવા પડે છે તે વિચારો અને લખો.


**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને રેલમાર્ગમાં આવતા ડુંગરાળ પ્રદેશો વચ્ચેથી બોગદા (ટનલ) બનાવી તૈયાર કરેલ રેલમાર્ગ તેમજ નદી-તળાવ-સરોવર, ખીણોમાંથી પસાર થતા રેલમાર્ગના ચિત્રો દ્વારા વધુ માહિતી આપવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






- તમે ક્યારેય પુલ પરથી પસાર થયા છો ? ક્યાં ?

- તમે પુલની આજુબાજુમાં શું જોયું ?

- રિયાની ટ્રેન કઈ કઈ નદીઓ પરના પુલ પરથી પસાર થઈ હતી ?



૦૯:૦૦



અમારી ટ્રેન એક મોટા શહેર વચ્ચેથી પસાર થઈ રહી હતી. રસ્તામાં મોટા-મોટા સડકમાર્ગના પુલો પણ આવતા હતા. રેલમાર્ગની બંને બાજુ મોટી-મોટી ઈમારતો અને બજાર દેખાતાં હતાં. પપ્પાએ કહ્યું કે આ સુરત શહેર છે. આ શહેર હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગ માટે વિશ્વભરમાં જાણીતું છે. અમદાવાદ પછી ગુજરાતનું આ બીજા નંબરનું મોટું શહેર છે. સ્ટેશન આવતાં ટ્રેન ઊભી રહી.

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને ભારતના વિવિધ રાજ્યો અને પ્રદેશોના પહેરવેશ, રહેણીકરણી, બોલી અને તેમના ખોરાક વિશે વિશેષ માહિતી મેળવીને આપવી. તેનાં ચિત્રો-ચાર્ટ બતાવવા.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



પ્લેટફોર્મ પર મુસાફરોની અવરજવર ખૂબ હતી. અહીં ક્યાંક ક્યાંક જુદા-જુદા પહેરવેશવાળા લોકો પણ જોવા મળ્યા. કેટલીક સ્ત્રીઓએ ધોતીની જેમ સાડી પહેરેલી હતી તો કેટલાક પુરુષોએ લુંગીની જેમ સફેદ ધોતી વીંટી હતી. કેટલાક લોકોની બોલી પણ અલગ-અલગ હતી.

પપ્પાએ કહ્યું કે અહીં દેશના વિવિધ રાજ્યોના લોકો નોકરી-ધંધા માટે સ્થાયી થયેલા છે. જેથી અહીંયાં વિવિધ પ્રકારના પહેરવેશવાળા લોકો જોવા મળે છે.



પપ્પા સૂતરફેણી અને ઘારી લઈ આવ્યા. જે સુરતની પ્રખ્યાત મીઠાઈ છે. ટ્રેન પાંચેક મિનિટ રોકાઈને ઊપડી.

પપ્પાએ કહ્યું કે હવે નવસારી અને વલસાડ પછી તરત વાપી આવશે. આપણને વાપી પહોંચતાં હવે એકાદ કલાક જેવું લાગશે.

મમ્મીએ મામાને ફોનથી જાણ કરી કે અમારી ટ્રેન એક કલાકમાં વાપી પહોંચશે.

હવે વલસાડથી અમારી ટ્રેન ઊપડી. અમે અમારો સામાન વ્યવસ્થિત કરી દીધો.



મને અને હિમાક્ષને મામાના ઘરે પહોંચવાનો આનંદ હતો. અમારી ટ્રેન હવે વાપી પહોંચવામાં છે, જ્યાં અમારે ઉતરવાનું હતું.

મામાનો ફોન પણ આવી ગયો કે તેઓ અમને લેવા માટે સ્ટેશને પહોંચી ગયા છે. અમારી મુસાફરી લાંબી હતી પણ મેં અને હિમાક્ષે ખૂબ મજા કરી.

હું મારી ડાયરી લખવાનું બંધ કરું છું. મામાના ઘરે પહોંચી બાકીનું લખીશ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



૨૯ મે




૧૦:૨૫

- તમે કયાં કયાં શહેરો જોયાં છે ? ત્યાં તમે શું શું જોયું ? તે વિચારીને લખો.

- તમે કેવા કેવા પ્રકારના પોશાક પહેરતા લોકો જોયાં છે ? વિચારો અને લખો.

- તમે ગુજરાતી બોલી સિવાય કઈ કઈ બોલી બોલતા લોકોને સાંભળ્યાં છે ?

| | | |
|---|---|---|
| | | |
| | | |

- રિયાની ટ્રેન કયા કયા  રેલવે સ્ટેશન પરથી પસાર થઈ હતી ?

- પૃષ્ઠ-૬૨ પર આપેલ સમયપત્રક પરથી રિયાની ટ્રેન જે સ્ટેશન પરથી પસાર થઈ હોય અને અહીં તેનો ઉલ્લેખ ન થયો હોય, તેવાં સ્ટેશનોનાં નામ જણાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમારા તથા તમારી આસપાસના વિસ્તારના ગામ કે શહેરની વખણાતી વાનગી કે ચીજવસ્તુઓની યાદી બનાવો.

  જેમ કે, - સુરતની ઘારી, પાટણનાં - પટોળાં

| ગામ કે શહેરનું નામ | વખણાતી વાનગી | વખણાતી ચીજવસ્તુ |
|---|---|---|
| | | |
| | | |
| | | |

- ટ્રેનના ડબ્બામાં પાણી અને વીજળી કેવી રીતે આવતી હશે ? ચર્ચા કરો.
- અનુમાન કરો કે તમે ટ્રેનની લાંબી મુસાફરી પર જાઓ છો. સમય પસાર કરવા કઈ કઈ વસ્તુઓ તમે સાથે લેશો ?
- નીચે આપેલા ચિત્રોમાં દર્શાવેલ સેવકોને ઓળખો અને તેનાં નામ લખો. તેઓ શું કામ કરે છે, તેની ચર્ચા કરો.






Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૮

# રિયા પહોંચી મામાને ઘેર

**૨૯ મે રાત્રિ**



૧૦:૨૫

ટ્રેનની લાંબી યાત્રા પછી અમે વાપી પહોંચ્યા. મામાનું ઘર સ્ટેશનથી નજીક હોવાથી મામા અમને લેવા આવ્યા હતા. મામાની સાથે શ્રીલ અને આર્નવ પણ આવ્યા હતા. તે મારા મામાના છોકરાઓ હતા. મને તથા હિમાક્ષને જોઈને તેઓ ખૂબ જ રાજી થયા. અમે એકબીજાને ભેટી પડ્યાં.

અમે સ્ટેશનથી બે રિક્ષા કરીને મામાના ઘરે પહોંચ્યાં. મને ખૂબ જ ઊંઘ આવતી હતી. હું ઊંઘી ગઈ. થોડીવાર પછી મમ્મીએ મને ઊઠાડી દીધી. મમ્મી-પપ્પા નાહીને તૈયાર થઈ ગયા હતા. હું અને હિમાક્ષ પણ નાહીને તૈયાર થઈ ગયા. પછી અમે બધાએ સાથે બેસીને ભોજન કર્યું. મામાએ કહ્યું બધા થોડીવાર આરામ કરી લો પછી આપણે દમણ ફરવા જઈશું.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





અમે દમણ જવા તૈયાર થયાં. મામાનું કુટુંબ પણ અમારી સાથે આવવાનું હતું. અમે રિક્ષામાં બેસીને બસ સ્ટેશન પહોંચ્યાં. ત્યાંથી અમે બસમાં બેસીને દમણના જંપોર બીચ પહોંચ્યાં.

બીચ પર ખૂબ જ ભીડ હતી. લોકો દરિયાકિનારે મોજ માણવા આવ્યા હતા. કેટલાક લોકો હોડીમાં બેસીને દરિયામાં ફરતા હતા. કોઈ ઘોડા પર તો કોઈ ઊંટ પર બેસીને ફરતા હતા. નાનાં-નાનાં બાળકો દરિયાકિનારે રેતીના ઘર બનાવતાં હતાં. મને તો આ બધું જોઈને ખૂબ જ મજા આવી. હું, હિમાક્ષ, શ્રીલ અને આર્નવ પણ રેતીમાં ઘર બનાવવા બેસી ગયાં. અમને રેતીમાં રમવાની ખૂબ જ મજા આવી.





એટલામાં મામા હોડીની ટિકિટ લઈને આવ્યા. અમે હોડીમાં બેસીને દરિયાની મુસાફરી કરી. પહેલાં તો મને હોડીમાં બેસતાં બીક લાગતી હતી. હું મમ્મીની પાસે બેસી ગઈ. દરિયાની મુસાફરી કરવાની ખૂબ મજા આવી. પછી અમે ઘોડેસવારી અને ઊંટસવારી પણ કરી. ત્યારપછી અમે કિનારે બેસીને નાસ્તો કર્યો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





હવે સાંજ પડવા આવી. સૂરજ દરિયાના પાણીમાં ડૂબતો હોય તેવું દેખાતું હતું. આકાશ રંગ-બેરંગી દેખાતું હતું. અમે દરિયાકિનારે ફોટા અને વીડિયો પણ લીધા.

અંધારું થઈ ગયું. અમે મામાના ઘેર પાછા આવ્યાં.

મારી આ લાંબી મુસાફરી રસપ્રદ અને યાદગાર બની રહી.

- મામાના ઘેર જવા રિયાના કુટુંબને કેમ બે રિક્ષા કરવી પડી હશે ? વિચારો અને લખો.

- તમે ક્યારેય દરિયાકિનારે ફરવા ગયા છો ? કઈ કઈ જગ્યાએ ?

- દરિયાકિનારે રિયાએ શેના પર સવારી કરી ?

- રિયાની ટ્રેનને ગાંધીધામથી વાપી પહોંચતાં કેટલા કલાક થયા ?

**શિક્ષક માટે :** વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે દરિયાકિનારે, નદીકિનારે, મેળામાં કે અન્ય કોઈ જોવાલાયક સ્થળો વિશે ચર્ચા કરો. ત્યાં કઈ કઈ જગ્યાએ ટિકિટ લેવી પડે, આ જગ્યાઓ પર શું કાળજી રાખવી, શું ખાવું, શું ના ખાવું જેવી સમજ આપવી.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




- કયા કયા વાહનોમાં મુસાફરી કરવા માટે ટિકિટ ખરીદવી પડે ?

- ઘણીવાર આપણે કોઈ જગ્યાએ પ્રવેશ કરવા ટિકિટ લેવાની જરૂર પડે છે. તમે આવી જગ્યાઓ વિશે વિચારીને લખો.



## અહીં આપેલ ટ્રેનની ટિકિટના ચિત્રને જુઓ. નીચેની માહિતી ટિકિટમાંથી શોધો અને લખો :

- ટ્રેન નંબર
- મુસાફરી ચાલુ થવાની તારીખ
- ડબ્બા અને બેઠક નંબર
- ભાડું (ટિકિટના પૈસા)
- અંતર (કિમીમાં)
- કેટલી વ્યક્તિઓએ મુસાફરી કરી ?
- આ ટિકિટ કેટલા પુરુષ અને સ્ત્રીઓ માટે છે ?



| पी.एन.आर.नं. PNR NO. | गाड़ी नं. TRAIN NO. | तिथि DATE | कि.मी. K.M. | वयस्क ADULT | बच्चे CHILD | 68250918 |
|---|---|---|---|---|---|---|
| 820-6449755 | 9037 | 24-12-2018 | 643 | 2 | 1 | /68250918 |

श्रेणी/CLASS JOURNEY CUM RESERVATION TICKET तक / से आरक्षित RESV. UPTO PRS-NDLS

2वाता बांदरा टर्मिनस रतलाम जं.
2A BANDRA TERMINUS RATLAM JN


DELHI PRS

| कोच COACH | सीट/बर्थ SEAT/BERTH | | लिंग SEX | आयु AGE | यात्रा अधिकार पत्र T.AUTHORITY | रियायत CONC. | आ. शु. R. FEE | स. शु. S. CH. | सु. अ. SF.CH. | वाऊचर रु. VOUCH.Rs. | कु. नकद रु. T.CASH Rs. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| A1 | 21 | LB | M | 39 | | | 75 | | | | 2578 |
| A1 | 23 | SL | F | 37 | | | | | | | |
| A1 | 22 | UB | M | 7 | | | | | | | |

Rs.TWO FIVE SEVEN EIGHT ONLY

I-TICKET/ NO CASH REFUNDS

(NEW TIME TABLE FROM 01-12-2018) AVADH EXPRESS BOARDING BDTS 24-12-2018
713 27-10-2018 14:36 RCT1 210 VIA BRC





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





- બીજી કઈ માહિતી તમે ટિકિટમાંથી શોધી શકો છો તે લખો.
  - ______________________
  - ______________________
  - ______________________

રેલવેનું સમયપત્રક દરેક ટ્રેનના માર્ગ વિશે વિગત આપે છે. આ ઉપરાંત સ્ટેશનો, ટ્રેન કયા સમયે પહોંચશે અને કયા સમયે સ્ટેશન છોડશે, કાપેલું અંતર વગેરેની વિગત આપે છે. આપણે રેલવે-સ્ટેશનથી રેલવે સમયપત્રક ખરીદી શકીએ છીએ.

રિયાએ મુસાફરી કરેલી ટ્રેનના માર્ગની વિગતો સમયપત્રકમાં આપેલ છે. તેને ધ્યાનપૂર્વક જુઓ અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.

**19132 કચ્છ એક્સપ્રેસ**

| ક્રમ | સ્ટેશનનું નામ | પહોંચવાનો સમય | ઉપડવાનો સમય | રોકાણ મિનિટ | અંતર કિલોમીટર | દિવસ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભુજ | ૦૦ | ૧૯ : ૫૦ | ૦ | ૦૦ | ૧ |
| ૨. | અંજાર | ૨૦ : ૨૪ | ૨૦ : ૨૬ | ૨ | ૪૨ | ૧ |
| ૩. | આદિપુર | ૨૦ : ૩૬ | ૨૦ : ૩૮ | ૨ | ૪૯ | ૧ |
| ૪. | ગાંધીધામ | ૨૦ : ૫૫ | ૨૧ : ૧૫ | ૨૦ | ૫૮ | ૧ |
| ૫. | ભચાઉ | ૨૧ : ૪૬ | ૨૧ : ૪૮ | ૨ | ૯૮ | ૧ |
| ૬. | સામખિયાળી | ૨૨ : ૧૩ | ૨૨ : ૧૫ | ૨ | ૧૧૧ | ૧ |
| ૭. | માળીયા મિયાણા | ૨૨ : ૫૦ | ૨૨ : ૫૨ | ૨ | ૧૫૨ | ૧ |
| ૮. | હળવદ | ૨૩ : ૨૯ | ૨૩ : ૩૧ | ૨ | ૧૯૭ | ૧ |
| ૯. | ધ્રાંગધ્રાં | ૦૦ : ૦૨ | ૦૦ : ૦૪ | ૨ | ૨૨૮ | ૨ |
| ૧૦. | વિરમગામ | ૦૧ : ૧૩ | ૦૧ : ૧૫ | ૨ | ૨૯૪ | ૨ |
| ૧૧. | અમદાવાદ | ૦૨ : ૩૫ | ૦૩ : ૦૦ | ૨૫ | ૩૫૯ | ૨ |
| ૧૨. | નડિયાદ | ૦૩ : ૪૫ | ૦૩ : ૪૭ | ૨ | ૪૦૫ | ૨ |
| ૧૩. | આણંદ | ૦૪ : ૦૮ | ૦૪ : ૧૦ | ૨ | ૪૨૩ | ૨ |
| ૧૪. | વડોદરા | ૦૪ : ૫૫ | ૦૫ :૦૦ | ૫ | ૪૫૯ | ૨ |
| ૧૫. | ભરૂચ | ૦૫ : ૫૧ | ૦૫ : ૫૩ | ૨ | ૫૨૯ | ૨ |
| ૧૬. | અંકલેશ્વર | ૦૬ : ૦૨ | ૦૬ : ૦૪ | ૨ | ૫૩૮ | ૨ |
| ૧૭. | સુરત | ૦૭ : ૦૦ | ૦૭ : ૦૫ | ૫ | ૫૮૮ | ૨ |
| ૧૮. | નવસારી | ૦૭ : ૨૬ | ૦૭ : ૨૮ | ૨ | ૬૧૭ | ૨ |
| ૧૯. | વલસાડ | ૦૮ : ૦૧ | ૦૮ : ૦૩ | ૨ | ૬૫૬ | ૨ |
| ૨૦. | વાપી | ૦૮ : ૨૫ | ૦૮ : ૨૭ | ૨ | ૬૮૦ | ૨ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- નીચેના સ્થળોએ ટ્રેનના પહોંચવાનો સમય લખો.

  ગાંધીધામ : ____________ અમદાવાદ : ____________ સુરત : ____________

- કોષ્ટકમાં આપેલા એવાં સ્ટેશનનાં નામ ઉપર ગોળ કરો જે રિયાની ડાયરીમાં લખેલ છે.
- ટ્રેન કયા સ્ટેશનથી ઊપડી હતી ? કેટલા કલાકે ?

  ________________________________

- ટ્રેને ભુજથી ગાંધીધામ પહોંચતાં સુધી કેટલા કિલોમીટર અંતર કાપ્યું ?

  ________________________________

- મુસાફરીના કયા દિવસે ટ્રેન વાપી પહોંચી ?

  ________________________________

- ફિયોના ટ્રેનમાંથી ઊતરી ત્યારબાદ રિયાને વાપી પહોંચતાં કેટલો સમય લાગ્યો ?

  ________________________________

- ફિયોના અને રિયાએ કેટલા કિમીની મુસાફરી સાથે કરી ?

  ________________________________

- રિયાએ ટ્રેન દ્વારા કેટલા કિમી મુસાફરી કરી ?


  ________________________________

- તમને ડાયરી લખવી ગમશે ?

  ________________________________

એક નોટબુક લો. તમે અઠવાડિયાના દરેક દિવસે શું કર્યું તેના વિશે લખો. તમારા વિચારો અને લાગણીઓ પણ લખો. તમારી ડાયરીની વાતોની મિત્રો સાથે આપ-લે કરી વાંચો.

**શિક્ષક માટે :** રેલવેનું સમયપત્રક વર્ગમાં લાવવું. બાળકોને સમયપત્રક કેવી રીતે વંચાય તેનું માર્ગદર્શન આપો. તમે સમયપત્રકને ભૂગોળ અને ગણિતની પ્રવૃત્તિઓ કરાવવા એક સાધન તરીકે ઉપયોગ કરી શકો છો.





Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

# પ્રકરણ ૯
# બદલાતાં કુટુંબો

અહીં કેટલાંક કુટુંબોનાં ચિત્રો છે. આ કુટુંબો કિરણ, સુમી અને દિપાલીનાં છે. આ ચિત્રોને આધારે વિવિધ જાણકારી મેળવીએ.

## કિરણની વાત

કિરણના કુટુંબમાં ખૂબ જ ઉત્સાહ છે. તેની નાની બહેન જન્મી છે. કિરણ અને તેનો પરિવાર ખુશ છે.






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com







## ચિત્રો જુઓ અને લખો :

- કિરણના કુટુંબમાં હવે કેટલા સભ્યો થયા ?

## ચાલો, વાત કરીએ :

કિરણના કુટુંબમાં તેની નાની બહેન જન્મી. હવે તેના ઘરમાં કઈ કઈ બાબતોમાં ફેરફાર થશે ?

- કિરણ તેનો દિવસ કેવી રીતે વિતાવશે ?
- તેની મમ્મીને હવે કયા કયા કામ વધશે ?
- ઘરમાં નાનું બાળક હોય તો કેવા ફેરફાર જોવા મળશે ?


**શિક્ષક માટે :** દરેક બાળકને તેના અનુભવોની આપ-લે કરવાની તક આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





**તમે જાણતાં હો, તેવા કુટુંબમાં નાનું બાળક હોય તો તેના વિશે જાણકારી મેળવી નીચેના પ્રશ્નોનાં જવાબ લખો :**

- તમારી આસપાસ સૌથી નાનું બાળક કોના ઘરે છે ?
- બાળકનો જન્મ ક્યારે થયો હતો ?
- તે બાળકની ઉંમર કેટલી છે ?
- તમારે એની સાથે શું સગપણ છે ?
- બાળકનો જન્મ ક્યાં થયો હતો ?
- બાળકને દાંત છે ?
- બાળકને શું ખવડાવાય છે ?
- તે બાળકનું ચિત્ર દોરો કે ફોટોગ્રાફ ચોંટાડો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## સુમીની વાત

સુમીના પિતાજી સરકારી નોકરી કરે છે. તેમને બઢતી મળી, બદલી પણ થઈ. હવે આપણે સુમીના પરિવાર અંગે જોઈશું.





સુમીના પિતાજી ઑફિસથી ઘરે આવ્યા. એમણે બઢતી અને બદલીની વાત કરી. હવે શું થયું હશે ? તે અંગે જોઈએ .....






- સુમીના પિતાજીની બદલી થઈ. હવે નવી જગ્યાએ જવા તેઓ કેવી તૈયારીઓ કરશે ?

  સુમીના પિતાજીની સાથે નવા સ્થળે કોણ કોણ જશે ? સુમી કેવી શાળામાં દાખલ થશે ?

  - તમારી શાળામાં છેલ્લે કોણે પ્રવેશ લીધો ? કેમ ?
  - તમારા પરિવારના કોઈ સભ્યને કામના લીધે બીજા ગામ કે શહેર જવું પડ્યું છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમારી શાળામાં બીજા ગામ કે શહેરમાંથી આવેલ વિદ્યાર્થી અંગે નોંધ કરો.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ક્યાંથી આવ્યો | ક્યારે આવ્યો | તેની શાળાનું નામ | તેની શાળામાં શું સારું હતુ ? | અહીંની શાળામાં તેને શું નવું લાગ્યું ? |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

## દિપાલીની વાત

દિપાલીના ઘરે આજે સૌ ખુશ છે. બધાં આનંદ કરે છે. દિપાલીના કાકાના દીકરાનાં આજે લગ્ન છે. તમે પણ કેટલાંય લગ્નો જોયાં હશે. આ લગ્ન અંગેનાં ચિત્રો જુઓ અને ચર્ચા કરો.













Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## વિચારો અને કહો :

- દિપાલીના કાકાના દીકરાનાં લગ્ન થયાં. હવે દિપાલીના ઘરમાં શું ફેરફાર થશે ?
- દીકરી સાસરે જાય, ત્યારે તેના (પિતાના) ઘરે કેવું પરિવર્તન થશે ?

**તમારાં માતા અને કાકી સાથે વાત કરો અને પૂછો.**

- તેઓ લગ્ન પહેલાં ક્યાં રહેતાં હતાં ?
- તે સમયે તેમના કુટુંબોમાં કયા કયા સભ્યો હતા ?
- તમારા કુટુંબમાં છેલ્લે કોનાં લગ્ન થયાં છે ?
- લગ્ન પ્રસંગે ભોજનમાં શું બનાવ્યું હતું ?

## તમારા મિત્રો સાથે વાત કરો અને તેમના કુટુંબોમાં લગ્ન દરમિયાન શું શું કરવામાં આવે છે ? તે વિશે લખો :

- વર અને કન્યા કેવાં કપડાં પહેરે છે ?

____________________

- લગ્નમાં કેવાં ગીતો અને નૃત્યો કરવામાં આવે છે ?

____________________

- તમે ગયેલ લગ્ન પ્રસંગમાં તમે શું શું જોયુ ?

____________________

આપણે કિરણ, સુમી અને દિપાલીના કુટુંબોમાં અલગ-અલગ કારણોથી થયેલ ફેરફાર જોયા.

**આ ફેરફાર માટેનાં કારણો લખો.**

- કિરણના કુટુંબમાં -

____________________

____________________

**આ પણ કામનું :** ગુજરાતમાં લગ્ન પ્રસંગે વિવિધ પ્રકારનાં ગીતો, નૃત્યો કરવામાં આવે છે. જેમ કે, ઉત્તર ગુજરાતમાં 'ડોસલો નૃત્ય', અરવલ્લી વિસ્તારમાં 'મોરિયો નૃત્ય', 'ઝમકૂડી ગીત', 'લેઝીમ નૃત્ય', કન્યા વિદાય ગીતો, પાંસલી ભરાવવા જતાં ગવાતાં વિવિધ ગીતો, 'રાસગરબો', 'હૂડો', 'સરજુ' જેવા નૃત્યો-ગીતો જોવા મળે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





- સુમીના કુટુંબમાં -

- દિપાલીનાં કુટુંબમાં -

- કુટુંબોમાં ફેરફારનાં આ સિવાયનાં ક્યાં કારણો હોઈ શકે ?

- ત્રણ વડીલો સાથે વાત કરો. એક તમારા કુટુંબમાંથી, એક તમારા મિત્રના કુટુંબમાંથી અને એક તમારા પડોશીના કુટુંબમાંથી તેઓને આ વિગતો પૂછો અને કોષ્ટક પૂર્ણ કરો.

| વિગત | તમારા કુટુંબમાં | મિત્રનું કુટુંબ | પડોશીનું કુટુંબ |
|---|---|---|---|
| • કુટુંબ અહીં છેલ્લા કેટલાં વર્ષોથી રહે છે ? | | | |
| • અહીં આવ્યા પહેલાં કુટુંબ ક્યાં રહેતું હતું ? | | | |
| • આજે કુટુંબમાં કેટલા સભ્યો છે ? | | | |
| • દસ વર્ષ પહેલાં કુટુંબમાં કેટલા સભ્યો હતા ? | | | |
| • કુટુંબમાં છેલ્લા દસ વર્ષમાં ફેરફારના શું કારણો હતાં ? | | | |
| • તમે આ બધા ફેરફારો વિશે શું અનુભવો છો ? | | | |

**શિક્ષક માટે :** ફેરફાર એ જીવનનો એક ભાગ છે. તેમ છતાં, બાળકો પર ફેરફારની ગંભીર અસર થાય છે. આ મુદ્દાની ચર્ચા સમયે તે ધ્યાનમાં રાખવું મહત્ત્વનું છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## મારું કુટુંબ - ગઈકાલે, આજે, આવતીકાલે ...

બધાં કુટુંબોમાં કોઈ એક અથવા બીજા અલગ-અલગ કારણોના લીધે ફેરફાર આવે છે. તમારા કુટુંબમાં શું ફેરફાર આવ્યો છે ?

જ્યારે તમારા દાદા અને દાદી નાનાં બાળકો હતાં ત્યારે શું તમારું કુટુંબ આજે હતું એવું જ હતું ? તેની દાદા-દાદી સાથે ચર્ચા કરો.

તમને સીતાના કુટુંબ-વૃક્ષનું ચિત્ર જે તમે ધોરણ-૩માં ભણ્યાં તે યાદ છે ? તમે પણ તમારું કુટુંબ-વૃક્ષ દોર્યું હશે. ચાલો, ગયા વર્ષની જેમ નોટબુકમાં કુટુંબ-વૃક્ષ દોરીએ.

- તમારા દાદા અથવા દાદી તમારી ઉંમરના હતાં ત્યારે તેઓના કુટુંબોમાં કેટલા સભ્યો હતા ? તમારી નોટબુકમાં તેમના કુટુંબનું વૃક્ષ દોરો.
- તમે પોતાને, તમારા ભાઈ, બહેન, માતા અથવા પિતાને એ કુટુંબ-વૃક્ષમાં જોઈ શકો છો ?
- હવે તમારા વર્તમાન કુટુંબનું વૃક્ષ તમારી નોટબુકમાં દોરો.

આજે તમારા કુટુંબમાં કયા કયા સભ્યો છે ? તમારા દાદા - દાદી ક્યાં છે ? આ કુટુંબવૃક્ષમાં તમે ક્યાં છો ?

### ચાલો, વાત કરીએ :

તમારા દાદા અથવા દાદીનાં બાળપણનું કુટુંબ-વૃક્ષ તમારા અત્યારના કુટુંબ-વૃક્ષ કરતાં કેવી રીતે જુદું પડે છે ?

**શાળાએ પાછા જઈએ**

- તમે ભણી-ગણીને શું બનવા માગો છો ?

___________________________

- તમારા ઘરમાં સૌથી વધુ કોણ ભણ્યું છે ?

___________________________

- તમારા ઘરમાં સૌથી ઓછું કોણ ભણ્યું છે ?

___________________________



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com





- **આ પણ કામનું :**

  લગ્ન કરવા માટે સરકારે ચોક્કસ ઉંમર નક્કી કરી છે. આ ઉંમર પહેલા લગ્ન કરવાં ગુનો બને છે, કારણ કે તેને બાળલગ્ન કહેવાય છે.



## શોધી કાઢો અને લખો :

- તમારા પડોશમાં એવાં કોઈ બાળકો છે જેમને શાળા છોડવી પડી હોય ? શા માટે ?

  ______________________________

  ______________________________

  ______________________________

- અત્યારે તેઓ શું કરે છે ?

  ______________________________

  ______________________________

- હાલમાં તમારા કુટુંબમાં કોઈના લગ્ન થયાં છે ? કોનાં ?

  ______________________________

  ______________________________

- વર અને કન્યાની ઉંમર કેટલી હતી ?

  ______________________________

  ______________________________

- તેઓએ કેવા પ્રકારનાં કપડાં પહેર્યાં હતાં ?

  કન્યા ______________________________

  ______________________________

  વર ______________________________

  ______________________________

**શિક્ષક માટે :** જે બાળકો શાળા શિક્ષણ પૂરું કરી શક્યા ન હોય, તેમને જીવનમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા કરો. લગ્ન માટેની ઉંમર છોકરીઓ માટે અઢાર વર્ષ અને છોકરાઓ માટે એકવીસ વર્ષ છે. તેની પણ ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




# પ્રકરણ ૧૦

# કબડ્ડી... કબડ્ડી... કબડ્ડી...

કબડ્ડી... કબડ્ડી... કબડ્ડી...
આઉટ, આઉટ (એકબાજુ બધી છોકરીઓ મોટેથી બૂમો પાડે છે)
કબડ્ડી... કબડ્ડી... કબડ્ડી... (અહીંથી પકડો)
કબડ્ડી, કબડ્ડી (પગ, પગ, પગથી પકડો. તેનો પગ પકડો)
કબડ્ડી, કબડ્ડી (વસુધા તું અહીં આવ, તેને તું અહીંથી પકડ.)
અરે ! જો સુશીલા તેનો હાથ રેખાને અડે નહીં.
તેનો હાથ પકડ.
કબડ્ડી, કબડ્ડી. ઓ ! તેણે અડી લીધું, તેણે અડી લીધું.
આઉટ, આઉટ, આઉટ બધા આઉટ, હો, હો, હો.
તમારી ટુકડીનાં બધાં આઉટ !

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





આ છોકરીઓ શું કરે છે ? તેઓ આઉટ, આઉટ, આઉટ બૂમો પાડે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ રમત રમે છે.

આ રમતને તમે શું કહો છો ? ચેડુગુડુ, હુ તુ તુ, ચૂ કીટ કીટ, હા - ડુ - ડુ અથવા કબડ્ડી કે કંઈક બીજું જ...

જ્યારે શ્યામલાને છોકરીઓ ઘેરી વળી અને પકડી લીધી, બધાએ વિચાર્યું તે 'આઉટ' થઈ ગઈ. કોઈકે તેના પગ પકડયા અને કોઈકે તેના હાથ પકડ્યા, જ્યારે એક છોકરીએ તેને કમરથી પકડી, પરંતુ શ્યામલા હાર માનવાવાળી ન હતી. તેણે વધુ તાકાત લગાવી પોતાની જાતને ખેંચી અને મેદાનની મધ્યમાં રહેલી રેખાને અડવામાં સફળ રહી.

જ્યારે શ્યામલા રેખાને અડી, ત્યારે સામેની ટુકડીની બધી છોકરીઓએ તેને પકડી હતી. તેથી તેઓ બધી 'આઉટ' થઈ ગઈ, પરંતુ રોઝીએ દલીલ કરી કે શ્યામલાએ વચ્ચે શ્વાસ લીધો એટલે ટુકડી આઉટ ગણાય નહિ. શ્યામલાએ કહ્યું તે સાચું નથી. તેણે કહ્યું કે જો તેણે શ્વાસ લીધો હતો તો કેમ છોકરીઓએ તેને પકડી રાખી ? ત્યાં મોટી દલીલ ચાલી. અંતમાં શ્યામલાની વાત માનવામાં આવી.

**શિક્ષક માટે :** આ રમત દ્વારા જીવનવ્યવહારમાં ચોક્કસ નિયમો અને તેનાં મહત્ત્વ અંગે ચર્ચા દ્વારા સમજ આપવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કબડ્ડી... કબડ્ડી... કબડ્ડી...

- કબડ્ડીની એક ટીમમાં કેટલા ખેલાડીઓ હોય છે ?

- શ્યામલા મધ્યરેખાને અડી ત્યારે કેટલા ખેલાડીઓ આઉટ થયા ?


- તમે રમતા હોય તે વખતે કોઈ વિવાદ થાય તો શું કરો છો ?

તો, આ કબડ્ડીની રમત છે. તેમાં ખેંચતાણ થાય. કોઈને પકડાય, થોડીક બૂમો પણ પડે. આ બહાદુરીની રમત છે અને એમાં ઘણા નિયમો છે. કબડ્ડીમાં દાવ લેનાર શું કરે છે ? 'કબડ્ડી કબડ્ડી' એમ સતત બોલ્યા કરે છે. તે પોતાના ભાગમાં પરત આવે ત્યાં સુધી શ્વાસ રોકી રાખે છે.

તમે દાવ લેવા જાઓ છો. ધ્યાન રાખો. તમારે શરીરનો ઉપયોગ કરવાનો છે. મગજનો પણ ઉપયોગ કરવાનો છે. ચારે બાજુ ધ્યાન આપવાનું. તમે સામેની ટીમની રેખાને અડો. એ વખતે કોઈ તમને પકડી ન લે એ જોવાનું. કેટલી ખબર રાખવાની ?

- શ્વાસ રોકી રાખો. કબડ્ડી કબડ્ડી એમ બોલતા રહો. કેટલો સમય બોલી શકો છો ?

તમે મેદાનમાં જાઓ ત્યારે કબડ્ડી રમો. તમારા હાથ, પગ અને આંખો પર ધ્યાન આપો. તમારા ધ્યાનમાં આવશે કે આ બધાં અંગો સાથે કામ કરે છે.



## વિચારો અને કહો :

- કબડ્ડીમાં આઉટ થવું એટલે શું ? કેવી કેવી રીતે આઉટ થવાય ?
- કેટલીક રમતોમાં દાવ લેનાર બીજાને અડવા જાય છે. કેટલીક રમતોમાં શોધવા જાય છે. કઈ કઈ રમતોમાં આ પ્રમાણે થાય છે ?
- તમે બીજી કઈ રમતો રમો છો ? તેમાં દાવ લેનારે શું કરવાનું હોય છે ?

**શિક્ષક માટે :** ઉપર બોક્ષમાં આપેલી પ્રવૃત્તિ ફક્ત શિક્ષકની અથવા વડીલની દેખરેખ નીચે કરવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




### કરણમ્ મલ્લેશ્વરી

કરણમ્ મલ્લેશ્વરી વેઈટ લિફ્ટર છે. (વેઈટ એટલે વજન, લિફ્ટ એટલે ઊંચકવું) તે આંધ્ર પ્રદેશની છે. તેના પિતા પોલીસમાં છે. મલ્લેશ્વરીએ બાર વર્ષની ઉંમરે વજન ઊંચકવાની શરૂઆત કરી હતી. હવે, તે ૧૩૦ કિગ્રા વજન ઉપાડી શકે છે.

મલ્લેશ્વરીએ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓગણત્રીસ ચંદ્રકો જીત્યા છે. તેની ચાર બહેનો પણ વેઈટ લિફ્ટર બનવાના પ્રયત્નો કરે છે.





### સરિતા ગાયકવાડ

૧ જૂન, ૧૯૯૪માં ડાંગ જિલ્લાના કરાડીઆંબા ગામે જન્મેલ સરિતા લક્ષ્મણભાઈ ગાયકવાડ ગુજરાતની દોડવીર છે. તેના માતા-પિતા ખેતીકામ સાથે જોડાયેલા છે. સરિતા ૪૦૦ મીટર દોડ અને ૪૦૦ મીટર વિઘ્નદોડમાં નિષ્ણાંત છે. એશિયન ગેમ્સ-૨૦૧૮માં તેણે ૪ × ૪૦૦ મીટરની રીલે દોડમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ છે. હાલ સરિતા ગાયકવાડ ગુજરાત સરકારના **'બેટી બચાવો'** અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે.

## ત્રણ બહેનોની વાત



આ ફોટોગ્રાફ જુઓ. તેઓ સાદા સરળ દાદીમા જેવાં નથી લાગતાં ? પરંતુ તેઓ વિશેષ છે.

ફોટોગ્રાફ ત્રણ બહેનોનો છે – જ્વાલા, લીલા અને હીરા. તેઓ મુંબઈમાં રહે છે. તે ત્રણેય કબડ્ડી રમતાં હતાં અને બીજાને પણ શીખવતાં હતાં. જ્વાલાએ કહ્યું, ''જ્યારે અમે યુવાન હતાં ત્યારે છોકરીઓને આ રમત રમવાની છૂટ ન હતી. લોકો વિચારતાં કે જો છોકરીઓ આવી રમતો રમે તો તેમની સાથે કોઈ લગ્ન નહીં કરે.'' તેઓએ એવું પણ કહ્યું કે તેમને કબડ્ડી રમવા છોકરાઓના કપડાં પહેરવાં પડતાં હતાં. તેથી તે લોકોએ છોકરીઓને આ રમતથી દૂર રાખી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



જ્યારે તેઓ નાનાં હતા, ત્યારે એમના પિતા મરણ પામ્યા. તેઓને તેમની માતા અને મામાએ ઉછેર્યાં. બંને મામા કબડ્ડી અને ખો-ખો રમતા હતા. તેઓએ આ ત્રણેય છોકરીઓને કબડ્ડી રમવા પ્રેરણા આપી હતી.

જ્વાલા અને લીલા તેમના અનુભવો વિશે વાત કરે છે. પચાસ વર્ષ પહેલાં જ્યારે અમે કબડ્ડી રમવાનું ચાલુ કર્યું, ત્યારે છોકરીઓને આ રમત રમવાની કોઈ તક મળતી ન હતી. તેમના માતા-પિતા તેઓને રમવા દેતા ન હતા, પરંતુ અમને હંમેશાં થતું કે અમે રમી શકીએ અને મારા મામા અને માતાએ અમને સહકાર આપ્યો. અમે ત્રણેયે આ રમત શીખી અને બીજી છોકરીઓ પણ અમારી સાથે જોડાઈ હતી. અમે કબડ્ડી ક્લબ બનાવી હતી. જે આજે પણ ચાલુ છે.

## ખૂબ યાદ આવે છે !

લીલા અને હીરાને એમની વાતો યાદ છે. તેઓ કહે છે કે હારી જવાની અણી પર હોય અને છતાંય જીત્યા હોઈએ એવું અનેક વખત બન્યું છે. એક વખત મેચ રમવા એક મોટા શહેરમાં ગયાં. મેચ તો સાંજે ૬.૩૦ કલાકે હતી. એટલે સિનેમા જોવા ગયાં. સિનેમા ચાલુ થયું અને થોડીક ધમાલ થઈ. મામા અમને હાથબત્તી (ટોર્ચ) લઈને શોધવા આવ્યા હતા અને શોધી પણ લીધાં. આખરે મામાએ અમને ઠપકો આપ્યો.

**શિક્ષક માટે :** હકીકતમાં ઘણીવાર છોકરીઓને રમતોમાં સમાન તકો મળતી નથી. તે આ ઉદાહરણનો ઉપયોગ કરી બાળકોનું ધ્યાન દોરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





# પ્રકરણ ૧૧
# વાડીમાં

રતન ચોથા ધોરણમાં ભણે. રજાઓમાં દાદા સાથે ગામડે ગઈ. દાદા એક સવારે તેને વાડીમાં લઈ ગયા. દાદા ગાય, ભેંસ અને બળદને નિરણ નાંખે ત્યાં તો રતન વાડીમાં અંદર દોડી ગઈ.

તેણે વાડીમાં વિવિધ ફૂલ, શાકભાજીના છોડ અને વેલા જોયાં. તેણે અનાજ-કઠોળના છોડ અને ઊંચાં ઊંચાં વૃક્ષો પણ જોયાં.

કૂંડામાં ઉગેલાં ગુલાબ તો કેવાં ! ખબર છે ? લાલ, પીળાં, ગુલાબી અને સફેદ. વળી, એક કૂંડામાં તો વેંત જેવડો જ વડલો !

એ તો આ બધું જોઈ દંગ રહી ગઈ.

હવે આંખો બંધ કરો અને અનુમાન કરો કે તમે કોઈ આવી જ જગ્યાએ છો. તો કેવું લાગે છે ? ત્યાં તમને કયું ગીત ગાવાનું મન થશે ?

તમે ક્યારેય કોઈ જગ્યાએ જાત જાતનાં ફૂલો એકસાથે ખીલેલા જોયાં છે ? ક્યાં ?


Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમે જુદાં જુદાં રંગના કેટલાં ફૂલ જોયાં છે ? તેમના રંગનાં નામ લખો.

તમારા ઘરમાં એવી કોઈ વસ્તુઓ છે જેના પર ફૂલોની ભાત બનેલી છે. જેમ કે, કપડાં, ચાદર, કૂંજાઓ વગેરે ? અહીં આવી જ એક ભાત બતાવી છે તે જુઓ.



આ કચ્છના લોકો દ્વારા ભરતગૂંથણ વડે તૈયાર કરેલ ચાકળાનું ચિત્ર છે. તેમાં ફૂલો વગેરેની સુંદર ભાત ખૂબ ઝીણવટથી કરવામાં આવે છે. આ ઉપરાંત અહીં ઓશિકાના કવર, પાકીટ, બગલથેલા, થેલીઓ ઉપર પણ ભાત તૈયાર કરાય છે.

આના જેવી ભાત તમારી નોટબુકમાં દોરો અને રંગ પૂરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



જેમ રતને જુદાં-જુદાં ફૂલ જોયાં, તેમ તમે પણ જોયાં હશે. અહીં ફૂલોના કેટલાંક ચિત્ર આપ્યાં છે. જે ફૂલને તમે ઓળખો છો તેની સામે (√) નિશાની કરો. તે ફૂલનું નામ પણ લખો.



















વાહ ! તમે પણ ઘણાં બધાં ફૂલોને ઓળખો છો. હવે અહીં ઉપર આપેલાં ચિત્રો સિવાયના તમે બીજાં જે ફૂલો જાણતા હોય તેવાં બીજાં બે નામ કોષ્ટકમાં લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



| ક્રમ | વિગત | ફૂલનું નામ | ફૂલનું નામ |
|---|---|---|---|
| ૧ | વૃક્ષ ઉપર ખીલતાં | | |
| ૨ | છોડ ઉપર ખીલતાં | | |
| ૩ | વેલા ઉપર ખીલતાં | | |
| ૪ | પાણીમાંના છોડ પર ખીલતાં | | |
| ૫ | રાત્રે જ ખીલતાં હોય | | |
| ૬ | દિવસે ખીલે અને રાત્રે બંધ થઈ જાય | | |
| ૭ | સુગંધ માત્રથી ઓળખી શકાય તેવાં | | |
| ૮ | આખું વર્ષ ખીલેલાં રહે તેવાં ફૂલ | | |
| ૯ | ફક્ત અમુક મહિનાઓમાં જ ખીલતાં ફૂલ | | |

હં.... અ.... તમે તો ઘણી જાણકારી ધરાવો છો. તો એ કહો કે, એવાં કોઈ વૃક્ષો અથવા છોડ છે જેને ક્યારેય ફૂલ આવતાં જ નથી ? તે શોધો અને નામ લખો.

## આવું કેમ ?

- તમે ક્યારેય કોઈ જગ્યાએ આવું પાટિયું જોયું છે ?
- આ પાટિયું ત્યાં હોય છતાં લોકો ફૂલો તોડે છે ?
- લોકો આવું શું કામ કરતાં હશે ? વિચારો.
- જો બધાં લોકો જ ફૂલો તોડે તો શું થાય ?
- તેમણે આમ કરવું જોઈએ ?






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



### ચાલો, નજીકથી જોઈએ

બગીચામાં જાઓ. નીચે પડેલું હોય તેવું ફૂલ લઈ આવો. આ ફૂલને ધ્યાનપૂર્વક જુઓ અને કહો.

| | |
|---|---|
| • ફૂલનો રંગ કેવો છે ? | |
| • તેને સુગંધ છે ? | |
| • તે કોના જેવું દેખાય છે ? (ઘંટ, વાટકી, બ્રશ કે અન્ય જેવું) | |
| • આ ફૂલ ઝૂમખામાં છે ? | |
| • તેને કેટલી પાંખડીઓ છે ? | |
| • પાંખડીઓ જોડાયેલી છે કે અલગ-અલગ ? | |
| • પાંખડીઓની બહાર લીલા રંગના પર્ણ જેવો ભાગ છે ? | |
| • પાંખડીઓની અંદર, ફૂલની મધ્યમાં તમે કોઈ પાતળો ભાગ જોઈ શકો છો ? તેનો રંગ લખો. | |
| • તમે તેને અડકો તો રજકણ જેવી વસ્તુ હાથ પર ચોંટે છે ? | |

### ખીલતી કળીઓ



તમે છોડ પર ખીલેલી કળી જોઈ હશે. તમારી આસપાસ જોવા મળતા છોડ પરની કળીઓનું અવલોકન કરો.

- ફૂલ અને કળી વચ્ચે તમને શું ભેદ જોવા મળે છે ?

- કળીને ખીલીને ફૂલ થતાં કેટલા દિવસો લાગે છે, શું તમે કહી શકો ?

ચાલો, પ્રયત્ન કરીએ અને શોધી કાઢીએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- છોડ પર ઊગતી કળી પસંદ કરો અને તેને રોજ ધ્યાનથી જુઓ. છોડનું નામ લખો.

  ______________________________

- તમે પહેલીવાર આ કળી ક્યારે જોઈ ? તારીખ ______________

  કળી ખીલીને ફૂલ બન્યું. તારીખ ______________

  કળીને ફૂલ બનતાં કેટલા દિવસો લાગ્યા ? ______________

- તમારા મિત્રોએ જોયેલાં ફૂલોનાં નામ પૂછો. તેમની કળીઓને ફૂલ બનતાં કેટલા દિવસ લાગ્યા તે જાણો ______________

- તે જ રીતે ફૂલ સૂકાતાં કેટલો સમય લાગે છે તે પણ અવલોકન કરો.

- તમારી નોટબુકમાં કળી અને તેના ફૂલનું ચિત્ર દોરો.

## ફૂલોના ઉપયોગો !

| ક્રમ | ફૂલનો ઉપયોગ | ઉદાહરણ | અન્ય ઉદાહરણ લખો |
|---|---|---|---|
| ૧. | ખોરાક તરીકે | ગુલકંદ | |
| ૨. | ઔષધિ તરીકે | ગુલાબ જળ | |
| ૩. | રંગ બનાવવા | કેસૂડો | |
| ૪. | ગીતમાં | પર્વત તારા પહોળા ખંભા.. ફૂલની રંગ સુગંધ તારી છે સોગાદ | |
| ૫. | સુશોભનમાં | ગુલાબ | |
| ૬. | પૂજામાં | | |
| ૭. | સુગંધિત દ્રવ્ય (અત્તર) માટે | | |

તમને સમજાયું ને કે ફૂલોના કેટલાં બધાં ઉપયોગ છે ? હવે તો ઠેકઠેકાણે ફૂલોની ખેતી પણ થાય છે. ફૂલો ઘણી બધી જગ્યાએ ઉગાડવામાં પણ આવે છે. ફૂલોથી ભરેલાં ખેતરો માઈલો સુધી વિસ્તરેલાં હોય એવું અનુમાન કરો. કેવું સુંદર લાગે !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ચાલો, થોડું વધારે જાણીએ ...

શું તમે કોઈને ફૂલો વેચતાં જોયાં છે ? જો તમારી આસપાસ કોઈ ફૂલો વેચનાર હોય તો તેમને આ પ્રશ્નો પૂછો અને લખો.

- તેઓ કયા કયા ફૂલો વેચે છે ?

- તેઓ આ ફૂલો ક્યાંથી લાવે છે ?

- લોકો ફૂલો શા માટે ખરીદે છે ?

- ફૂલો વેચનાર ફૂલો કયા રૂપમાં વેચે છે ? આ ચિત્રો જુઓ. તમે જોયેલાં ફૂલોનાં રૂપ સામે (√)ની નિશાની કરો.










Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- આ સિવાય ફૂલનું કોઈ બીજું રૂપ તમે જોયું છે ?

______________________________

- કેટલાંક ફૂલો અલગ-અલગ રૂપમાં ઉપયોગ થાય છે. જેમ કે ગુલાબ અને ગલગોટો હાર બનાવવા ઉપયોગી છે અને છૂટક પાંખડીઓ પણ વપરાય છે.

- આ અલગ-અલગ રૂપનાં ફૂલોની કિંમત શોધી કાઢો.

એક ફૂલ ______________________________

એક હાર ______________________________

એક પુષ્પગુચ્છ ______________________________

- ફૂલો વેચનાર પુષ્પગુચ્છ કે ફૂલોની જાળી કોઈની પાસેથી બનાવતાં શીખ્યા છે ? કોની પાસેથી ?

______________________________

- તેમના કુટુંબના બીજા કોઈ સભ્યો આ કામ કરે તેવું તે ઇચ્છે છે ? કેમ ?

______________________________

______________________________

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

- ચાર - પાંચ મિત્રોનું એક જૂથ બનાવી પ્રવૃત્તિ કરો.
- વૃક્ષ કે છોડ પરથી પડી ગયેલાં ફૂલો વર્ગમાં લાવો.
- આ ફૂલો જૂના સમાચારપત્ર વચ્ચે એકબીજાને અડે નહિ તેવી રીતે ફેલાવી દો.
- હવે, સમાચારપત્ર ઉપર ભાર મૂકો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- ફૂલો સુકાઈ ન જાય ત્યાં સુધી દબાવી રાખો.
- ત્યારબાદ બધાં ફૂલો સાચવીને લઈ લો. સ્ક્રેપબુક (ફૂલપોથી) તૈયાર કરો.
- તમે આ સૂકાયેલાં ફૂલોનો સુંદર કાર્ડ બનાવવા પણ ઉપયોગ કરી શકો.

રતન તો વાડીમાં આગળને આગળ ચાલતી જ જાય છે. ખેતરના એક ખૂણે તેણે થોડાક માણસોને એક ક્યારામાં ઘાસ સાફ કરતાં જોયા. તેણે પણ ત્યાં જઈ ઘાસ ખેંચવાનું ચાલુ કર્યું.

શું થયું ખબર છે ? તેના નાજુક હાથ ઘાસ ખેંચવાના લીધે લાલ થઈ ગયા. ત્યાં ઘાસ ખેંચતાં કેટલાંક મૂળ પણ ખેંચાઈ આવ્યાં.



- શું તમે કહી શકો કે બધા જ છોડને મૂળ હોય છે ?
- તમારી આજુબાજુ થોડાં વૃક્ષો અને છોડ જુઓ. તેમનાં મૂળ કેટલાં ઊંડાં અને ફેલાયેલાં છે ? અનુમાન કરો.

ત્યાં રતને જોયું, રામજીભાઈ મૂળા ખેંચીને બહાર કાઢતા હતા. રતને રામજીભાઈને પૂછયું તો તેમણે કહ્યું, ‘‘બેટા, આ મૂળા છે અને તે પણ મૂળ જ છે.’’ ત્યાં અચાનક એકદમ વરસાદ શરૂ થયો. ભારે પવન સાથે વરસાદ હોવા છતાં ખેતરના કિનારે ઊભાં વૃક્ષો તો અડીખમ ઊભાં હતાં.

- ભારે પવન હોવા છતાં વૃક્ષ કેમ પડ્યું નહિ ? અનુમાન કરો.
- ઊગતા નાના છોડને પાણી મળતાં જ તેનાં સૂકાયેલાં પાંદડાં ફરી તાજાં કેમ બની જતાં હશે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




- તમારી આસપાસ કયા છોડને નિયમિત પાણી આપવું પડે છે ?

રતનને પણ ખબર પડી કે તેના ઘરની આગળ ઉગેલા મોટા લીમડાને તેણે ઘણા સમયથી પાણી નથી આપ્યું. તેણે વિચાર્યું, તો તે લીમડો ક્યાંથી પાણી મેળવતો હશે ?

- તમારી આસપાસના કયા વૃક્ષને નિયમિત પાણીની જરૂર નથી. તે પાણી ક્યાંથી મેળવે છે ?

- નીચે આપેલાં શાકભાજીનાં ચિત્રો જુઓ અને તેમાંનાં કયા મૂળ છે તે શોધો.



રતનને હવે છોડ વિશે વધુને વધુ પ્રશ્નો થવા લાગ્યા.



તેણે શાળાની દીવાલમાંથી છોડને ઊગતો જોયો. તેને આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું ...

- આ છોડનાં મૂળ કેટલાં ઊંડા જતાં હશે ?
- મૂળને પાણી કેવી રીતે મળતું હશે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- આ છોડ કેટલા મોટા થતા હશે ?
- આ દીવાલનું શું થતું હશે ?
- ચિત્રમાં આપેલા છોડનું નામ તમે કહી શકો ?

તમે આવી રીતે દીવાલની તિરાડમાંથી છોડ ઊગતો જોયો છે ? ક્યાં જોયો છે ? તમને કયા કયા પ્રશ્નો થયા ? પ્રશ્નોના જવાબ તમારા વડીલો પાસેથી જાણીને નોંધો.



રતને ખેતરના શેઢે એક મોટું ઝાડ રોડ પર પડેલું જોયું. તેને તેની શાળાનું લીમડાનું વૃક્ષ યાદ આવ્યું. શેઢે પડેલા વૃક્ષના થોડા તૂટેલા મૂળ તે જોઈ શકતી હતી. તેણે વિચાર્યું -

- આ વૃક્ષને કોઈએ ઉખાડ્યું હશે કે તે જાતે જ પડી ગયું હશે ?
- આ વૃક્ષ કેટલું જૂનું હશે ?
- શેઢા પરના પથ્થરોની વચ્ચે આ વૃક્ષ પાણી ક્યાંથી મેળવતું હશે ?

## ચાલો, વાત કરીએ :

- તમારા વિસ્તારમાં કયાં વૃક્ષ જૂનાં છે ? તે કેટલા જૂનાં છે ? તમારા વડીલો પાસેથી જાણો.
- આ વૃક્ષ પર રહેતાં પ્રાણીઓનાં નામ લખો.
- તમે કોઈ મોટા વૃક્ષને નીચે પડેલું જોયું છે ? તમે તે જોયું ત્યારે શું વિચાર્યું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## વિચિત્ર મૂળ



- તમે વડના વૃક્ષ પર હીંચકા ખાધા છે ?
- હીંચકા ખાવા તમે શું પકડ્યું ?
- લટકેલી ડાળીઓ કોના જેવી દેખાય છે ?
- તે વડનાં મૂળ છે. તેને વડવાઈ કહે છે.
- તે ડાળીઓમાંથી ઊગી છેક જમીન સુધી ઉતરે છે.

ભરૂચ જિલ્લામાં આવેલો કબીરવડ તો ખૂબ જ મોટો છે. તેની વડવાઈઓ હવે થાંભલા જેવી બની વડને મજબૂત આધાર આપે છે.

આ વાતેય યાદ રાખજો કે વડને બીજાં વૃક્ષોની જેમ જમીનની અંદર પણ મૂળ હોય છે.

તમે વડ સિવાય કોઈ વૃક્ષની ડાળીઓમાંથી મૂળ ઊગતાં જોયાં છે ?



### ચાલો, પ્રવૃત્તિ કરીએ :

ત્રણ-ચાર મિત્રો જૂથમાં ભેગા થાઓ. અહીં આપેલી યાદી પૈકી કોણ શું શું લાવશે તે કહો.



મગ, ઘઉં, બાજરી, રાઈ, ચણા અથવા રાજમાના દાણા અને પીંજેલું રૂ.

દરેક એક જૂથ ફક્ત એક પ્રકારનાં બીજ સાથે કામ કરશે. થોડાં બીજ આખી રાત પાણી ભરેલા વાટકામાં ડૂબાડેલાં રાખો. પીંજેલા રૂને લઈ ભીનું કરો. તે પ્યાલાના મોં પર મૂકો. તેને મોં પર રબરબૅન્ડ અથવા દોરીની મદદથી કસીને બાંધી લો. ડૂબાડેલાં બીજ પાણીમાંથી કાઢી અને રૂ પર મૂકો. તમારે ધ્યાન રાખવાનું કે રૂ સૂકાઈ જાય નહિ. હવે પછીના દસ કે બાર દિવસમાં થતા બદલાવનું અવલોકન કરો. તમે જોયું કે બીજમાંથી અંકુર બહાર આવી ગયાં ? ચોથા અને આઠમા દિવસે અંકુરિત થયેલાં બીજ કેવાં લાગતાં હતાં તેના ચિત્રો દોરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



દિવસ ૪

દિવસ ૮

## તમારી નોટબુકમાં લખો :

- બીજને ડુબાડ્યા પછી તેમાં શું બદલાવ આવ્યો તેનું તમે અવલોકન કર્યું ? તેને સૂકાં બીજ સાથે સરખાવો અને લખો.
- જો રૂ સૂકું થઈ જાય, તો શું થશે ? ________
- મૂળ કઈ દિશામાં ઊગે છે ? અને પ્રકાંડ ? ________
- રૂનાં ટુકડામાં છોડ કેટલો ઊગે છે ? ________
- બધા બીજમાંથી નાના છોડ બહાર આવ્યા ? ________
- મૂળનો રંગ કેવો છે ? ________
- તમે મૂળ ઉપર કોઈ રેસા જોયા ? ________
- રૂમાંથી નાનો છોડ ખેંચીને કાઢવા પ્રયત્ન કરો. તમે તેને ખેંચીને કાઢવા સક્ષમ છો ? કેમ ? ________
- તમે જોયું રૂ ને મૂળ કેવી રીતે જકડી રાખે છે ? તમે વિચારો મૂળ જમીનને પણ આ જ રીતે જકડી રાખે છે. તમારા મિત્રએ ઉગાડેલા છોડને પણ જુઓ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## શું ઊગ્યું ?

આરીફા અને રૂપાલીએ ઉપરની પ્રવૃત્તિ કરી. તેમણે ધરુ ઊગેલું જોયું, જ્યારે પૂછવામાં આવ્યું. તેમણે શું ઊગાડ્યું છે ? ઊગેલી વસ્તુ વિશે તેમની પાસે અલગ જ યુક્તિ હતી.

- આરીફાએ આ યાદી બનાવી. પાંદડાં, લીંબોળી, કળી, કુરકુરિયું, ખીલીઓ, માછલી.
- રૂપાલીની યાદીમાં - ચાંદો, વૃક્ષ, હું, વાળ, તરબૂચ, મચ્છર, કાગડો છે.
- તમે શું વિચારો છો ? આરીફા અને રૂપાલીની યાદીમાંથી કઈ વસ્તુઓ ઊગશે ?
- તમે જે વસ્તુઓ ઊગે તેની તમારી પોતાની યાદી કેમ નથી બનાવતા ?

તમારી યાદીમાં આરીફા અને રૂપાલીની યાદીમાંની વસ્તુઓ ઉમેરી શકો છો.

______________________ ______________________

______________________ ______________________

______________________ ______________________

______________________ ______________________

______________________ ______________________

તમારા વિશે વિચારો. સમયની સાથે-સાથે તમારામાં પણ કેટલા બદલાવ આવ્યા છે ? તમે કોઈ રીતે વધ્યાં છો ? ઉદાહરણ તરીકે,

- તમારી ઊંચાઈ વધી ? છેલ્લા એક વર્ષમાં તમે કેટલા ઊંચા થયા છો ?
- તમે તમારા નખ ક્યારેય કાપ્યા ન હોય એવું અનુમાન કરો. તે કેવા દેખાય છે તે બતાવતું તમારી આંગળીઓનું ચિત્ર તમારી નોટબુકમાં દોરો.



**શિક્ષક માટે :** બાળકોને વિશ્વ પર્યાવરણ દિવસે કે કોઈ પણ પ્રસંગે વૃક્ષ વાવવા પ્રોત્સાહિત કરો. તેમને તેમના વૃક્ષનું ધ્યાન રાખવા કહો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પ્રકરણ ૧૨

# બદલાતો સમય

મારું નામ નીલાભાઈ છે. વર્ષો પહેલાંની આ વાત છે. એ સમયે હું નાનો બાળક. મારા પિતાજી ખેત-મજૂરી કરતા. હાલમાં હું નિવૃત્ત જીવન ગાળું છું. એ સમયના મારા અનુભવો તમારી સાથે આપ-લે કરવા માગું છું.

## મોટું સ્થળાંતર

લગભગ સિત્તેર વર્ષ પહેલાંની વાત છે. મને યાદ છે તે સમય, જ્યારે હું દસ વર્ષનો હતો. ત્યારે અમે અત્યારનો ટંડો ગામ (હાલ પાકિસ્તાન)માં રહેતા હતા. તે સમયે, અમારે ખૂબ વેઠવું પડેલું. ખૂબ ચહલ-પહલ ચાલતી હતી. મને સમજમાં નહોતું આવતું કે શું થઈ રહ્યું છે. એક દિવસ બાપાએ અમને કહ્યું કે આપણે ગામ છોડવાનું છે અને બીજી જગ્યાએ સ્થળાંતર કરવાનું છે.



**શિક્ષક માટે :** આ પાઠ ચાલુ કરતાં પહેલાં, ભારતે કેવી રીતે બ્રિટિશરોથી આઝાદી મેળવી અને ભાગલા કેવી રીતે પડ્યા તે વાત બાળકોને કરવી. તેઓને ભારત અને પાકિસ્તાન નકશામાં બતાવવા.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





હું મારું ગામ અને ઘર છોડવાથી દુઃખી હતો. ત્યાં મારા બધા મિત્રો હતા. અમે બધાં ઘરનાં સભ્યો બળદગાડાં લઈને ભાગ્યાં, તે પણ સરહદ પર પડાવી લીધાં. છેલ્લે ચાલતાં અમે કચ્છના ધોળાવીરા નજીક આવ્યાં. અમારી જેમ ઘણા લોકોએ અમારા વિસ્તારમાંથી સ્થળાંતર કર્યું હતું. લોકો કહેતા હતા કે આપણો દેશ બે ભાગ ભારત અને પાકિસ્તાનમાં વિભાજિત થઈ ગયો હતો. ભારતમાંથી ઘણા લોકો પાકિસ્તાનમાં ગયા હતા. જેમ અમે ભારતમાં આવ્યા હતા. થોડો સમય અમે બધાં એક કૂબો બનાવીને ધોળાવીરાનાં ખુલ્લા મેદાનમાં રહ્યાં હતાં.

## એક નવું ઘર

એક દિવસ બાપાએ અમને કહ્યું કે હવે ખરચરિયા (જયરામનગર) ગામમાં થોડી જગ્યા મળી છે. તેમણે કહ્યું આપણે ત્યાં આપણું ઘર બનાવીશું. હું ખૂબ જ ખુશ હતો. બાપા અને માએ ઘર બનાવવા સખત મહેનત કરી હતી. અમે બાળકોએ પણ મદદ કરી હતી. માએ માટી ખોદી અને અમે તગારાં ભરીને માને આપ્યાં હતાં. બહેન અને માએ તેમાં ભૂંસું ભેળવ્યું. બાપાએ દીવાલો બનાવી.



અમે આજુબાજુમાંથી ગાયનું છાણ ભેગું કરી લાવ્યાં. માએ તેમાંથી લીંપણ કરી ભોંયતળિયું તૈયાર કર્યું. મા કહેતાં કે ગાર કરેલી હોય ત્યાંથી જીવજંતુઓ દૂર રહે છે.


હવે, છાપરું ઢાંકવાનું હતું. બાપાએ લાંબી લીમડાની ડાળીઓ તોડી વાંસા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





તૈયાર કરી મોભ મૂક્યો. જેના પર થોડાં શણનાં કોથળા મૂકી માટીનાં નળિયાંથી ઢાંકી દીધું.

અમારી આજુબાજુના મોટા ભાગનાં ઘરો અમારા ઘર જેવાં જ હતાં. જે અમારા જૂના ઘર જેવાં જ હતાં. જે મને ખૂબ જ ગમતું હતું.

### શોધી કાઢો અને લખો :

- ગામના કોઈ વડીલ સાથે વાત કરો. તેમની મુલાકાત લઈ જ્યારે તેઓ આઠ કે નવ વર્ષના હતા તે સમયના તેમના અનુભવો જાણો અને લખો.
- તે ક્યાં રહેતા હતા ? તે જગ્યાનું નામ લખો.
- તેમનું ઘર કઈ કઈ સામગ્રીમાંથી બનાવેલું હતું ?
- તેમના ઘરમાં શૌચાલય હતું ? જો ના, તો તે ક્યાં હતું ?
- ઘરના કયા ભાગમાં રસોઈ બનાવવામાં આવતી હતી ?
- નીલાભાઈનું ઘર બન્યું ત્યારે ખૂબ જ ગાર / માટીનો ઉપયોગ થયો. શા માટે ?

**શિક્ષક માટે :** જયરામનગર પાટણ જિલ્લાના સમી તાલુકામાં આવેલું છે. બાળકોને શાળામાં રહેલા નકશામાં પાટણ અને સમી દર્શાવવા કહો. તેઓનું ધ્યાન દોરો. નીલાભાઈના માતા-પિતાએ ઘર બનાવવા બધી સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કર્યો હતો. સ્થાનિક મળી આવતી સામગ્રીઓ અને તેના ઉપયોગ વિશે ચર્ચા કરો.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## ઘરમાં ફેરફાર

સમય ઝડપથી વીતવા લાગ્યો. અમે મહેનત કરીને સ્થિર થયાં હતાં. હવે બા-બાપુજી મને પરણાવવા માંગતા હતાં. મેં વિચાર્યું કે લગ્ન પહેલાં અમારે ઘરની મરામત કરાવવી જોઈએ અને એક રૂમ વધારે બનાવવો જોઈએ. તે સમયે શહેરોમાં ઘર બનાવવા માટે લોકો સિમેન્ટ વાપરતા હતા. તેઓ કહેતા સિમેન્ટથી મજબૂત ઘરો બને છે. અમે પણ વિચાર્યું કે અમારે સિમેન્ટનો ઉપયોગ કરવો જોઈએ. અમે નવા રૂમની છત બનાવવા લોખંડ અને સિમેન્ટનો ઉપયોગ કર્યો.



તે સમયે બજારમાં પકવ્યા વગરની ઈંટો પણ મળતી હતી. અમે તેનાથી દીવાલો બનાવી. ઈંટોનો ઉપયોગ ફાયદાકારક હતો. અમારે હવે દીવાલ પર લીંપણ નહોતું કરવું પડતું. વર્ષમાં એકવાર અમે દીવાલોને ચૂનો લગાવડાવતા. અમે આંગણામાં નાનું રસોડું પણ બનાવી દીધું. રસોડામાં માટીનો ચૂલો અને વાસણો મૂકવાની જગ્યા હતી.

પછી મારા લગ્ન થયાં અને મારી પત્ની અમારા નવા ઘરમાં આવી. રસોઈ બનાવવા તે રસોડામાં નીચે બેસતી. અમે બધાં રસોડામાં ચટ્ટાઈ પર એકસાથે જમવા બેસતાં. તે ખૂબ ખુશીનો સમય હતો !

તે દિવસોમાં કેટલાંક લોકો શૌચ કરવા ખુલ્લા ખેતરોમાં જતાં હતાં. ઘણાંખરાં મકાનોમાં તેના માટે અલગ જગ્યા હતી. અમે ઘરની પાછળ બેલાંથી નાનું શૌચાલય બનાવ્યું હતું.

## વધુ બદલાવ

મારા સાત દીકરા અને એક દીકરીનો જન્મ તે ઘરમાં થયો હતો. સમય વીતતો ગયો. બાળકો થોડુંઘણું ભણ્યાં. વીસ વર્ષ પહેલાં અમારી દીકરી ઝમીના લગ્ન થયાં અને તે સાસરે રાફુ ગામે ચાલી ગઈ. જ્યારે દીકરા લાખાના લગ્ન થયાં અમને લાગ્યું કે નવી વહુ માટે અમારે ઘર તૈયાર કરી દેવું જોઈએ.

**શિક્ષક માટે :** બેલાં દરિયાકિનારે ખાણોમાંથી નીકળતો એક પ્રકારનો પથ્થર છે. જેનો ઉપયોગ ઈંટોની જેમ થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





ત્યારે દરેક પાકી ઈંટો વાપરતા હતા. અમે પણ દીવાલ બનાવવા તેનો જ ઉપયોગ કર્યો અને છત માટે વાંસા, નળિયાંના બદલે અમે મજબૂતી લાવવા માટે લોખંડ, કપચી અને સિમેન્ટનો ઉપયોગ કર્યો. શૌચાલયમાં કચરાના નિકાલ માટે પાઈપ મૂકી. રસોડું મોટું બનાવ્યું. લાખાની પત્ની માટીનો ચૂલો ખૂબ જ ઓછા પ્રમાણમાં વાપરે છે કારણ કે, તે ગૅસ-સ્ટવ પર રસોઈ બનાવે છે.

## નવી વસ્તુઓ જોઈએ



મારા દીકરાનો દીકરો હમણાં જુદો રહેવા લાગ્યો છે તેણે હવે નવું ઘર બનાવ્યું છે. તેને નાની-મોટી ખરીદી કરવા શહેર જવાનું થાય છે. ત્યાં તો મોટી મોટી ઈમારતો હોય. તેમાં જુદી જુદી સુવિધાઓ ઘણી જોવા મળે. તે નવી પેઢીનો દીકરો છે. તેણે હવે શૌચાલય, રસોડું વગેરે સુવિધાઓવાળું ઘર બનાવ્યું છે. જે બનાવવું અમારા માટે અઘરું હતું.

થોડાં વર્ષો પહેલાં લાખાએ શૌચાલય અને બાથરૂમ ફરીથી બનાવડાવ્યું. તેણે બાથરૂમમાં રંગીન ટાઈલ્સનો ઉપયોગ કર્યો. વિચારો, નાહવા માટેની જગ્યામાં આટલો બધો ખર્ચો !

હું હવે એંશી વર્ષનો થયો. આ બધાં વર્ષોમાં મેં ઘણાંબધાં ફેરફાર જોયા છે, મારા પોતાના ઘરમાં. પણ મને ખબર નથી કે મારા પૌત્ર-પૌત્રીઓ ક્યાં રહેવાનું પસંદ કરશે અને તેમનાં ઘર કેવાં હશે ! અત્યારે અલ્યારનો ટંડો ગામમાં મકાનો કેવાં હશે ? મને એમ પણ થાય છે કે મારાં બીજાં મિત્રો ક્યાં હશે ?

- તમારું ઘર બનાવવા માટે કઈ કઈ સામગ્રીઓ ઉપયોગમાં લેવામાં આવી છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમારા મિત્રનું ઘર કઈ કઈ સામગ્રીમાંથી બનેલું છે તે શોધી કાઢો. શું તેમાં કોઈ ફેરફાર છે ? તેના વિશે લખો.

- નીલાભાઈના પૌત્ર-પૌત્રીઓ કેવા ઘરમાં રહેશે તમે શું વિચારો છો ?

- તમે મોટા થઈને ક્યાં રહેવાનું પસંદ કરશો ? તમે કેવા પ્રકારનું ઘર પસંદ કરશો ?

- તમારા દાદા-દાદીઓના ઘર શાના દ્વારા બનાવવામાં આવ્યાં તેના વિશે તમે લખ્યું. શું તેમાંની કેટલીક વસ્તુઓ તમારું ઘર બનાવવા ઉપયોગમાં લેવાઈ છે ? તેનાં નામ આપો.

- લોકોને તેઓ જે કામ કરે છે તે અનુસાર નામ આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જે માણસ લાકડાંનું કામ કરે છે તેને સુથાર કહેવાય.
  - તમારા ગામમાં, જે લોકો લાકડાંનું કામ કરે તમે તેને શું કહો છો ?






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



હવે, ચિત્ર જુઓ અને કોષ્ટક પૂર્ણ કરો.



અલગ-અલગ લોકો દ્વારા અહીં કેવા પ્રકારનાં કામ થાય છે ?

ચિત્રમાં તેઓ કયાં સાધનોનો ઉપયોગ કરતા બતાવાયાં છે ? તેમનાં નામ આપેલા કોષ્ટકમાં લખો.

| કામ | સાધન | તે માણસ શું કહેવાય છે ? |
|---|---|---|
| ૧. ____________ | ____________ | ____________ |
| ૨. ____________ | ____________ | ____________ |
| ૩. ____________ | ____________ | ____________ |
| ૪. ____________ | ____________ | ____________ |

શું તમે આ પ્રકારનું કામ કરનારા માણસોને જાણો છો ? તેઓની મુલાકાત લઈ માહિતી મેળવો અને તમારા મિત્રો સાથે તેની ચર્ચા કરો.

**જ્યાં બાંધકામ ચાલતું હોય તેવા સ્થળની શિક્ષક કે વાલીની મદદથી મુલાકાત કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

- શાનું બાંધકામ થઈ રહ્યું છે ?

  ______________________________

  ______________________________

- કેટલા માણસો કામ કરી રહ્યા છે ?

  ______________________________

  ______________________________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તેઓ કયા પ્રકારનું કામ કરી રહ્યા છે ?
- ત્યાં કેટલા પુરુષો અને સ્ત્રીઓ છે ?
- તે લોકોને દરરોજ કેટલા રૂપિયા મળે છે ? એક - બે લોકોને પૂછો.
- મકાન બનાવવા કઈ કઈ સામગ્રી વાપરવામાં આવી છે ?
- મકાન બનાવવા કેટલી ટ્રક ઈંટો અને કેટલી થેલીઓ સિમેન્ટ વાપરવામાં આવી હશે તે અનુમાન કરવા પ્રયત્ન કરો.
- બાંધકામની જગ્યાએ સામગ્રી કેવી રીતે લાવવામાં આવે છે ? (ટ્રક દ્વારા, હાથલારીથી, બીજાં વાહનો દ્વારા) તેની યાદી બનાવો.
- કિંમતો શોધી કાઢો.

  સિમેન્ટની એક થેલી ______

  એક ઈંટ ______

  રેતીની એક ટ્રક / ટ્રેક્ટર ______
- થોડાં બીજા પ્રશ્નો પૂછો અને તેના જવાબ લખો.
  - ______
  - ______




**શિક્ષક માટે :** જો તમારી નજીકમાં બાંધકામ ચાલતું હોય તો તમે બાળકોને ત્યાં લઈ જઈ શકો છો. તેઓને ત્યાં કામ કરતા લોકો સાથે વાતચીત કરવા પ્રેરણા આપો.



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com





- એંશી વર્ષ સુધીમાં, નીલાભાઈના ઘરમાં જુદા જુદા સમયે જુદી જુદી સામગ્રીઓ ઉપયોગમાં લેવાઈ હતી. તેની સાચા ક્રમમાં યાદી બનાવો.

૧.　૨.　૩.　૪.



## ચાલો, ઘર બનાવીએ :

- બાળકોને ત્રણ ચારના જૂથમાં વિભાજિત કરો. દરેક જૂથને અલગ-અલગ ઘરના નમૂના બનાવવા દો. તેના માટે તમે માટી, લાકડું, કાગળ, કાપડના ટુકડા, ચંપલનું બૉક્સ, દીવાસળીનું બૉક્સ અને રંગોનો ઉપયોગ કરી શકો છો.
- બધા ઘરો / મકાનો પડોશમાં ફળિયું બને તે રીતે ગોઠવો.

**શિક્ષક માટે :** બાંધકામની જગ્યાએથી થોડા માણસોને તમારી શાળામાં બાળકો / વિદ્યાર્થીઓ સાથે તેમના કામ અને સાધનો વિશે વાત કરવા આમંત્રણ આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પ્રકરણ ૧૩
# નદીની સફર



નદીના ચિત્રને ધ્યાનપૂર્વક જુઓ. નીચે આપેલા શબ્દો વાંચો.


હોડી, વહેતું પાણી, વાદળાં, માછલી, જલીય-વનસ્પતિઓ, નદી, મોટું જહાજ, તેલ, નદી કિનારો, દુર્ગંધ, ફેક્ટરીઓ, કપડાં ધોવા, પ્રાણીઓ, બીજાં કામ, બદલાવ, શહેર.

ચિત્ર અને શબ્દોનો ઉપયોગ કરી વાર્તા બનાવો. તમારી વાર્તાને શીર્ષક પણ આપો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





ફરીથી ચિત્રો જુઓ અને આપેલા પ્રશ્નોના જવાબ આપો.

- નદી જ્યાંથી શરૂ થાય છે ત્યાં પાણીનો રંગ કેવો છે ?

- નદીમાં ક્યાંક ખૂબ જ માછલીઓ છે, તો ક્યાંક ઓછી અને કેટલીક જગ્યાએ મરેલી માછલીઓ પણ છે. આ માટે શું કારણ હોઈ શકે ? ચર્ચા કરો.

- નદી ગામમાં પહોંચે તે પહેલાં તેમાં શું જોઈ શકાય છે ?





- કઈ જગ્યાએ નદીના પાણીનો રંગ બદલાઈ ગયો ? આવું કેમ બન્યું ? ચર્ચા કરો.

- ચિત્રમાં આપેલી કઈ જગ્યાએ તમે રહેવાનું પસંદ કરશો ? શા માટે ?

- ચિત્રમાં જોયેલી કોઈ પણ વસ્તુ તમે બદલવા માંગો છો ? શા માટે અને કેવી રીતે ?

- નદીને સ્વચ્છ રાખવા માટે શું કરી શકાય ? ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- જો તમારે પાણી પીવું હોય તો, નદીના કયા ભાગમાંથી તમે પાણી પીવાનું પસંદ કરશો ? શા માટે ?

- ચિત્રના છેલ્લા ભાગમાં નદી દરિયાને મળે છે. શું તમે ક્યારેય દરિયો જોયો છે ? ક્યાં ? ફિલ્મમાં કે કોઈ બીજી જગ્યાએ ?



- તમે ક્યારેય નદી કે દરિયાકિનારે ગયા છો ? ક્યારે ?

- દરિયામાં મોજાં કેવી રીતે ઉછળે છે, તમારા હાથથી બતાવો અને દોરો.


- દરિયાનું પાણી પીવાલાયક હોય છે ? કેમ ?

- શું તમે વિચારો છો કે વર્ષમાં અલગ-અલગ સમયે નદી, તળાવ અથવા ઝરણાંઓમાં બદલાવ આવતા જાય છે ? આ બદલાવ કેવા પ્રકારના હોઈ શકે છે ? ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





- ચોમાસામાં તળાવ અને નદીઓમાં જેટલું પાણી હોય છે તેટલું ઉનાળાના દિવસોમાં પણ હોય છે ?

## તમારા ગામ કે શહેરની નજીક નદી, તળાવ કે ખાબોચિયાની જાણકારી મેળવો.

- ઉનાળા, શિયાળા અને ચોમાસા દરમિયાન પાણીમાં કોઈ ફેરફાર જોવા મળે છે ?
- તેમાં કયાં કયાં જળચર પ્રાણીઓ જોવા મળે છે ?
- તેની આસપાસ કેવાં પ્રકારનાં વૃક્ષો અને છોડ ઊગે છે ?
- ત્યાં કેવાં પ્રકારનાં પક્ષીઓ આવે છે ?
- તમે ક્યારેય પૂર જોયું છે કે તેના વિશે સાંભળ્યું કે વાંચ્યું છે ? ક્યાં ?
- પૂર આવે ત્યારે શું થાય છે ?
- તમે તળાવ કે નદીમાં ખરાબ પાણી જોયું છે ? ક્યાં ?

- પાણી ગંદું હોય એની તમને કેવી રીતે ખબર પડે ? જો પાણી સ્વચ્છ દેખાતું હોય, તો તે પાણી પીવાલાયક છે ? ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## પાણી કેવી રીતે ગંદું થાય છે ?

તમે ચિત્રમાં જોયું કે જ્યારે નદી ગામડાં કે શહેરોની નજીકથી વહેતી હોય ત્યારે, લોકો નદીના પાણીનો જુદી જુદી રીતે ઉપયોગ કરે છે. જેમ કે, કપડાં ધોવામાં, પ્રાણીઓને નવડાવવા અને વાસણો સાફ કરવામાં. આના કારણે નદી પહેલાં જેવી રહી નથી. આમાંની કેટલીક પ્રવૃત્તિઓ પાણીને ગંદું બનાવે છે. નદીમાં વહેતું પાણી ઘણી જગ્યાએથી પસાર થાય છે એટલે બદલાય છે. તળાવ અને મોટા ખાબોચિયામાં પણ પાણી આવા કારણથી ગંદું થઈ શકે છે.

તમે પીવાનું પાણી ક્યાંથી મેળવો છો ? નદીમાંથી કે તળાવમાંથી ? શું તમને લાગે છે કે તમારી નદી અથવા તળાવનું પાણી ચિત્રમાંની નદીના પાણીની જેમ જ ગંદું હશે ?

### આટલું કરો :

આ પ્રવૃત્તિ માટે તમારે થોડી સામગ્રી તમારા ઘરેથી લાવવાની રહેશે. તમને આ બધી વસ્તુઓ રસોડામાંથી મળી રહેશે.

- મીઠું, ખાંડ, હળદર, લોટ, ખાવાનો સોડા અને દાળ (દરેક અડધી ચમચી).
- લીબુંનો રસ, સાબુનું પાણી, શરબત, તેલ (દરેક અડધી ચમચી).
- પાંચ કે છ પ્યાલા અથવા બૉટલ.

### તમે શું કરશો ?


પ્યાલો અથવા બૉટલ અડધે સુધી પાણીથી ભરી લો. બધામાં સરખું પાણી હોવું જોઈએ એ ખાતરી કરી લો. હવે, પછી પાણી ભરેલાં દરેક પ્યાલા અથવા બૉટલમાં એક એક વસ્તુને ચમચી ભરીને ઉમેરો. ઉદાહરણ તરીકે, પ્રથમ પ્યાલામાં હળદર, બીજામાં તેલ, ત્રીજામાં સોડા. તેને ચમચીથી હલાવો અને જુઓ શું થાય છે ! તમારા અવલોકનો કોષ્ટકમાં લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





તમે શું અવલોકન કર્યું ? સાચી જગ્યાએ (√) નિશાની કરો.

| સામગ્રી | પાણીમાં ઓગળી જાય છે. | પાણીમાં ઓગળતી નથી. | પાણીનો રંગ બદલાય છે. | પાણીનો રંગ બદલાતો નથી. |
|---|---|---|---|---|
| ખાંડ | | | | |
| મીઠું | | | | |
| લીંબુનો રસ | | | | |
| હળદર | | | | |
| સાબુનું પાણી | | | | |
| લોટ | | | | |
| દાળ | | | | |
| શરબત | | | | |
| ખાવાનો સોડા | | | | |
| તેલ (રાઈ, તલ કે કોઈ પણ) | | | | |

હવે તમારા અવલોકનના આધારે કહો -

- બધી સામગ્રી પાણીમાં ઓગળે છે ?
- પાણીનો રંગ હંમેશાં બદલાય છે ?
- તેલ પાણીમાં ભળી ગયું ? તે પાણીમાં ભળ્યું કે નહિ એમ કઈ રીતે કહી શકો ?

ઘણી વસ્તુઓ પાણીમાં ઓગળતાં પાણીનો રંગ બદલાતો નથી. તમે કહી શકો કે પાણીમાં તેની હાજરી નથી ?

- ખાંડ, મીઠું, લીંબુનો રસ, શરબત વગેરે જેવી સામગ્રીઓ પાણીમાં ઓગળે નહિ તો ! અનુમાન કરો.
- પથ્થરો, ચૉક, પ્લાસ્ટિક અને કચરો જેવી વસ્તુઓ પાણીમાં ઓગળે તો ! અનુમાન કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## વિચારો :

બધી વસ્તુઓ સરળતાથી પાણીમાં ઓગળે ? તેમાંની ઘણી વસ્તુઓ જેવી કે પથ્થર, પ્લાસ્ટિક, ચૉક, કચરો, વગેરે ઓગળે તો શું થાય ? કેટલીક વસ્તુઓ આપણા શરીર માટે નુકસાનકારક છે. તેથી પાણી પીતાં પહેલાં તેને ચોખ્ખું કરવું ખૂબ જ મહત્ત્વનું છે. તેને ઉકાળવું તે સૌથી સારો ઉપાય છે. જો કોઈ કારણથી એવું ના થઈ શકે, તો તમે કોઈ બીજા ઉપાયો વિચારી શકો છો ?

- તમારા ઘરમાં પીવાનું પાણી કેવી રીતે ચોખ્ખું કરવામાં આવે છે ?
- ઘરે પાણીને ચોખ્ખું કરવાના જુદાં-જુદાં ઉપાયો જાણી લાવો.
- પાણી ચોખ્ખું કરવાના કોઈ પણ બે ઉપાયોના ચિત્રો દોરો અને લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૧૪
# રાજુનું ખેતર

હું રાજુ છું. મારા પિતા ખેડૂત છે. અમે ગુજરાતના ઈડર તાલુકાના વસાઈ ગામમાં રહીએ છીએ. ઑક્ટોબર મહિનો ચાલી રહ્યો છે. દરેક વર્ષની જેમ, મારા પિતાજી ડુંગળીના પાક માટે ખેતર તૈયાર કરી રહ્યા છે. આ સમયે ખેતરમાં ઘણાં બધાં કામ કરવાનાં હોય છે. પિતાજીને મદદ કરવા હું પણ ખેતરે જાઉં છું. છેલ્લાં થોડા દિવસોથી પિતાજી કોદાળી વડે જમીન ખોદી રહ્યા છે, જેથી ખેતર નરમ અને પોચું બને.



## શોધી કાઢો :

- રાજુના વિસ્તારમાં જમીનને નરમ બનાવવા કોદાળી નામના સાધનનો ઉપયોગ થાય છે. આ પ્રકારના સાધનને તમારા વિસ્તારમાં શું કહેવાય છે ? તે તમારી નોટબુકમાં દોરો અને ચર્ચા કરો.

**શિક્ષક માટે :** આ પાઠ ડુંગળીના પાકના વાવેતર વિશે વાત કરે છે. તમે બાળકોને તેમના વિસ્તારમાં ઊગતા પાકની રીત સમજાવવા આ ઉદાહરણ આપી પ્રોત્સાહિત કરી શકો છો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## બીજની વાવણી

આ વર્ષે પણ મારા પિતા ખેતરમાં ડુંગળીનાં બીજ વાવશે. બળદો હળ ખેંચશે અને પિતાજી હળ પાછળ ચાલીને ચાસમાં બીજ નાંખશે. મારે પણ પિતાજીની જેમ કામ કરવું છે.



પરંતુ પિતાજી કહે છે કે ચોક્કસ અંતરે પૂરતા પ્રમાણમાં બીજ નાંખવા ખૂબ જ જરૂરી છે. આ કામ સરળ નથી. તે કહે છે કે હું એક જગ્યાએ ઘણાં બધાં બીજ નાંખી દઈશ. એટલે હું મોટો થાઉં ત્યાં સુધી મારે રાહ જોવી પડશે.

- ખેતર ખેડવા પ્રાણીઓ સિવાય બીજી કઈ રીતોનો ઉપયોગ થાય છે ? ચર્ચા કરો.



## અંકુર દેખાશે

બીજને વાવ્યાંને વીસ દિવસ થઈ ગયા. ડુંગળીના બીજ અંકુરિત થવાના ચાલુ થઈ ગયા છે. ડુંગળીના છોડની સાથે સાથે નીંદણ પણ ઊગ્યું છે. નીંદણ ખેતરોમાં અને બગીચાઓમાં વાવ્યા વગર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ઊગી નીકળે છે. ખેતીના પાકમાં નીંદણ દૂર કરવામાં ન આવે તો પાક સારો થતો નથી. મમ્મી, કાકા અને હું પિતાજીને આ માટે મદદ કરીએ છીએ.

## ઊગેલા છોડ

ડુંગળીના પાકને જોઈને મને આનંદ થાય છે. તે મારા ઘૂંટણ જેટલા ઊંચાં થઈ ગયા છે. પાંદડા પીળાં થઈ ગયાં છે અને સૂકાં થઈ ગયાં છે એનો મતલબ ડુંગળીનો પાક તૈયાર થઈ ગયો છે. તેને લણવો પડશે.



- તમે ખેતરમાં જોયેલા કોઈપણ પાકને દોરો.

### તમને ખબર છે કેમ ?

ઘરનાં દરેકે ડુંગળીના પાકને લણવા મદદ કરવી પડશે. તે સમયસર થવું ખૂબ જ જરૂરી છે. જો અમે વિલંબ કરશું, તો ડુંગળીનો પાક જમીનમાં જ સડી જશે અને અમારી બધી મહેનત નકામી જશે.



- રાજુ પિતાને ખેતરમાં મદદ કરે છે. શું તમે ઘરનાં વડીલોને તેમના કામમાં મદદ કરો છો ? તમે કયા કામમાં મદદ કરો છો ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમને કામ કરવાની મજા આવી ?

---

## ડુંગળીનો પાક



ઘરમાં બધાં ખુશ છે. આ વખતે ડુંગળી મોટી અને સારી છે. મમ્મી અને કાકી ડુંગળીની સુકાયેલી ડાળી કાપવા ઈલ્લીજ (એક પ્રકારનું દાતરડું)નો ઉપયોગ કરે છે. ઈલ્લીજ ખૂબ જ ધારદાર હોય છે અને કાપતી વખતે તમારે આંગળીઓ કપાય નહિ તેનું ધ્યાન રાખવું પડે છે. પિતાજી અને કાકા ડુંગળીના કોથળાઓ ભરે છે. પિતાજી તે ટ્રકમાં ભરી મંડી કે મોટા બજારમાં વેચવા લઈ જશે.

### તમારી નોટબુકમાં ઉત્તર લખો.

- રાજુએ તેના પિતાને કયા કયા કામમાં મદદ કરી ?
- તમારા ઘરની નજીક કોઈ ખેતર છે ? તેમાં શું ઉગાડવામાં આવે છે ?




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




- રાજુના પિતા ડુંગળી ટ્રકમાં ભરી બજાર લઈ જાય છે. જો રસ્તા બરાબર ન હોય તો, ફળો અને શાકભાજી એક જગ્યાએથી બીજી જગ્યાએ કેવી રીતે લઈ જવાય છે ? વિચારો.
- ફળો અને શાકભાજી લઈ જવા માટે કેવા પ્રકારના વાહનોનો ઉપયોગ થાય છે ? તમારી નોટબુકમાં તેમાંના એક વાહનનું ચિત્ર દોરો.



## શોધી કાઢો અને લખો :

- રાજુના ખેતરમાં વપરાયેલા થોડાં સાધનોના ચિત્રો અહીં આપ્યાં છે. આ સાધનોના નામ લખો. તેને તમારા વિસ્તારમાં શું કહેવાય છે ? તેનો ઉપયોગ શું છે તે પણ લખો.



નામ (આ પાઠમાં) ____________


તમારા વિસ્તારમાં નામ ____________


ઉપયોગ ____________

નામ (આ પાઠમાં) ____________

તમારા વિસ્તારમાં નામ ____________

ઉપયોગ ____________





નામ (આ પાઠમાં) ____________

તમારા વિસ્તારમાં નામ ____________

ઉપયોગ ____________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- પાક ઊગાડવા માટે ઘણાં બધાં કામો કરવાની જરૂર પડે છે. ચિત્રો જુઓ અને તેમને સાચા ક્રમ આપો.













- તમારા વિસ્તારમાં કયા કયા પાક લેવામાં આવે છે ? તે લખો.


- તમારા વિસ્તારમાં થતા કોઈ એક પાક માટે કેવાં કેવાં કામ કરવા પડે તેની ચર્ચા કરો અને વિગત નોટબુકમાં લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પ્રકરણ ૧૫
# બજારથી ઘર સુધી



મારું નામ વૈશાલી છે. મારા પિતાજી શાકભાજી વેચે છે. મારાં મમ્મી, ભાઈ, છોટુ અને હું, પિતાજીના કામમાં મદદ કરીએ છીએ. તમને ખબર છે, અમારું કામ ક્યારે શરૂ થાય છે ? સવારે ત્રણ વાગે. જ્યારે મોટા ભાગના લોકો ગાઢ ઊંઘમાં હોય છે ત્યારે અમારું કામ શરૂ થઈ જાય છે. આગળના દિવસની શાકભાજીને કોથળામાંથી બહાર કાઢી તેને વ્યવસ્થિત ગોઠવવાનું તથા બીજી બાજુ બજાર(મંડી)માંથી તાજાં શાકભાજી લાવવાની તૈયારી કરવી પડે છે. ઘણીવાર છોટુ પણ અમને મદદ કરે છે.

અમે બધું કામ પતાવી ચા પીવા બેઠાં, ત્યાં જ ટેમ્પાનો અવાજ સાંભળ્યો. પિતાજી, ભાઈ, કાકા અને અમારા મહોલ્લાના માણસો ટેમ્પો લઈને તાજાં શાકભાજી લેવા બજાર (મંડી) જવા નીકળ્યા.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમારા ઘરમાં કોણ વહેલું ઊઠે છે ? તે કેટલા વાગે ઊઠે છે ? તેઓને શા માટે વહેલા ઊઠવું પડે છે ?

## દિવસની તૈયારી

મમ્મી, છોટુ અને હું આગલા દિવસની શાકભાજી કોથળામાં ભરીએ અને તેના પર થોડું પાણી છાંટીએ છીએ. સવારે ૬ : ૩૦ વાગે પિતાજી તાજાં શાકભાજી ભરેલા બાસ્કેટ અને કોથળાં લઈ પાછા ઘરે આવે છે. તે સમયે અમારું ઘર નાની શાકભાજીની મંડી જેવું લાગે છે. બધી બાજુ રીંગણાં, બટાટા, ટામેટાં, ભીંડાં, દૂધી, મરચાં અને બીજાં શાકભાજી હોય છે. દરેક જણ શાકભાજી અલગ કરવામાં મદદ કરે છે. જે શાકભાજી પાકેલાં નથી અને વેચવા લાયક ન હોય તેને એક તરફ કરવામાં આવે છે. અમારે શાકભાજી ખૂબ જ ઝડપથી અલગ કરવાના હોય છે, જેથી વહેલા બજાર પહોંચી શકાય.





૭:૦૦ વાગ્યા સુધીમાં પિતાજી બધાં શાકભાજી લારીમાં ગોઠવી દે છે અને બજાર માટે નીકળે છે. તે કહે છે જો તેઓ મોડા પડશે તો તેમના રોજના ગ્રાહક બીજા કોઈ પાસેથી ખરીદી લેશે. જેવા પિતાજી જાય હું જલદી તૈયાર થઈ જાઉં છું, કેમ કે મારે ૭:૩૦ વાગે શાળાએ પહોંચવાનું હોય છે.

**શિક્ષક માટે :** શાકભાજીનું મોટું બજાર (મંડી) વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## બજારમાં




છોટુ સવારે શાળાએ જાય છે. તે ૧૦ : ૦૦ વાગે પિતાજી અને ભાઈ માટે જમવાનું લઈ બજારમાં જાય છે. શાળામાં જવાનો સમય થાય ત્યાં સુધી તે લારી પર રહે છે. ઘણીવાર તે શાળામાંથી પિતાજીને મદદ કરવા જાય છે. પિતાજી આગલા દિવસના શાકભાજી પહેલાં વેચવા પ્રયત્ન કરે છે.

### વિચારો અને કહો :

- બાપુજી પહેલાં આગલા દિવસની શાકભાજી વેચે છે. તે કેમ આવું કરે છે ? વિચારો.
- તમે સૂકાયેલાં અથવા સડેલાં શાકભાજી જોયાં છે ? ક્યાં ?
- શાકભાજી સડી ગયાં છે એ તમને કેવી રીતે ખબર પડે ?

આગલા દિવસની શાકભાજી જેમ વેચાઈ જાય તેમ ભાઈ તાજી શાકભાજી કોથળામાંથી કાઢી લારીમાં મૂકે છે. તે શાકભાજી ઉપર પાણીનો છંટકાવ કર્યે રાખે છે જેથી તે સૂકાઈ ન જાય, ખાસ કરીને ઉનાળામાં. બાપુજી અને ભાઈ રાત્રે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ઘરે પાછા ફરે છે. ત્યાં સુધી છોટુ અને હું સૂઈ જઈએ છીએ. બીજા બધાં રાત્રે ૧૧:૦૦ અથવા ૧૧:૩૦ વાગ્યાની આસપાસ સૂઈ જાય છે અને બીજા દિવસે પાછાં વહેલા ઊઠી જાય છે.

- નીચે આપેલી ઘડિયાળો જુઓ. આ ઘડિયાળો જે સમય બતાવે છે એ સમયે તમે શું કરો છો અને વૈશાલી શું કરે છે ? તે લખો.




| સવારે | સવારે | રાત્રે |
|---|---|---|
| વૈશાલી ______ | વૈશાલી ______ | વૈશાલી ______ |
| તમે ______ | તમે ______ | તમે ______ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમને તમારા ઘર માટે શાકભાજી ક્યાંથી મળે છે ? શાકભાજી કોણ લાવે છે ?

- તમે તમારા ઘરે માતા-પિતાને કયા કયા કામમાં મદદ કરો છો ?

**સીમાની માતા બજારથી થોડાં શાકભાજી અને ફળો લાવી છે. શું તમે આ ચિત્રમાં તેમને જોઈ શકો છો ? તેમાં રંગ પૂરો અને નીચે તેમનાં નામ લખો :**





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## શોધી કાઢો :

- અહીં, શાકભાજી અને ફળોની યાદી આપી છે. તેમાંથી કયા જલદી બગડી જાય છે અને કયા થોડા દિવસો સુધી સારાં રહે છે ? યોગ્ય કૉલમમાં નામ લખો. તમે યાદીમાં બીજાં નામ ઉમેરી શકો છો.

| | | | | |
|---|---|---|---|---|
| પાલક | બટાટા | કેળાં | ટામેટાં | નાસપાતી |
| ચીકુ | અનનાસ | દૂધી | ડુંગળી | કોબીજ |
| કાકડી | દ્રાક્ષ | આદું | | |

| જલદી બગડી જાય તેવાં ફળો અને શાકભાજી | થોડા દિવસ સારાં રહી શકે તેવા ફળો અને શાકભાજી |
|---|---|
| | |

આ ફળો અને શાકભાજીમાંથી ઘણાં અડકવાથી નરમ લાગે છે, જ્યારે થોડાં બરછટ લાગે છે. ઉપરની યાદીમાંથી યોગ્ય કૉલમમાં નામ લખો.

| નરમ | બરછટ |
|---|---|
| | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમારા વિસ્તારમાં શાકભાજી વેચનાર સાથે વાત કરો. નીચેના પ્રશ્નો પૂછો અને નોટબુકમાં લખો.
  - તેમનું નામ શું છે ? તેમના કુટુંબમાં કેટલાં લોકો છે ?
  - તેમના ઘરે કેટલાં બાળકો છે ? તેમનાં નામ શું છે ?
  - શાકભાજી વેચવાના કામમાં કોણ મદદ કરે છે ?
  - કોણ શાકભાજીની લારી પર રહે છે અથવા દુકાનમાં બેસે છે ?
  - તેઓ ક્યાં શાકભાજી વેચે છે ? કેટલા વાગે કામ શરૂ કરે છે ?
  - તેઓ વેચતા હોય તેવાં ત્રણ શાકભાજી વિશે પૂછો.

| | શાકભાજી ૧ | શાકભાજી ૨ | શાકભાજી ૩ |
|---|---|---|---|
| શાકભાજીનું નામ | | | |
| શાકભાજીની કિંમત (૧ કિલોની) | | | |
| તે ક્યાંથી લાવવામાં આવે છે ? | | | |
| એક વખતમાં તેઓ કેટલાં શાકભાજી ખરીદે છે ? | | | |
| આ શાકભાજી સામાન્ય રીતે કયા મહિનામાં આવે છે ? | | | |
| દરરોજ કેટલા કિલો વેચવામાં આવે છે ? | | | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પ્રકરણ ૧૬
# કામનો મહિનો

બાલમંદિર,
ભાવનગર,
૧૩ એપ્રિલ, ૧૯૩૬

વહાલાં બાળકો,

બપોરના ત્રણ વાગ્યા છે. આકાશમાં વાદળો નથી. સૂર્ય તપી રહ્યો છે.

ચકલીઓ, કબૂતરો અને ફૂલચકલીઓએ જોડીઓમાં તેમના માળા બનાવવાનું શરૂ કરી દીધું છે. ઘણાં પક્ષીઓએ તેમના માળા બનાવી લીધા છે. થોડા માળામાં તો ઈંડાં સેવવાનું કામ ચાલે છે. પક્ષીઓના માતાપિતાઓએ તેમના બચ્ચાંઓને જુદાં જુદાં પ્રકારનાં જીવજંતુ અને બીજી વસ્તુઓ ખવડાવવાનું ચાલુ કરી દીધું છે.



કબૂતર

અમારા આંગણાંમાં પણ એક કબૂતરનું બચ્ચું છે. માળામાં હજી એક ઈંડું છે, પરંતુ તે સેવવામાં આવ્યું નથી.

**શિક્ષક માટે :** ગિજુભાઈ બધેકાની ઘણી બાળવાર્તાઓ તમે વાંચી હશે. અહીં એમનો એક પત્ર છે. બાળકો માટે જ લખાયો છે. જે સંકલિત કરીને નીચે મૂક્યો છે. પત્ર વાંચ્યા પછી બાળકો આજુબાજુ જોવા મળતાં પક્ષીઓનું અવલોકન કરવા પ્રોત્સાહિત થશે. તેમના વિશે વર્ગમાં ચર્ચા કરો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




દેવ ચકલી

ગોપાલભાઈના ઘરના રસ્તે, રોડની બાજુ પર ઘણા પથ્થરો છે. આ પથ્થરો વચ્ચેની જગ્યામાં એક દેવ ચકલીએ ઈંડાં મૂક્યાં છે. બચુભાઈએ મને તે બતાવ્યાં. મેં દૂરબીન વડે તે જોયાં. મેં જોયું માળો ઘાસનો બનેલો છે. તેની ટોચ ઉપર નરમ ડાળીઓ, મૂળ, ઊન, વાળ અને પીંજેલું રૂ હતાં. આ રીતે દેવ ચકલીએ તેનો માળો બનાવ્યો છે. તેના બચ્ચાંઓ માટે કેવું નરમ અને હૂંફાળું ઘર ! દેવ ચકલી કાગડા જેવી નથી. કાગડાનો માળો બધા પ્રકારની વસ્તુઓથી બનેલો હોય છે - તાર અને લાકડાનો પણ.


કાગડો

મેં દેવ ચકલીના માળામાં બચ્ચું પણ જોયું. તે તેની ચાંચ પહોળી રાખીને બેઠું હતું. તેનું મોં અંદરથી લાલ હતું. એટલી વારમાં દેવ ચકલી ઊડતી-ઊડતી માળામાં આવી અને બચ્ચાંની ખુલ્લી ચાંચમાં કંઈક મૂક્યું, કદાચ થોડાં નાનાં જીવજંતુ. ત્યાં સુધીમાં સાંજ પડવા આવી હતી. દેવ ચકલી તેના બચ્ચાંઓ સાથે જ ગોઠવાઈ ગઈ હતી.


કોયલ

તમે જાણો છો કે કોયલ ખૂબ જ મધુર ગાય છે. તમે જાણો છો કે કોયલ પોતાનો માળો બનાવતી નથી. તે તેનાં ઈંડાં કાગડાના માળામાં મૂકે છે. કાગડા પોતાના ઈંડાં સાથે તેનાં ઈંડાંને પણ સેવે છે.


કંસારો (બાર્બેટ)

નજીકમાં એક નાનું વૃક્ષ છે. તેની ડાળી પર માળો લટકે છે. પક્ષીઓ અદ્‌ભુત રીતે જુદાં હોય છે. કાગડો એનો માળો વૃક્ષ પર ઊંચે બનાવે છે. કબૂતર તેનો માળો થોરના કાંટાઓમાં અથવા મહેંદીની વાડમાં બનાવે છે. ચકલીઓ આજુબાજુ બધે આપણા ઘરમાં અને બહાર પણ જોવા મળે છે. તે તેનો માળો ગમે ત્યાં બનાવી દે છે - કબાટની ટોચ પર, અરીસા પાછળ, છાજલી પર. કબૂતર પણ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






તેનો માળો આ રીતે બનાવે છે. તેઓ તેમનો માળો ઘણીવાર જૂના અને ઉજ્જડ મકાનોમાં બનાવે છે. કંસારા પક્ષીનો ટક, ટક, ટક અવાજ ઉનાળામાં સંભળાય છે. તે તેનો માળો વૃક્ષના થડમાં કાણું કરી બનાવે છે. દરજીડો તેની તીક્ષ્ણ ચાંચનો ઉપયોગ કરી બે પાંદડાંઓ સીવીને ઝાડીઓમાં માળો બનાવે છે. તે તેણે બનાવેલા પાંદડાંની ગડીમાં ઈંડાં મૂકે છે. આ તેનો માળો છે.




ફૂલસૂંઘણી

ફૂલસૂંઘણી તેનો માળો વૃક્ષની નાની ડાળીઓમાં અથવા ઝાડીઓમાં લટકતો બનાવે છે. તે જ સાંજે અમે ફૂલસૂંઘણીનો માળો જોયો. તેનો માળો શાનો બનેલો છે તમે અનુમાન કરી શકો ? તેના માળામાં વાળ, ઘાસ, પાતળી સળીઓ, સૂકાં પાંદડાંઓ, પીંજેલું રૂ, ઝાડની છાલના ટુકડા, કપડાંના ચીંથરાં અને કરોળિયાનાં જાળાં હોય છે.

જ્યારે મેં દૂરબીન વડે જોયું, માળામાં બચ્ચાં જોઈ શકાતાં હતાં. તે માળાના નાના મુખ આગળ બેઠાં હતાં. તે તેની માતા ખાવાનું લઈને આવે તેની રાહ જોતાં બેઠાં હતાં. તે બીજું શું કરી શકે - ફક્ત ખાય અને સૂએ !



સુગરી

શું તમે સુગરી વિશે જાણો છો ? નર સુગરી ખૂબ સુંદર માળાઓ વણે છે. માદા સુગરી બધા માળાઓ જુએ છે અને બધાંથી સારો માળો પસંદ કરે છે અને તેમાં ઈંડાં મૂકવાનો નિર્ણય કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



બધાં પક્ષીઓ આ દિવસોમાં ખૂબ જ વ્યસ્ત છે. પહેલું સોપાન માળા બનાવવાનું અને ફક્ત ઈંડાં મૂકવાનું છે. આટલા બધા પ્રયત્નોથી બનાવેલા માળામાં બચ્ચાંઓને ઉછેરવા એ ખૂબ જ મુશ્કેલ કામ છે.

પક્ષીઓ માટે કેટલાંક માણસો અને બીજાં પ્રાણીઓ દુશ્મનો જેવા પણ હોય છે. કાગડાઓ અને ખિસકોલીઓ, બિલાડીઓ અને ઉંદરો - આ બધાં ઈંડાં ચોરી કરવાની તકો શોધતાં હોય છે. ઘણીવાર તે માળા તોડી પણ નાંખે છે.

પોતાની જાતને મુશ્કેલીથી બચાવવા, ખાવાની શોધમાં, માળો બનાવવામાં, ઈંડાંઓ સેવવા અને બચ્ચાંઓને સાવચેતીથી ઉછેરવા - વગેરે દરેક પક્ષી માટે કસોટી જેવું છે.

છતાંયે પક્ષીઓ કેવા આનંદ સાથે ગાય છે અને તેમની પાંખો ફેલાવી ઊડે છે.

આ બધા માટે, સલામ

તમારા ગિજુભાઈના આશીર્વાદ.

- ગિજુભાઈએ આ પત્ર કેટલાં વર્ષો પહેલાં લખ્યો હતો ?

- અહીં ઘણાં પક્ષીઓની વાત આવે છે. તમે એમાંથી કયાં પક્ષીઓ જોયાં છે ?

- બીજાં કેટલાં પક્ષીઓ તમે જોયાં છે ? કયા કયા ?

- તમે પક્ષીઓનો માળો જોયો છો ? તમે તે ક્યાં જોયો છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમારું મનપસંદ પક્ષી કયું છે ? તમે વર્ગમાં તમારા મિત્રોને કહી શકો એ કેવી રીતે ઊડે છે અને કેવો અવાજ કરે છે ?
- આ પક્ષી કયું છે ?

માથે મુગટ છે અને પૂંછડીમાં સિક્કાઓ,
ટોચથી પૂંછડી સુધી ખૂબ જ ભૂરા પટ્ટાઓ.
ચાવી : તે આપણું રાષ્ટ્રીય પક્ષી છે. ______________

- જો તમારા ઘરની આજુબાજુ અથવા ઘરમાં કોઈ માળો હોય તો તેને ધ્યાનપૂર્વક જુઓ. યાદ રાખો માળાની ખૂબ જ નજીક જશો નહિ અને તેને અડશો નહિ. જો એમ કરશો તો પછી પક્ષી ફરીવાર માળામાં આવશે નહિ.

થોડા દિવસો સુધી માળાનું અવલોકન કરો અને નીચેની વસ્તુઓ નોંધો.



- માળો ક્યાં બનાવાયો છે ?

______________

- માળો શાનો બનેલો છે ?

______________

- માળો તૈયાર છે કે હજુ પક્ષી તેને બનાવી રહ્યું છે ?

______________

- શું તમે ઓળખી શકો કે માળો કયા પક્ષીએ બનાવ્યો છે ?

______________

- પક્ષી માળામાં કઈ કઈ વસ્તુઓ લાવે છે ?

______________

- માળામાં કોઈ પક્ષી બેઠેલું છે ?

______________

- શું તમે વિચારો છો કે માળામાં કોઈ ઈંડાં છે ?

______________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમે માળામાંથી 'ચીં - ચીં' જેવો અવાજ સાંભળી શકો છો ?

- જો માળામાં બચ્ચાંઓ છે, તો બચ્ચાંનાં મા-બાપ તેમના ખાવા માટે શું લઈ આવે છે ?

- એક કલાકમાં આ પક્ષીઓ માળામાં કેટલી વાર આવે છે ?

- કેટલા દિવસો પછી બચ્ચાં માળો છોડી દે છે ?

- માળાનું ચિત્ર તમારી નોટબુકમાં દોરો.
- તમે જોયું કે પક્ષીઓ કેવી રીતે જુદી-જુદી વસ્તુઓથી પોતાનો માળો બનાવે છે. તેમાંની થોડી વસ્તુઓનો ઉપયોગ કરી માળો બનાવો. કાગળનું નાનું પક્ષી બનાવી માળામાં મૂકો.

પક્ષીઓ માળાનો ઉપયોગ ફક્ત ઈંડાં મૂકવા માટે કરે છે. બચ્ચાં મોટાં થઈ જાય ત્યારે તે માળો છોડી દે છે. આપણે પણ ચાલતાં અને બોલતાં થઈએ ત્યારે આપણું ઘર છોડી દેવું પડે તો ! અનુમાન કરો.

માળો છોડ્યા બાદ, જુદાં-જુદાં પ્રકારનાં પક્ષીઓ જુદી જુદી જગ્યાઓએ રહે છે - કેટલાંક વૃક્ષો પર, કેટલાંક પાણીમાં અથવા પાણીની નજીક અને કેટલાંક જમીન પર.

બીજાં પ્રાણીઓ પણ જુદી-જુદી જગ્યાએ રહે છે. જમીન પર, જમીનની અંદર, પાણીમાં, અને વૃક્ષો ઉપર.




Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com




## પક્ષીનાં પંજા - જરૂરિયાત પ્રમાણે જુદાં-જુદાં પ્રકારના




પાણીમાં તરવા




વૃક્ષની ડાળીઓ પકડવા



ખોરાક ઝડપવા (શિકાર કરવા)



જમીન પર ચાલવા



વૃક્ષ પર ચઢવા

## પક્ષીની ચાંચ - ખોરાક પ્રમાણે જુદી-જુદી પ્રકારની



માંસ ફાડવા અને ખાવા



વૃક્ષના થડ અને લાકડામાં કાણું પાડવા



ફૂલોનો રસ ચૂસવા



છીછરા પાણી અને કાદવમાંથી નાનાં જીવજંતુ શોધવા



બીજ તોડવા અને વાટવા



ઘણીબધી જાતના ખોરાક કાપવા અને ખાવા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## પ્રાણીના દાંત

તમે જોયું છે કે પ્રાણીઓને જુદાં-જુદાં પ્રકારના દાંત હોય છે.



ગાયના આગળના દાંત ઘાસ કાપવા માટે હોય છે. બાજુ પરના દાંત ઘાસ ચાવવા માટે મોટા અને સપાટ હોય છે.

બિલાડીના દાંત માંસ ફાડવા અને કાપવા માટે તીક્ષ્ણ હોય છે.





સાપને વાંકા તીક્ષ્ણ દાંત હોય છે, પરંતુ તે પોતાનો ખોરાક ચાવતા નથી. સાપ પોતાનો ખોરાક આખો જ ગળી જાય છે.

ખિસકોલીના આગળના દાંત જીવનપર્યંત વધ્યા કરે છે. તેમણે તેમના લાંબા કરેલા દાંત વડે વસ્તુઓ કોતરવાની હોય છે.



### તમારા પોતાના દાંત વિશે શોધી કાઢો અને લખો :

- તમારી ઉંમર ______
- તમારા દાંત કેટલા છે ? ______
- તમારા કોઈ દાંત તૂટી અથવા પડી ગયા છે ? કેટલા ? ______



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમને કેટલા નવા દાંત આવ્યા છે ?
- તમારા કેટલા દૂધિયા દાંત પડી ગયા છે, પરંતુ તેની જગ્યાએ નવા દાંત આવ્યા નથી ?

દાંત વિશે વધારે શોધો :

તમારા મિત્રના દાંત જુઓ. શું તે જુદા પ્રકારના દાંત છે ? તમારી નોટબુકમાં એક આગળનો અને એક પાછળનો દાંત દોરો. આ દાંત વચ્ચે તમે કોઈ તફાવત જોઈ શકો છો ?

કલ્પના કરો :

- જો તમારે આગળના દાંત ન હોય (બંને ઉપર અને નીચે) તો તમે જામફળ કેવી રીતે ખાઓ ? અભિનય કરી બતાવો કેવી રીતે ?
- તમારે આગળના દાંત છે, પરંતુ પાછળના એક પણ દાંત નથી. તમને કોઈ રોટલી આપે છે. તે તમે કેવી રીતે ખાશો ? બતાવો.
- તમારા મોંમાં એક પણ દાંત નથી. તમે કેવા પ્રકારની વસ્તુઓ ખાઈ શકશો ?
- તમારે દાંત ન હોય તો કેવા લાગો ? તમારી નોટબુકમાં ચિત્ર દોરો.
- ઘરડાં માણસો પાસેથી જાણો. જેઓને દાંત હોતા નથી, તેઓ કેવા પ્રકારની વસ્તુઓ ખાઈ શકતા નથી ?

તમારા વિસ્તારમાં સામાન્ય રીતે દેખાતા પક્ષીનું ચિત્ર દોરો. તેના શરીરના ભાગોને પણ નિર્દેશ કરો.



**સૌજન્ય :** આ પાઠમાં ઉપયોગમાં લેવાયેલાં બધાં ચિત્રો, પર્યાવરણીય શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૧૭
# તેજલ અમદાવાદમાં

હું મહિના પહેલાં માતાના ઈલાજ માટે અમદાવાદ આવી હતી. મારી માતાને હૉસ્પિટલમાં દાખલ કરી હતી.

## અમદાવાદ - મોટું શહેર

ધીમે ધીમે હું શહેરીજીવનને અનુકૂળ થવા લાગી છું. મને હજી પણ યાદ છે તે દિવસ જ્યારે હું અને મારી માતા અમદાવાદ સ્ટેશન પર ટ્રેનમાંથી ઊતર્યાં ત્યારે કેટલી ભીડ હતી ! મેં ઝડપથી મારી માતાનો હાથ પકડી લીધો.



હું વિચારતી હતી કે આટલી ભીડમાં મામા અમને કેવી રીતે શોધશે. તરત જ પાછળથી મેં મોટેથી બોલવાનો અવાજ સાંભળ્યો, 'તેજલ, તેજલ'. મેં પાછળ ફરીને જોયું તો તે મામા હતા.

જેવું અમે સ્ટેશન છોડ્યું તરત અમે મામાના ઘર તરફ જવાના રસ્તા

**શિક્ષક માટે :** માતાના ભાઈને ગુજરાતીમાં મામા કહેવાય છે. બાળકોને પૂછો તેઓ તેમના કુટુંબમાં માતાના ભાઈને શું કહે છે ?

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





ઉપર હતા, પરંતુ દરેક જગ્યાએ ભીડ હતી. એક સાંકડી ગલીમાં હરોળબંધ કેટલી બધી ઝૂંપડીઓ હતી. અમે મામાના ઘર સુધી પહોંચવા તે ગલીમાંથી ગયાં. મામા, મામી અને તેમની બે દીકરીઓ અને એક દીકરો. બધાં એક જ રૂમમાં રહે છે. હું પણ તેમની સાથે અહીં રહું છું. અમે અહીં બેસીએ, સૂઈએ તથા જમવાનું અને કપડાં-વાસણ ધોવાનું બધાં જ કામ એક જ રૂમમાં કરીએ છીએ.

મારા ગામના ઘરમાં પણ એક જ રૂમ છે, પરંતુ અમારે રસોઈ માટે અને નાહવા માટે જુદી જગ્યા છે. અમારે બહારની તરફ આંગણું છે.

## પાણી, પાણી

હું, ઋત્વા અને મામી વહેલી સવારે ૪:૦૦ વાગ્યે ઊઠીને સામૂહિક નળ પર પાણી ભરવા જઈએ છીએ. બાપ રે ! ત્યાં પાણી માટે કેટલા ઝઘડા થાય છે. જો અમે થોડાં મોડાં પડીએ, તો અમે આખા દિવસનું પાણી ભરી શકીએ નહિ. અમારા ગામના ઘરમાં પણ નળ નથી. ગામડામાં તળાવમાં પાણી હોય છે. ત્યાં જવા માટે વીસ મિનિટ લાગે છે. ઉનાળામાં, ઘણીવાર તળાવમાં પાણી સૂકાઈ જાય છે, પછી અમારે લગભગ એક કલાક સુધી ચાલીને નદીએ પાણી ભરવા જવું પડતું,

**શિક્ષક માટે :** માતાના ભાઈના પત્નીને મામી કહેવાય છે. બાળકોને પૂછો તેમના કુટુંબમાં તેઓ તેમને શું કહે છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





પરંતુ ગામમાં પાણી માટે ઝઘડા થતા નથી.

ગલીમાં જ્યાં મામા રહે છે ત્યાં એક છેડે શૌચાલય છે. ગલીના લોકો તે શૌચાલયનો ઉપયોગ કરે છે. તે હંમેશાં ખૂબ જ ગંદું હોય છે અને ત્યાં દુર્ગંધ આવે છે. પહેલીવાર તો મને તેનાથી ઊલટી જેવું થતું. ત્યાં પાણી પણ હોતું નથી. અમારે સાથે પાણી લઈને જવું પડતું. હવે, હું આ બધાથી ટેવાઈ ગઈ છું. મારા ગામમાં કેટલાંક લોકો ખુલ્લી જગ્યામાં કે ખેતરમાં શૌચ માટે જાય છે. પુરુષો અને સ્ત્રીઓ અલગ-અલગ જગ્યાએ જાય છે.

**લખો :**

- તેજલને તેની માતાને લઈ ગામથી અમદાવાદ કેમ આવવું પડ્યું હતું ?

- તેજલને તેના મામાના ઘરે શૌચાલયનો ઉપયોગ કરતાં કેમ ઊલટી જેવું થયું હતું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તેજલનું ઘર અને મામાનું ઘર કઈ રીતે જુદું પડે છે ?

- તેજલને સામૂહિક નળથી પાણી ભરવામાં અને ગામડે પાણી ભરવામાં શું તફાવત લાગે છે ?

- તેજલના મામા રહે છે ત્યાં વીજળી હશે ? તમે કેવી રીતે જાણ્યું ?

## શીખી લીધું



દરરોજ મારે મારી માતાને જોવા બસમાં જવું પડે છે. પહેલીવાર, મને આવી ભીડવાળી બસમાં જતાં બીક લાગતી. મને તેની આદત ન હતી. હું ડરતી હતી. પણ હવે એવું નથી મને ખબર છે લાઈનમાં કેવી રીતે ઊભું રહેવું, ટિકિટ માટે કેટલા પૈસા આપવા, ક્યાં ઊતરવું.

અમે જ્યાં રહીએ છીએ, ત્યાં નજીકમાં ઊંચાં મકાનો છે. મારા મામી ત્યાં સાત ઘરની સફાઈ અને વાસણ ધોવાનું કામ કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



એક દિવસ હું તેમની સાથે ત્યાં ગઈ હતી. જ્યારે પહેલીવાર મકાન જોયું, મને થયું કે તે એક મોટું ઘર હતું; પરંતુ મેં જોયું ત્યાં ઘણાંબધાં ઘરો એકની ઉપર એક એમ હતાં. મને આશ્ચર્ય થયું, હું કેવી રીતે આટલી બધી સીડી ચઢીશ, પરંતુ ત્યાં લિફ્ટ હતી. તે મોટા લોખંડના પાંજરા જેવી હતી. તેમાં પંખો, લાઈટ અને ઘંટડી હતી. અમે કેટલાં બધાં માણસો ગોઠવાઈ ગયાં અને બટન દબાવતાં તે ઉપર પહોંચી ગઈ. સાચે જ હું બહુ ગભરાતી હતી.



**કહો :**

તમારા કોઈ સગાં-વહાલાં હૉસ્પિટલમાં દાખલ થયેલ છે ?

- તે કેટલા દિવસો માટે ?
- તમે તેની મુલાકાત લીધી છે ?
- ત્યાં દર્દીની દેખરેખ કોણ કોણ રાખે છે ?
- તમે ઊંચાં મકાનો જોયાં છે ? ક્યાં ?
- તે મકાનમાં કેટલા માળ છે ?
- તમે કેટલા માળ ચડ્યાં છો ?

## બીજું ઘર



મામી પહેલાં મને હર્ષના ઘરે લઈ ગયાં. તેનું ઘર બારમા માળે હતું. કેટલું મોટું ઘર ! કેટલા બધા રૂમ. એક બેઠકખંડ, એક ભોજનખંડ, એક શયનખંડ અને એક રસોડું. તેમનું શૌચાલય પણ ઘરમાં જ હતું! હર્ષના ઘરને સાફ કરતાં મામીને ખૂબ જ સમય લાગ્યો, પરંતુ તે સરળતાથી કામ કરી શકે છે. રસોડામાં નળ છે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



અને તેમાં પાણી આવે છે. હર્ષે નાહવા માટે નળ નીચે પાણી ભરવા ડોલ મૂકી, પછી તે ટીવી જોવા બેઠો. કેટલો બધો પાણીનો બગાડ થયો. મને તે ના ગમ્યું. હું ગઈ અને નળ બંધ કર્યો.

હર્ષના ઘરમાં મોટી કાચની બારીઓ છે. મામીએ મને બારીમાંથી બહાર જોવા કહ્યું. હું મામાની ગલી અને ઘર જોઈ શકતી હતી, પરંતુ કયું ઘર તેમનું છે તે કહી શકતી ન હતી. ત્યાં ઉપરથી દરેક વસ્તુઓ રમકડાં જેવી નાનકડી લાગતી હતી. મને ઊંચાઈએથી જોવામાં ડર લાગતો હતો.



- તેજલ પહેલીવાર અમદાવાદ આવી, ત્યારે તેને કઈ કઈ બાબતોનો ડર લાગતો હતો ?

**શિક્ષક માટે :** આ પાઠ તેજલના મામા જ્યાં રહે છે તે મકાનો અને ઊંચી ઈમારતોના મકાનો વચ્ચેનો તફાવત બતાવે છે. બાળકોને આવા બીજા તફાવતો વિશે વિચારવા પ્રોત્સાહિત કરો અને તેનાં કારણો વિચારવા પ્રોત્સાહિત કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- જ્યાં મામા રહેતા હતા તે અને ઊંચી ઈમારતોનાં મકાનો વચ્ચે શું તફાવત હતો ?

| મામા જ્યાં રહે છે તે વિસ્તારનાં મકાનો | ઊંચી ઈમારતોનાં મકાનો |
|---|---|
| | |
| | |
| | |
| | |

- આ તફાવત શા માટે છે ? ચર્ચા કરો.

## તમારા વિશે કહો :

- તમે રહો છો તેના જેવા ઘર ઉપર વર્તુળ કરો. તે ઘર આના જેવું છે.

  તેજલ    મામા    હર્ષ    કોઈ બીજા જેવું

- તમારા ઘરમાં પાણી ક્યાંથી આવે છે ?
- તમારા ઘરમાં વીજળી જોડાણ છે ? જો હા તો, દિવસમાં કેટલા કલાક તમારા ઘરમાં વીજળી મળે છે ?
- તમે જ્યાં રહો છો ત્યાં કઈ હૉસ્પિટલ નજીકમાં છે ?
- નીચેની જગ્યાઓ તમારા ઘરથી કેટલી દૂર છે ?

| | ચાલતા સમય (મિનિટ) | અંતર (કિમી) |
|---|---|---|
| બસ-સ્ટૉપ | | |
| શાળા | | |
| બજાર | | |
| પોસ્ટ-ઑફિસ | | |
| હૉસ્પિટલ | | |

- તમારા વિસ્તારના જુદા જુદા પ્રકારના મકાનોનાં ચિત્રો તમારી નોટબુકમાં દોરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## એક નવી ચિંતા



મામાએ કહ્યું કે તે મને આખું અમદાવાદ જોવા લઈ જવા માંગે છે. અહીં આસપાસ બાળકો રિવરફ્રન્ટ વિશે ખૂબ જ વાતો કરે છે. તેઓ કહે છે ત્યાં મોટા-મોટા કલાકારો, નેતાઓ અને ખેલાડીઓ પણ આવે છે. જો હું ત્યાં જાઉં અને હું કદાચ તેમને જોઉં તો !

આ દિવસોમાં મામા ખૂબ જ ચિંતામાં છે. હું તેમને મને રિવરફ્રન્ટ લઈ જવા કહી શકું નહિ. છેલ્લા અઠવાડિયે કેટલાંક લોકો નોટિસ લાવ્યા કે ત્યાંના લોકોએ તે જગ્યા છોડી દેવી પડશે.

આ જગ્યા સરકારી હોવાથી ખાલી કરવાની છે. મામા કહે છે કે છેલ્લાં દસ વર્ષમાં આવી ત્રીજી નોટિસ આપવામાં આવી છે. ત્યાં જે લોકો રહે છે, તેમને ઘર માટે બીજા સ્થળે જગ્યા આપવામાં આવશે. પરંતુ તે થોડે દૂર છે. મામાને આટલે દૂરથી કામની જગ્યાએ જવા માટે વધારે સમય અને નાણાં જશે. મામીને બીજા કામની શોધ કરવી પડશે. હું પણ મારી માતાને મળવા કેવી રીતે જઈશ ? હજી સુધી મારી માતા પૂર્ણ રીતે સાજી થઈ નથી.

**શિક્ષક માટે :** તેજલના મામાની જેમ લોકોએ ઘણીવાર પોતાનાં ઘર છોડી બીજે જવું પડે છે. વર્ગમાં તેનાં કારણો વિશે ચર્ચા કરો. આ બદલાવ આખા કુટુંબ પર શું અસર કરે છે તેની ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



### તમારી નોટબુકમાં લખો :

- મામાએ તેમનું ઘર કેમ બદલવાનું છે ?
- તમે તમારા ઘરેથી સ્થળાંતર કર્યું છે ? જો હા, તો તમારે સ્થળાંતર કેમ કરવું પડ્યું ?
- શું તમારા કુટુંબમાં સભ્યોએ કામ માટે દૂર જવું પડે છે ? તેઓ ક્યાં જાય છે ? તેમને કેટલે દૂર જવાનું હોય છે ?

### ચર્ચા કરો :

- ત્યાં હૉટલ બનવાની છે તેના કારણે મામા અને બીજાં બધાંએ સ્થળાંતર કરવું પડશે એ સારું છે ?
- તેનાથી કોને ફાયદો થશે ?
- કોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે ?
- તેજલના મામાની જેમ કોઈ મુશ્કેલી પડી હોય તેવાં લોકોને તમે જાણો છો ? વર્ગમાં તેના વિશે વાત કરો.

**તમારી પસંદગીના ઘરનું ચિત્ર દોરો અને રંગ પૂરો.**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૧૮
# ગામ-ગામનાં પાણી

## તરસ કેવી રીતે છીપાવવી ?



ક્રિપલ પુસ્તક વાંચતી હતી, ત્યારે તેણે દરવાજે અવાજ સાંભળ્યો. તેણે જોયું કે કોઈ મહેમાન આવ્યા છે. પપ્પાએ મહેમાનને આવકાર આપ્યો. તેમણે ઋચનને તેમના માટે ઠંડું પીણું લાવવા કહ્યું. મહેમાને કહ્યું, ‘‘હું ઠંડું પીણું લઈશ નહિ. મને એક ગ્લાસ પાણી આપો.’’

પપ્પાએ કહ્યું, ‘‘આજકાલ અમને પીવાલાયક પાણી મળતું નથી. તે ચોખ્ખું પણ દેખાતું નથી. સારું રહેશે જો તમે તે પાણી ન પીઓ. અમારી પાસે તો છૂટકો નથી, એટલે આવું પાણી પીવું પડે છે.’’



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





## ચર્ચા કરો :

- ગંદું પાણી આપણા શરીરને કેવી રીતે નુકસાન કરે છે ?
- આવા પાણીથી કોઈ બીમાર થયું હોય એવા કોઈને તમે જાણો છો ? તેના વિશે વાત કરો.
- ક્રિપલના ઘરે જ્યારે મહેમાન આવ્યા, તેમણે મહેમાનને પાણીના બદલે ઠંડાં પીણાં માટે પૂછ્યું, કારણ કે તેમણે વિચાર્યું તે આવું પાણી ના પી શકે. તમારા વિચારે ક્રિપલના કુટુંબે તેમના પોતાના પીવાના પાણી માટે શું કરવું જોઈએ ?
- મહેમાને ઠંડું પીણું લેવાની ના પાડી. તેમણે આવું કેમ કહ્યું ? વિચારો.

## પાણીની રમતો

ઉત્તર ગુજરાતમાં મોટા વૉટરપાર્ક છે. એક દિવસ સચિન અને નીરૂ તેમનાં માતાપિતા સાથે વૉટરપાર્ક ગયાં. ત્યાં ઘણા બધા પાણીના ફુવારા હતા. નીરૂએ કહ્યું, ''જો સચિન પાણીમાં કેટલી બધી રાઈડ્સ છે.''



''આ બાજુ મોટાં તળાવો !'', સચિને કહ્યું, છબ ! છબ ! છબ ! બંનેએ પાછળ જોયું. ઝૂમ, ઝૂમ, ઝૂમ અવાજ કરતાં પહોળી લપસણીમાં ઝડપથી લપસતાં બાળકો પાણીમાં પડતાં હતાં.



સચિન લપસણીમાં ખૂબ જ ઊંચે ગયો. થોડી જ ક્ષણોમાં તે ધબાક કરતો પાણીમાં પડ્યો. નીરૂએ આશ્ચર્યથી ચીસ પાડી.

પછી તરત તેમણે પાર્કની બહાર ખૂબ જ મોટો અવાજ સાંભળ્યો. દરેક જણ ઝડપથી દરવાજા તરફ દોડ્યાં. ત્યાં લોકોનું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ટોળું ખાલી ડોલ અને ઘડા લઈને ઊભું હતું. એક નાનું બાળક ખાલી બૉટલ લઈ તેની માતાને વળગેલું હતું. સચિનની માતા ટોળામાં એક મહિલા પાસે ગઈ. ''શું વાત છે ?'' તેણે પૂછ્યું.

મહિલાએ ગુસ્સાથી જવાબ આપ્યો, ''તમે પૂછો છો શું વાત છે? અમારા કૂવામાં પાણી નથી. અઠવાડિયામાં એક દિવસ પાણીનું ટૅન્કર આવે છે ત્યારે જ અમને પાણી મળે છે. આજે, તે નથી આવ્યું અને અહીં આટલું બધું પાણી તમારે રમવા માટે છે. અમે શું કરીએ કહો ?''



**વાંચો અને લખો :**

- તમારા ઘરમાં ક્યારેય પાણીની અછત થઈ છે ? ક્યારે ?

  ______________________

- ત્યારે તમે શું કરો છો ?

  ______________________

- તમે ક્યારેય પાણીમાં રમ્યા છો ? ક્યાં અને ક્યારે ?

  ______________________

- તમને ક્યારેય પાણીમાં રમવાની ના પાડવામાં આવેલ છે ? કેમ ?
  - ______________________
  - ______________________

- તમે તમારી આસપાસ પાણીનો બગાડ થતો જોયો છે ? ચર્ચા કરો.

  ______________________

- વૉટરપાર્કમાં રમવા માટે ખૂબ જ પાણી હતું, પરંતુ નજીકના ગામડામાં લોકોને પીવાનું પાણી પણ મળતું નથી. તેના વિશે વિચારો અને ચર્ચા કરો.
- જો તમે વૉટરપાર્કમાં જાઓ, તો ત્યાં પાણી ક્યાંથી આવે છે તે શોધી કાઢો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## શું આ પી શકાય ?

એલિસબ્રિજ, અમદાવાદ




લિફ્ટ વીસમા માળે ઊભી રહી. સ્મિતને લિફ્ટમાં જવું ખૂબ ગમે છે. આજે શાળામાં રજા છે. સ્મિત તેની માતા સાથે અંજુ મૅડમને ત્યાં આવ્યો. તેની માતા ત્યાં કામ કરતી હતી. તે ઘર શાંત, સાફ અને ચમકતું હતું. અંજુ સમાચારપત્ર વાંચતી હતી. સ્મિતને જોઈ તેણે હસીને પૂછ્યું ''શું આજે રજા છે ?'' મૅડમે ટીવી ચાલુ કર્યું અને થોડી જ વારમાં સ્મિત કાર્ટૂનની દુનિયામાં ખોવાઈ ગયો. એટલામાં અંજુ મેડમે બૂમ પાડી. ''અરે છાયા આ વિસ્તારના પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી ગયું છે એમ સમાચારપત્રમાં છે. આ ગંદા પાણીના કારણે ઘણાં લોકોને ઝાડા અને ઊલટી થઈ ગયાં છે. તું કાલનું ભરેલું પાણી ખાલી કરી દે. થોડાંક તપેલાં પાણી ઉકાળી દે અને તારા ઘર માટે ઉકાળેલું પાણી લઈ જા.'' સ્મિત તે સાંભળી ખુશ થઈ ગયો. આજે ઘરના પાણી માટે લાઈનમાં ઊભા રહેવામાંથી રજા મળી.



### તમારી નોટબુકમાં લખો :

- અંજુ સમાચારપત્ર વાંચ્યા બાદ કેમ ચિંતિત હતી ?
- અંજુએ આગલા દિવસે ભરેલું બધું પાણી ઢોળી દેવા કહ્યું. શું આ પાણી બીજા કોઈ કામ માટે લઈ શકાય ? કયા કયા કામ માટે ?
- તેણે પાણી ચોખ્ખું કરવાની કઈ યુક્તિ કરી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- શું તમે પાણી ચોખ્ખું કરવાની અલગ-અલગ રીતો જાણો છો ? તેમનું વર્ણન કરો.
- કદાચ અંજુએ સમાચારપત્ર ન વાંચ્યું હોત અને દરેકે ઉકાળ્યા વગરનું પાણી પીધું હોત, તો શું થાત ?

### ચર્ચા કરો :

- સ્મિત જ્યાં રહે છે, ત્યાં દરેકે સાર્વજનિક નળથી પાણી ભરવા લાઈનમાં ઊભું રહેવું પડે છે. અંજુના ઘરમાં નળમાં આખો દિવસ પાણી આવે છે. આવું શા માટે ?
- અંજુએ સમાચારપત્રમાં પાણી વિશે વાંચ્યું. શું તમે સમાચારપત્રમાં પાણી વિશે કોઈ સમાચાર વાંચ્યા છે ? કેવા પ્રકારના સમાચાર ?


### જાતે કરો અને ચર્ચા કરો :

- છેલ્લા એક મહિનાનાં સમાચારપત્રોમાં પાણી સંબંધિત બધા સમાચાર જુઓ અને છાપામાંથી કાપી એકઠા કરો. એક મોટા કાગળ પર બધા કાપેલા ભાગ ચોંટાડો. વર્ગખંડમાં ચર્ચા કરો.

તમને ક્યારેય ઝાડા અને ઊલટી થયાં છે ? ત્યારે તમને કેવું લાગ્યું હતું ? જ્યારે ઝાડા અને ઊલટી થાય ત્યારે, આપણા શરીરમાંથી પાણી ખૂબ જ ઓછું થઈ જાય છે. જે શરીર માટે નુકસાનકારક છે. આપણા શરીરમાંથી ઓછું થયેલું પાણી ફરી પૂરું પાડવું મહત્ત્વનું છે. ઝાડા-ઊલટી થાય ત્યારે ખૂબ જ પાણી પીવું જોઈએ. આપણે પાણીમાં થોડું મીઠું અને ખાંડ પણ ભેળવવાં જોઈએ.

### મીઠા અને ખાંડનું મિશ્રણ બનાવીએ.

એક પ્યાલો ઉકાળેલા પાણીમાં એક ચમચી ખાંડ અને ચપટી મીઠું નાંખો અને ઠંડું થવા દો. આ મિશ્રણને ચાખો. પાણી આપણા આંસુ કરતાં વધારે ખારું થવું જોઈએ નહિ.





જ્યારે વ્યક્તિને ઝાડા અને ઊલટી થયા હોય ત્યારે આ મિશ્રણને પીવડાવવું. સાથે હળવો

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ખોરાક આપવો. નાના બાળકોને માતાનું દૂધ સતત આપવું જરૂરી છે. થોડી દવા લેવી પણ જરૂરી છે. તે ઘરે બનાવેલ પણ હોઈ શકે છે. જો ઝાડા અને ઊલટી બંધ ન થાય તો, ડૉક્ટરની સલાહ લેવી મહત્ત્વની છે.

## શાળામાં પાણીની માહિતી :

તમારા વર્ગના વિદ્યાર્થીઓના ત્રણ જૂથ બનાવો.

- એક જૂથ શાળામાં પીવાના પાણીની ગોઠવણી વિશે જાણકારી મેળવે.
- બીજું જૂથ શાળાના શૌચાલયની વ્યવસ્થા વિશે જાણકારી મેળવે.
- ત્રીજું જૂથ વર્ગના બાળકોને થયેલ બીમારી વિશે જાણકારી મેળવે.

નીચે આપેલા પ્રશ્નો દરેક જૂથને માહિતી એકઠી કરવા મદદરૂપ બનશે.

**જૂથ ૧**

અવલોકન કરો અને નોંધો

- જે લાગુ પડતું હોય તે બોક્ષમાં (√) મૂકો.
  - તમારી શાળામાં પાણી ક્યાંથી આવે છે ?

    નળ ☐ ટેન્ક ☐ હેન્ડપમ્પ ☐ અન્ય ☐
  - તમારી શાળામાં તમે પીવા માટેનું પાણી ક્યાંથી લો છો ?

    નળ ☐ ટેન્ક ☐ હેન્ડપમ્પ ☐ અન્ય ☐
- જો નળ, માટલું અને હેન્ડપમ્પ ન હોય તો તમે પીવાનું પાણી ક્યાંથી મેળવશો ?

  ___________________________
- બધા જ નળ અને હેન્ડપમ્પમાં પાણી છે ?


  ___________________________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





- કોઈ નળ ટપકતો અથવા લીક થતો હોય, તો તમે શું કરશો ?

- બધાં માટલાં પાણીથી ભરેલાં અને ઢાંકેલાં છે ?

- માટલાં અને પાણી ભરવાનાં બીજાં કયા કયા વાસણો રોજ સાફ થાય છે ?

- પાણીને પીવા લાયક કેવી રીતે બનાવાય છે ?

- માટલાં અથવા વાસણમાંથી ડોયા વગર પાણી લેવાથી શું થાય ?

- પાણી પીવાના નળ અથવા માટલાં પાસેની જગ્યાઓ રોજ કેવી રીતે સાફ કરવામાં આવે છે ?

## વિચારો અને ચર્ચા કરો :

- પાણી પીવાની જગ્યા કેમ ગંદી થાય છે ?
- આ જગ્યા સાફ રાખવા આપણે શું કરી શકીએ ?

## શોધી કાઢો અને તમારી નોટબુકમાં લખો :

- વાસણો અથવા માટલાં અને ડોયા કેટલીવાર (દિવસમાં એકવાર, બે દિવસે એકવાર, વગેરે) સાફ કરાય છે ? તેને કોણ સાફ કરે છે ?
- તમારી શાળામાં કેટલાં બાળકો છે ? કેટલાં નળ, માટલાં અથવા હેન્ડપમ્પ છે ? તે બાળકો માટે પૂરતાં છે ?
- પાણી પીવાની આસપાસની જગ્યા કોણ સાફ કરે છે ?
- નીચે ઢોળાયેલું પાણી ક્યાં જાય છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**જૂથ ૨**

અવલોકન કરો અને નોંધો

- બોક્ષમાં (√) કરો.
  - તમારી શાળામાં શૌચાલયની શું વ્યવસ્થા છે ?

    બાંધેલું શૌચાલય ☐ ખુલ્લી જગ્યા ☐
- કેટલાં શૌચાલય છે ? ☐
- છોકરા અને છોકરીઓ માટે અલગ શૌચાલય છે ? ☐ હા ☐ ના
- શૌચાલયમાં પાણી આવે છે ? ☐ હા ☐ ના
- પાણી ક્યાંથી આવે છે ?
  - નળ દ્વારા ☐ હા ☐ ના
  - ટાંકીમાંથી ☐ હા ☐ ના
  - ઘરેથી લાવવામાં આવે છે. ☐ હા ☐ ના
- શૌચાલય નજીક હાથ ધોવા માટે પાણી હોય છે ? ☐ હા ☐ ના
- શૌચાલયનો ઉપયોગ કર્યા પછી તમે હાથ ધુઓ છો ? ☐ હા ☐ ના
- કોઈ નળ લીક અથવા ટપકતો હોય એવો છે ? ☐ હા ☐ ના
- શૌચાલયને સ્વચ્છ રાખવામાં આવે છે ? ☐ હા ☐ ના



**શોધી કાઢો અને લખો :**

- તમારી શાળામાં કેટલાં છોકરા અને છોકરીઓ છે ?

  છોકરીઓ ☐ છોકરાઓ ☐



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- છોકરાઓ અને છોકરીઓ માટે કેટલાં શૌચાલય છે ?

  છોકરીઓ ______ છોકરાઓ ______

- જો નળ ન હોય તો, શૌચાલયમાં પાણી કોણ મૂકે છે ? પાણી ક્યાંથી લાવવામાં આવે છે ?

  ______________________

- આ જગ્યાને સ્વચ્છ કોણ રાખે છે ?

  ______________________

**જણાવો :**

- શૌચાલય સ્વચ્છ રાખવા શું શું કરવું જોઈએ ?
- આપણે દરેક તેના માટે શું કરી શકીએ ?
- તમે બસસ્ટૅશન અને રેલવે સ્ટૅશન પર શૌચાલય જોયાં છે ? તે ઘરના શૌચાલયથી કેવી રીતે અલગ પડે છે ?

**જૂથ 3**

તમારા વર્ગમાં બાળકો સાથે વાત કરો અને નીચે આપેલ કોષ્ટક પૂર્ણ કરો. છેલ્લા કેટલાક મહિનામાં વર્ગમાંથી કેટલાં બાળકો આમાંથી કોઈ પણ રોગનો ભોગ બનેલ છે ? એવા બાળકોનાં નામ લખો.

| ક્રમ | ઝાડા | ઊલટી | ઝાડા અને ઊલટી | પીળો પેશાબ, પીળી (ફિક્કી) ચામડી અને આંખો, ઝીણો તાવ | પેટનો દુઃખાવો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



આ માહિતી પરથી તમે શું શોધ્યું તેની ચર્ચા તમારા શિક્ષક સાથે કરો. તમે શોધેલા મુદ્દા અને શિક્ષકની સલાહ પરથી અહેવાલ બનાવો. તમારો અહેવાલ શાળાની પ્રાર્થનાસભામાં વાંચો. તેને નોટિસ બૉર્ડ પર મૂકો.

## વડીલોની દૃષ્ટિ

આશરે ત્રીસેક વર્ષ પહેલાંની આ વાત છે. રાજકોટના રાજસમઢિયાળા ગામે પાણીનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થયો. એ વખતના દીર્ઘદૃષ્ટા સરપંચશ્રીએ જિલ્લા ગ્રામીણ વિકાસ સત્તામંડળ (DRDA) નો સંપર્ક કર્યો. ગામમાં ચેકડેમ બનાવવા માટે ભલામણ કરી. ગ્રામીણ વિકાસ સત્તામંડળે ૧૯૮૫માં આ ગામમાં ૧૦૯૦ હૅક્ટર વિસ્તારમાં લગભગ પિસ્તાલીસ ચેકડેમ બનાવ્યા. બીજા વર્ષે આ વિસ્તારમાં પુષ્કળ વરસાદ થયો. આથી, તમામ ચેકડેમમાં પાણીનો સંગ્રહ થયો. પાણીનાં તળ ઊંચે આવ્યાં. માત્ર પંદર મીટરની સામાન્ય ઊંડાઈથી લોકોને પાણી ઉપલબ્ધ થયું. વર્ષ ૨૦૦૨માં અહીંયાં દુકાળ પડ્યો. છતાં પણ વડીલોની જે - તે સમયની દીર્ઘદૃષ્ટિના કારણે ગામલોકોને કોઈ મુશ્કેલી ન પડી. આ વર્ષે પણ લોકો ત્રણેય મોસમમાં પાક લઈ શક્યા. લોકોની સુખાકારી અને સમૃદ્ધિમાં પણ વધારો થયો.

**શિક્ષક માટે :** કોષ્ટકમાં બાળકો જાણતા હોય તેવાં સામાન્ય લક્ષણો આપ્યાં છે. જો આ કૉલેરાથી થયા હોય, તો તમે તેની મદદથી આની ચર્ચા કરી શકો છો. બધાં જ રોગોનાં નામ બાળકોને આવડે તે મહત્ત્વનું નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૧૯

# સાથે જમીએ

## વર્ગમાં ઉજાણી

વૅકેશન પૂરું થયું. આજે શાળા શરૂ થઈ. રજાઓમાં કેવી મજા કરી ? સહુ વાતો કરે છે.

મીના - તારા હાથમાં મહેંદી કેમ મૂકી છે ?

આરતી - મારા કાકાના લગ્ન હતાં એટલે ...

મીના - અરે ખૂબ જ મજા આવી હશે ...

આરતી - હા, મજા જ મજા ... સાથે જમવાની પણ મજા.

રેહાના - આપણે આપણા વર્ગમાં પણ સાથે જમીએ તો ?

ડેવિડ - મજા આવશે. ચાલો એમ જ કરીએ.

સહુએ વર્ગમાં ઉજાણી કરવાનું નક્કી કર્યું. બધાં બાળકો ઘરેથી શું-શું લાવશે એ કહેવા લાગ્યાં. બધાંએ વસ્તુઓ લાવી શનિવારે ખરેખર ઉજાણી કરી. જાત જાતનું ખાવાનું મળ્યું. બધાં સાથે રમ્યાં, ગીતો ગાયાં અને નાચ્યાં ...

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




## તમારી નોટબુકમાં લખો :

- તમને બીજાઓ સાથે જમવું ગમે છે ?
- કયા પ્રસંગમાં તમે તમારા મિત્રો સાથે જમો છો ?
- તમે તમારા વર્ગમાં ક્યારેય ઉજાણી કરી છે ? ક્યારે ? તમે ઉજાણી કઈ રીતે કરી ?
- તમે અને તમારા મિત્રો ઉજાણી માટે શું શું લાવ્યા હતા ?
- તમે બધાં શું જમ્યાં હતાં ?
- તમે તમારી ઉજાણી માટે કોને આમંત્રણ આપ્યું ?
- ઉજાણીમાં કોણ ન આવ્યું ? શા માટે ?

## ઉત્તરાયણ ઊજવીએ

પિન્કી વહેલી સવારે ઊઠી. તેના મિત્રો સેજલ, આયુષ, તનવીર, ફાતિમા અને ઈકબાલને પોતાના ઘરે બોલાવવા દોડી. આજે ઉત્તરાયણ છે. સહુ આનંદમાં હતાં.



ઉત્તરાયણ ઊજવવા તેમણે ખાસ તૈયારી કરી હતી. તેઓ ઉત્તરાયણ કેવી રીતે ઉજવશે ? ચાલો વાંચીએ.

તેઓ ખૂબ વહેલાં ઊઠ્યાં હતાં. તેમના મોટાભાઈઓએ અગાઉથી જ પતંગની કિન્ના બાંધી રાખી છે. પિન્કીના દાદીએ તલના લાડુ અને શીંગની ચિક્કી બનાવી છે.

સેજલ તેના ઘરેથી મમરાના ગળ્યા લાડુ લાવી. તનવીર પોતાની વાડીએથી બોર લાવ્યો. આયુષની મમ્મી તાજાં બોર આપી ગઈ.

રસોડામાં પિન્કીની મમ્મી ઊંધિયું બનાવવાની તૈયારી કરે છે. ઊંધિયું બનાવવા શું શું જોઈએ, ખબર છે તમને ? ગવાર, વાલોળ અને રીંગણ. બટાટા અને ટામેટાં પણ ખરાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



કેપ્સીકમ (શિમલા મરચાં), લીલાં ધાણા અને આદું જેવા મસાલા પણ જોઈએ. શક્કરિયાં અને સૂરણ વગર તો ઊંધિયાની મજા જ નહીં. મમ્મીએ મેથીની ભાજીના વડાં પણ તેમાં ઉમેર્યાં. ઈકબાલ તો આટલું બધું જોઈ અચરજ પામ્યો.

દાદીમા ગરમા ગરમ જલેબી ઉતારતાં હતાં. સહુએ ખાવાનું શરૂ કર્યું.


સહુ હવે પતંગ ચગાવવા અગાસીએ ગયાં. કોઈએ પતંગ ચગાવ્યો તો કોઈએ ફીરકી પકડી.

એ કાપ્યો ... એ ગયો ... એવી બૂમો પાડતાં - પાડતાં ગીતો પણ ગાયાં.

આખો દિવસ સહુ સૂરજના તડકામાં રહ્યાં. ઉત્તરાયણની ખૂબ મજા કરી.

**ચાલો વાત કરીએ :**

- ઉત્તરાયણ ક્યારે ઊજવવામાં આવે છે ?
- બધા જ ધર્મના લોકો ઉત્તરાયણ ઊજવે છે. તે તમે જાણો છો ?
- ચિક્કી અને તલના લાડુ કેવી રીતે બને છે ?
- તમારા ઘરે ઊંધિયું ઘરે બનાવો છો કે બહારથી લાવો છો ?
- ઊંધિયું બનાવવા અગાઉથી શું શું તૈયારી કરવી પડે ?



**શોધી કાઢો અને કહો :**

- ગામમાં કેટલા લોકોએ ઉત્તરાયણના દિવસે ઊંધિયું બનાવ્યું હશે ? અનુમાન કરો.
- તમે રાત્રે પણ ઉત્તરાયણ ઉજવાતી જોઈ છે ? તમને તે પસંદ આવ્યું ?
- તમારા મિત્રો કયા કયા તહેવાર ઊજવે છે ?
- તે દિવસે તેઓ શું શું જમે છે ?
- તહેવાર માટે ખાસ પ્રકારનો ખોરાક કોણ બનાવે છે ?
- તમે અમુક તહેવારોમાં ખાસ પ્રકારનાં કે રંગનાં કપડાં પહેરો છો ?
- ઉત્તરાયણને બીજા કયા નામથી ઓળખાય છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## મધ્યાહ્ન ભોજન

બપોરનો દોઢ વાગ્યો છે. મેદાનમાંથી રસોઈની સુગંધ આવે છે. પેટમાં ગુડગુડ થાય છે. ભૂખને કારણે ભણવામાં પણ ધ્યાન નથી.

ટન ... ટન ... ટન .... ઘંટ વાગ્યો. બધાં બાળકો હાથ ધોવા દોડ્યાં. હાથ ધોયા પછી અમે હરોળમાં જમવા બેઠાં. શાળામાંથી જ દરેકને થાળી અપાઈ. જમતાં પહેલાં અમે બધાએ સાથે ગાયું -



“સાથે રમીએ

સાથે જમીએ

સાથે કરીએ સારાં કામ

કાયમ રહેજો આપણી સાથે

ઘટ ઘટ વસતા શ્રી ભગવાન.”

આજે જમવામાં ચણા ચાટ, થેપલાં અને સૂકીભાજી છે. ગઈકાલે, અમે સુખડી અને વેજીટેબલ ખીચડી જમ્યાં હતાં. શાળાના રસોડાની બહાર રોજના ભોજનની યાદી મૂકેલી છે. તે અમને અઠવાડિયાનાં જુદા જુદા દિવસે શું મળશે તે બતાવે છે. જ્યારે અમને તિથિભોજનમાં મીઠાઈ મળે ત્યારે ખૂબ જ મજા પડે !

શાળામાં મધ્યાહ્ન ભોજન સમયની એકબીજી રસપ્રદ વાત છે. દરરોજ હરોળમાં અમે અમારી જગ્યા બદલીએ અને એક નવા બાળક સાથે બેસીએ. મને તે ગમે છે કારણ કે, હું નવા બાળકોને મળું છું અને નવા મિત્રો બનાવું છું.

અમારા શિક્ષક કાળજી રાખે છે કે બધાંને તાજું અને ગરમ ભોજન મળે. વાલીઓ પણ તિથિભોજન આપી તેમાં મદદ કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



હવે બધી વસ્તુઓ સારી છે. અમે તાજું, ગરમ અને પકવેલું ભોજન સાથે જમીએ છીએ. બધાં બાળકો ભોજન પૂરું કરે અને તેનો બગાડ ન થાય તેની અમે કાળજી રાખીએ છીએ.

સાથે જમવાની ખૂબ જ મજા આવે છે. ક્યારેક કોઈ ઘરેથી જમ્યા વગર આવે તો અહીં ધરાઈને જમે પણ. સાવ ભૂખ્યા પેટે તમને ભણવું ગમે ? અનુમાન કરો.

### શોધી કાઢો અને નોટબુકમાં લખો :

તમારી શાળામાં અપાતા ભોજન વિશે લખો.

- ભોજન કયા સમયે આપવામાં આવે છે ?
- શાળામાં તમને ભોજનમાં શું મળે છે ?
- તમને જે મધ્યાહ્ન ભોજન મળે છે તે પસંદ છે ?
- તમને જે ભોજન મળે છે તે પૂરતું છે ?
- તમે તમારી પોતાની થાળી લાવો છો કે શાળામાંથી મળે છે ?
- ભોજન કોણ પીરસે છે ?
- તમારા શિક્ષક તમારી સાથે જમે છે ?
- શાળામાં બોર્ડ પર અઠવાડિક ભોજનની યાદી મૂકી છે ?
- તમને બુધવારે અને શુક્રવારે શું મળે છે ?
- જો તમને તમારી શાળાના ભોજનની યાદીમાં ફેરફાર કરવાનું કહેવામાં આવે તો, તમે શું બદલવા માંગો છો ? તમે શું જમવાનું પસંદ કરશો ? તમારી પોતાની યાદી બનાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



| દિવસ | ભોજન |
|---|---|
| સોમવાર | |
| બુધવાર | |
| શુક્રવાર | |

## મધ્યાહ્ન ભોજન
## દરેક બાળકનો હક

આપણા દેશમાં ઘણાં બાળકો એવાં છે કે જેમને પૂરતું જમવાનું મળતું નથી. શાળામાં પણ ભૂખ્યાં આવે છે.

આપણા દેશની સર્વોચ્ચ અદાલતે હુકમ કર્યો છે કે પ્રાથમિક શાળામાં ભણતાં બધાં બાળકોને ગરમ, પકવેલું ભોજન મળવું જોઈએ. આ દરેક બાળકનો હક છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૨૦

# ખોરાક અને મજા

ટ્રીંગ.. ટ્રીંગ.. ટ્રીંગ ! દરવાજાની ઘંટડી વાગી. મનપ્રીતે દરવાજો ખોલ્યો તો દિવ્યા અને સ્વસ્તિક હતાં. ''સુરજીત જો કોણ આવ્યું છે !'' તેણે ઉત્તેજિત થઈને કહ્યું, સુરજીત દોડતી આવી. જ્યારે તેણે તેના મિત્રોને જોયાં અને ખુશીથી તેમને બાથ ભરી લીધીને બોલી, ''તમે ક્યારે છાત્રાલયથી આવ્યાં ?'' સ્વસ્તિકે કહ્યું, ''હજુ ગઈકાલે જ. તારા માતાપિતા ક્યાં છે ? અમે તેમને મળવા માંગીએ છીએ.''

સુરજીતે કહ્યું, ''તેઓ ગુરુદ્વારા ગયાં છે. અમે પણ ત્યાં જવાનાં છીએ.'' દિવ્યાએ કહ્યું, ''અરે ખૂબ સરસ, અમે તારી સાથે આવીએ છીએ.''

સુરજીતે પૂછયું, ''તું રજાઓમાં જ ઘરે આવે છે. તને છાત્રાલયમાં રહેવું ગમે છે ? તમે તમારા પરિવારને ખૂબ જ યાદ કરતાં હશો.''

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



દિવ્યાએ કહ્યું, ''અમે તેમને યાદ કરીએ છીએ, પરંતુ છાત્રાલયના જીવનમાં ખૂબ મજા છે. ઘણીવાર અમને ભોજન ન પણ ગમે છતાં અમે બધાં બાળકો સાથે જમીને ખૂબ જ મજા માણીએ છીએ.''

સ્વસ્તિકે હસતાં હસતાં કહ્યું, ''તને ખબર છે, જ્યારે છાત્રાલયમાં કોઈના ઘરનું બનાવેલું ભોજન આવે ત્યારે અમે બધાં તેમના રૂમ તરફ દોડીએ છીએ. તે થોડી મિનિટોમાં તો પતી જાય.''

- શું તમે છાત્રાલયમાં ભણ્યાં છો ? જો નહિ તો, જે છાત્રાલયમાં રહેતા હોય એવા કોઈ સાથે વાત કરવા પ્રયત્ન કરો અને શોધી કાઢો -
  - છાત્રાલય બીજી બધી શાળાઓ કરતાં કેવી રીતે અલગ છે ?
  - ત્યાં તેઓને કેવું ભોજન મળે છે ?
  - છાત્રાલયમાં બાળકો ક્યાં બેસીને જમે છે ?
  - છાત્રાલયમાં બાળકો માટે ભોજન કોણ બનાવે છે ? ભોજન કોણ પીરસે છે ?
  - વાસણ કોણ ધુએ છે ?
  - ક્યારેક બાળકો ઘરનું જમવાનું યાદ કરે છે ?
  - શું તમને છાત્રાલય જવું ગમે ? કેમ ?



## ગુરુદ્વારા પર

બાળકોએ ગુરુદ્વારા જતાં આખા રસ્તે વાતો કરી. ત્યાં ગયા પછી તેઓએ માથું ઢાંકી દીધું.



તેઓ ગુરુદ્વારાના રસોઈઘરમાં ગયાં. ત્યાં ઘણીબધી પ્રવૃત્તિઓ થતી હતી. જમવાનું મોટાં વાસણોમાં બનાવવામાં આવતું હતું. એક બાજુ ચણા અને અડદની દાળ બફાઈ રહ્યાં હતાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com







બીજા વાસણમાં ફ્લાવર અને બટાટાનું શાક બની રહ્યું હતું. સ્વસ્તિકે કહ્યું, ''ત્યાં તારા પિતા છે. સુરજીત, ચાલો જઈએ અને તેમને મળીએ.''

''તમે અહીં શું કરો છો ?'' મનજિતસિંઘ બાળકોને જોઈ ખુશ થઈ ગયા.

સ્વસ્તિકે પૂછયું, ''કાકા, અમે પણ રસોઈમાં મદદ કરીએ ? તમે શું બનાવો છો ?''

મનજિતસિંઘે કહ્યું, ''હું કઢાહપ્રસાદ (શીરા જેવો) બનાવું છું. આ મોટી કઢાઈમાં ઘીમાં ઘઉંનો લોટ શેકવામાં ખૂબ જ સમય લાગે છે.''

દિવ્યાએ પૂછયું, ''આ એક પ્રકારનો હલવો છે. ખરું ને ? તમે આમાં ખાંડ ક્યારે ઉમેરશો ?''



એટલામાં તેઓએ મનપ્રીતની માતાને જોઈ અને તેમને મળવા દોડ્યાં. દિવ્યાએ પૂછયું, ''કાકી તમે શું કરો છો?'' ''બેટા અમે તવા પર શેકવા રોટલીઓ વણીએ છીએ !'' એક જ વારમાં કેટલી બધી રોટલીઓ તૈયાર થાય છે ? તે જોઈને દિવ્યા આશ્ચર્યમાં હતી. તેણે કહ્યું, ''હું મદદ કરી શકું ?'' કાકીએ કહ્યું, ''હા, ચોક્કસ આવ અને પ્રયત્ન કર, અહીં બધાં મદદ કરી શકે, પરંતુ પહેલાં તારા હાથ ધોઈ આવ.''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





દિવ્યાએ હાથ ધોયા અને તવા પાસેના જૂથમાં જોડાઈ ગઈ. તવો ખૂબ જ ગરમ હતો. રોટલી તવા ઉપરથી ઊતરતી હતી તેના પર તેણે ઘી લગાવવાનું ચાલુ કર્યું.

સ્વસ્તિક આશ્ચર્યમાં બોલ્યો, ‘‘આટલી બધી રસોઈ બનાવવા બધી વસ્તુઓ કોણ લાવે છે ? એક મહિલાએ જવાબ આપ્યો.’’ અહીં દરેક એક યા બીજી રીતે સહયોગ આપે છે. કોઈ વસ્તુઓની વ્યવસ્થા કરે, કોઈ પૈસા આપે અને બીજા કામમાં મદદ કરે છે.

મનપ્રીતે કહ્યું, ‘‘તો સ્વસ્તિક, તને કેવું લાગ્યું ?’’

સ્વસ્તિકે કહ્યું, ‘‘હા, દરેક સાથે કામ કરવાની ખૂબ મજા આવી.’’ રોટલીઓ, ભાત, હલવો, દાળ અને શાકભાજી - આ બધું આટલું જલદી બની જાય તે અમે ભાગ્યે જ જોયું છે.

અરદાસ (પ્રાર્થના) પછી કઢાહપ્રસાદ આપવામાં આવ્યો. કેટલાંક છોકરાંઓએ વરન્ડામાં પાથરણાં પાથરી દીધાં અને બધાં લોકો લંગર માટે લાઈનમાં બેસી ગયાં. કેટલાક લોકો જમવાનું આપતાં હતાં અને કેટલાક પાણી આપતાં હતાં. દરેક સાથે મળીને જમ્યા.

જમ્યા પછી દરેકે પોતપોતાની થાળી લઈ લીધી અને તેને એક મોટા ડ્રમમાં મૂકી. જે લોકો પીરસતા હતાં તેઓ છેલ્લે જમ્યાં. તેઓએ જગ્યા સાફ કરી અને વાસણો સાફ કર્યાં.

‘‘સ્વસ્તિક, તેં પહેલાં ક્યારેય આવી વ્યવસ્થા જોઈ છે ?’’ મનપ્રીતે પૂછ્યું.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





## આ વિશે વાત કરો :

- ગુરુદ્વારામાં "સાથે રસોઈ કરવી અને જમવું" તેને લંગર કહેવામાં આવે છે. તમે ક્યારેય લંગર જમ્યા છો ? ક્યાં અને ક્યારે ?
- કેટલા લોકો ત્યાં રાંધતાં હતાં અને કેટલા લોકો ત્યાં પીરસતાં હતાં ?
- કોઈ બીજા પ્રસંગો છે જ્યારે તમે બીજા લોકો સાથે બેસીને જમ્યા હોય ? ક્યારે અને ક્યાં ? ત્યાં રસોઈ કોણે બનાવી હતી અને કોણે પીરસ્યું હતું ?



ગુરુદ્વારા લંગરનાં અલગ - અલગ દૃશ્યો

**શિક્ષક માટે :** ગુજરાતના યાત્રાધામોમાં ચાલતા અન્નક્ષેત્રો અને ત્યાંની વ્યવસ્થા વિશે માહિતી આપવી તથા તેના ફોટોગ્રાફ કે વીડિયો એકત્રિત કરીને વિદ્યાર્થીઓને બતાવવા. તેમજ લગ્ન પ્રસંગે, ધાર્મિક તહેવારો વખતે કે અન્ય કોઈ મેળાવડાના પ્રસંગે યોજાતા ભોજન સમારંભ બાબતેની ચર્ચા વર્ગખંડમાં કરવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પ્રકરણ ૨૧

# જગત મારા ઘરમાં

## ખેંચતાણ

દરરોજની જેમ આજે પણ મમતાના ઘરમાં ઝઘડો શરૂ થયો કે ટી.વી. પર કયો કાર્યક્રમ જોવો ? મમતાનો ભાઈ ક્રિકેટ મેચ જોવા ઇચ્છે છે, જ્યારે નાનકડી સેજલ પોતાના મનપસંદ ગીતો. મમ્મી અને કાકી આમ તો ખાસ સખીઓ છે, પણ તેમની પસંદગી જુદી જુદી છે. મમ્મીને સમાચાર જોવા ગમે તો કાકીને ધારાવાહિક (સીરિયલ). મમતાને કાર્ટૂન જોવું છે અને પપ્પાને ફૂટબોલ મૅચ. પપ્પા કહે છે કે તેઓને સાંજે જ ટી.વી. જોવા મળે છે. અંતે દરેક જણે ફૂટબૉલ મૅચ જ જોવી પડી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## ચાલો વાત કરીએ :

- શું તમારા ઘરમાં પણ પંખા, ટીવી, સમાચારપત્રો, ખુરશીઓ કે કોઈ બીજી વસ્તુઓ માટે ઝઘડો થાય છે ?
- તમારા ઘરમાં આવા ઝઘડા કોણ પતાવે છે ?
- તમારા ઘરના કોઈ રસપ્રદ બનાવ વિશે વાત કરો, જ્યારે કોઈ વસ્તુઓ માટે ઝઘડા થયા હોય.
- તમે લોકોને બીજે ક્યાંય ઝઘડતાં જોયા છે ?

## તફાવત કેમ ?

સાંજના ૭:૦૦ વાગ્યા છે. પ્રતિભા તેની બહેનપણીના ઘરેથી દોડતી-દોડતી પોતાના ઘરે જઈ રહી છે. તેના ભાઈઓ સંદીપ અને સંજય તેમના મિત્રો સાથે શેરીમાં રમવામાં વ્યસ્ત છે. તેઓને ઘરે જવાની ઉતાવળ નથી. જો તેઓ ઘરે મોડા જાય તો પણ તેમને કોઈ લડશે નહિ.



પ્રતિભાને લાગે છે કે આ બરાબર નથી. તેના માટે અલગ નિયમ અને તેના ભાઈઓ માટે બીજો નિયમ. આવું કેમ ? પરંતુ તે શું કરે ?

## ચાલો, વાત કરીએ :

- આ બાબતમાં તમારા ઘરમાં અથવા તમારા મિત્રોના ઘરમાં આવું થાય છે ? તમે તેના વિશે શું વિચારો છો ?
- શું તમે વિચારો છો કે છોકરા અને છોકરીઓ, પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ નિયમો હોવા જોઈએ ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- જો છોકરીઓએ છોકરાઓ માટેના અને છોકરાઓએ છોકરીઓ માટેના પરંપરાગત રીતે ચાલ્યાં આવતાં નિયમો પાળવાના હોય તો શું થશે ? વિચારો.

## મીનાકાકી



એક દિવસ મીનાકાકી, પિન્ટુ અને પિન્કી તથા તેમના મિત્રોને દરિયાકિનારે લઈ ગયાં. તેઓ રેતી અને પાણીમાં રમ્યાં. ચકડોળની સવારી કરી. ત્યારબાદ તેમણે ભેળપૂરી ખાધી અને ફુગ્ગાઓ લીધા. પછી દરેકે બરફગોળો - કુલફીની મજા માણી. કુલફી વેચનારે પૈસા લેવામાં ભૂલ કરી. તેણે સાતને બદલે પાંચ કુલફીના પૈસા જ ગણ્યા. બાળકોએ વિચાર્યું, ''આપણા પૈસા બચ્યાં.'' પરંતુ મીનાકાકીએ કુલફી વેચનારને સાત કુલફીના પૈસા ચૂકવ્યા.

મીનાકાકીએ તે દિવસે જે કર્યું તે બાળકો હંમેશાં યાદ રાખશે.

- તમારી કલ્પનાથી આ વાર્તાનો અંત બદલાવીને વાર્તા તમારી નોટબુકમાં લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તમારા કુટુંબમાં કોઈ મીનાકાકી જેવું છે ? કોણ ?
- જો મીનાકાકીએ કુલફી વેચનારને ઓછા પૈસા ચૂકવ્યા હોત તો બાળકોએ શું વિચાર્યું હોત ? આ વિશે તમે શું વિચારો છો ?

## હું શું કરું ?



અક્ષય તેની દાદીને ખૂબ ચાહે છે. તેની દાદી પણ તેને ખૂબ જ વહાલ કરે છે. તે સ્વચ્છતાના ખૂબ જ આગ્રહી છે. અનિલ અક્ષયનો મિત્ર છે. તેની દાદીને પણ અનિલ પસંદ છે, પરંતુ એક વાત તે વારંવાર કહે છે કે તેણે અનિલના ઘરે કોઈ વસ્તુ ખાવાની કે પીવાની નહિ. કારણ કે તેના ઘરે અવારનવાર કોઈને કોઈ બીમાર રહે છે.

એક દિવસ અનિલના ઘર નજીકના મોટા મેદાનમાં વૉલીબૉલ મૅચ હતી. તે દિવસે ખૂબ ગરમી હતી અને દરેક જણ મૅચ પછી ખૂબ જ થાક્યા હતા અને તરસ્યા પણ થયા હતા. અનિલે બધાને તેના ઘરે આમંત્રણ આપ્યું. અનિલની માતાએ બધાને પાણી આપ્યું, બધાએ પાણી પીધું. જ્યારે અનિલે પાણીનો પ્યાલો અક્ષયને આપ્યો. તેને અચાનક તેના દાદીની ચેતવણી યાદ આવી. અક્ષય અનિલ સામે જોઈ રહ્યો હતો, તે જાણતો ન હતો કે શું કરે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## આ વિશે વાત કરો :

- તમને શું લાગે છે, અક્ષય શું કરશે ?
- અક્ષય કેમ ગૂંચવણમાં છે ?
- અક્ષયની દાદીએ તેને અનિલના ઘરે પાણી પણ ન પીવાની ચેતવણી કેમ આપી ?
- તમે અક્ષયના દાદી સાથે સહમત છો ?
- તમારા મતે અક્ષયે શું કરવું જોઈએ ?

## કોણ નક્કી કરશે ?

કરશન ખૂબ જ મોટા કુટુંબમાંથી આવે છે. કુટુંબમાં ખેતી અને પૈસાની બાબતોનું તમામ કામ તેના મોટા કાકા સંભાળે છે. કુટુંબના નાના-મોટા તમામ નિર્ણયો પણ તેઓ જ લે છે.




અત્યાર સુધી તો કરશન ખેતરમાં જ કામ કરતો. પરંતુ, હવે તેને કંઈક અલગ કરવું છે. તેને બૅન્કમાંથી અમુક રૂપિયા લઈ અને અનાજ દળવાની ઘંટી ખરીદવી છે. તેમના ગામમાં ઘંટી નથી. કરશનને પોતાના પર વિશ્વાસ છે કે આ નવા કામથી તેના કુટુંબને ખૂબ જ ફાયદો થશે. પિતાજીને તો તેણે મનાવી લીધા, પરંતુ તેના મોટા કાકા તેની વાત સાંભળવા જ તૈયાર નથી.

**શિક્ષક માટે :** આ ઉદાહરણો આપણી રોજિંદા જીવનમાં થતી પરિસ્થિતિઓ પર પ્રતિબિંબ પાડે છે. આ વારંવાર આપણને અસર કરે છે. બાળકોને તેના વિશે વિચારવા કહો અને વર્ગમાં ચર્ચા પણ ગોઠવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



### આ વિશે વાત કરો :

- તમે જો કરશનની જગ્યાએ હોત તો શું કરત ?
- તમારી સાથે આવું ક્યારેય થયું છે કે તમારે કંઈક કરવું હોય અને તમારા કુટુંબના વડીલો તમને તેના માટે મંજૂરી ન આપે ?
- તમારા ઘરમાં મહત્ત્વના નિર્ણયો કોણ લે છે ?
- તમારા કુટુંબમાં એક જ વ્યક્તિ બધાં માટે નિર્ણયો લે તો તમને કેવું લાગે ?



### મને આ પસંદ નથી !

મીના અને રિતુ લંગડી રમી ઘરે જઈ રહી હતી. મીનાએ રિતુનો હાથ ખેંચી કહ્યું, ''આવ, મારા ઘરે આવ.'' '' તારા કાકા ઘરે છે ? જો તે હશે, તો હું નહિ આવું.'' રિતુએ જવાબ આપ્યો.



''પણ તું આ શું કહે છે ? કાકા તને પસંદ કરે છે. તે કહે છે તારી મિત્ર રિતુને ઘરે લઈ આવ. હું તમને બંનેને ઘણી બધી ચોકલેટ આપીશ.''

રિતુએ તેનો હાથ મીના પાસેથી છોડાવી કહ્યું, ''મને તારા કાકાથી ડર લાગે છે. તે મારો હાથ પકડે છે તે મને ગમતું નથી.''

આટલું કહીને, રિતુ ઘરે જતી રહી.

**શિક્ષક માટે :** રિતુને થયેલા અનુભવો બીજાં બાળકોને પણ થયા હશે. જો બાળકો વર્ગમાં આ ચર્ચા કરશે તો, તે તેમના વિશ્વાસને બાંધવા અને સહારાની અનુભૂતિ કરાવવા મદદ કરશે. કોઈ બાબતે તમને લાગે તો થોડાં બાળકોને વ્યક્તિગત રીતે બોલાવી વાત કરી શકો છો. જો શાળામાં સલાહકાર હોય તો તમે તેમની મદદ લઈ શકો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## આ વિશે વાત કરો :

- તમને ક્યારેય કોઈનું અડવું પસંદ ન હોય એવું બન્યું છે ? કોનું અડવું તમને પસંદ નથી ?
- જો તમે રિતુની જગ્યાએ હોવ, તો શું કરો ?
- જ્યારે આવી ઘટના બને ત્યારે બીજું શું કરી શકાય ? ચર્ચા કરો.
- દરેકનું અડવું સરખું હોતું નથી. રિતુને મીનાના કાકા હાથ પકડે તે પસંદ નથી, પરંતુ તેને મીના હાથ પકડે તે પસંદ છે. તમે વિચારો આ તફાવત કેમ છે ?



**શિક્ષક માટે :** બાળકો જ્યારે તેમના કુટુંબના સભ્યોના કેફી પદાર્થોના સેવનની વાતોની આપ-લે કરે ત્યારે ખૂબ સાવચેતી અને સંવેદનશીલતાપૂર્વક લેવી. કેફી / નશીલા પદાર્થોની નુકસાનકારક અસરોની વર્ગમાં ચર્ચા કરી શકાય છે. આ પ્રકારના મુદ્દાઓની તાલીમ કાર્યક્રમોમાં ચર્ચા કરી શકાય.

આ કુટુંબના બાળકો (કેફી પદાર્થોનું સેવન કરતાં) પણ આ પ્રકારની આદતો / ટેવોની ઝપટમાં આવી જઈ શકે છે. તેઓને તેમાંથી બચાવવા સમયસર પ્રતિક્રિયા કરવી પડે. શિક્ષકના સૂચનથી બાળકો દ્વારા આ વિષય પર ચાર્ટ અને પોસ્ટર બનાવડાવી શકાય છે અને વર્ગમાં ચર્ચા કરી શકાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૨૨

# પટોળાં

પાટણ શહેરના સાળવીવાડામાં રહેતી મોક્ષા અને નિર્મલનું ઘર રંગબેરંગી રેશમની આંટીઓથી ભરેલું રહે છે. તેમના માતા કોકિલાબેન અને પિતા અશોકભાઈ તથા પરિવારના તમામ લોકો હાથસાળ પર હસ્તકારીગરી (વણાટકામ) કરે છે. તેમની આ હસ્તકારીગરી ખૂબ જ સુંદર અને ખાસ પ્રકારની હોય છે.

સાળવીવાડામાં અનેક સદીઓથી સાળવી પરિવારો વસવાટ કરે છે. તેમના દ્વારા કરવામાં આવતું ખાસ પ્રકારનું વણાટકામ 'પટોળાં' નામથી ઓળખાય છે. અત્યારે આ જગ્યાએ ભારત અને દુનિયાભરમાંથી આવતા પર્યટકો આ હસ્તકારીગરીથી અવગત થાય તે માટે 'પટોળાં હાઉસ'નું પણ નિર્માણ કરવામાં આવેલ છે. પાટણમાં આવેલી 'રાણીની વાવ'ના શિલ્પકામમાં પણ પટોળાંની ભાત જે - તે સમયે શિલ્પકારોએ પોતાની કલામાં કંડારી હતી. ગુજરાતના કવિઓએ પણ લોકગીતોમાં પટોળાંની આ કલાને મન મૂકીને વર્ણવી છે. જેમ કે,

'છેલાજી રે ..... મારી હાટું પાટણથી પટોળાં મોંઘાં લાવજો ....'


આ કલા મોક્ષા અને નિર્મલના માતા-પિતાએ તેમના વડીલો પાસેથી શીખી હતી. હવે મોક્ષા અને નિર્મલ પણ શાળામાંથી આવ્યા બાદ તેમના માતા-પિતાની મદદ કરે છે અને આ કલા શીખે છે.

**શિક્ષક માટે :** બાળકોને મોટા ભાગની પરંપરાગત કલાઓ ઘરે જ શીખાય છે એ વાતથી અવગત કરો. પટોળાંની જેમ જ જુદા જુદા પ્રકારના હાથવણાટ શીખી શકાય છે. તમે બીજા પરંપરાગત વ્યવસાય જેમ કે, જાજમવણાટ, રમકડાં બનાવવાં, અત્તર બનાવવું વગેરે વિશે ચર્ચા કરો.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





પાટણની પટોળાં બનાવવાની રીત



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## દોરાથી કપડાં સુધી

પટોળાંના વણાટ કામમાં વપરાતા રેશમના તાર મલબારી સિલ્ક (કોશેટા સિલ્ક)માંથી બનાવવામાં આવે છે, જે સફેદ હોય છે. પિતાજી આ રેશમના તાર બહારથી મંગાવે છે. રેશમના તારને ખોલી તાણાં (ઊભા તાર) અને વાણા (આડા તાર) બનાવવામાં આવે છે. ત્યાર પછી તેના પર ડિઝાઈન પાડવામાં આવે છે. ડિઝાઈનવાળા તારને યોગ્ય માપ લઈને દોરી બાંધવામાં આવે છે. જેને બાંધણીકામ કહેવાય છે. જે ભાગમાં રંગ કરવાનો હોય તે ભાગના દોરા છોડી તેના પર માપ મુજબ રંગ કરી તેને ફરીથી બાંધી દેવામાં આવે છે. આ કામ ખૂબ જ મહેનત અને સમય માગી લે છે. તાણાં અને વાણાના તાર પર ડિઝાઈન અને રંગકામ થયા પછી તેને વણાટ માટે સાળ પર ગોઠવી 'વણાટકામ' કરવામાં આવે છે. આમ, ચારથી છ માસની મહેનત પછી સુંદર અને રંગબેરંગી 'પટોળું' તૈયાર થાય છે.

તાણાં અને વાણા પાકા રંગોથી રંગાયા હોવાથી પટોળાંનો રંગ જવાનો પ્રશ્ન જ રહેતો નથી. પટોળાંનું ટકાઉપણું અને રંગોની ચમક વર્ષો સુધી તાજી રહે છે. આથી, ગુજરાતમાં કહેવત પડી છે કે,

"પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં"

## હસ્તકારીગરી જોખમમાં

પટોળાં તૈયાર કરવામાં વણાટ, ડિઝાઈન અને રંગકામની આવડત માટે ચીવટ અને ધીરજ જરૂરી છે. ઘણા દિવસોની મહેનત માંગી લે છે. મલબારી સિલ્કના તાર અને રંગો ખૂબ જ મોંઘા હોવાથી 'પટોળાં' ખૂબ જ ઊંચી કિંમતે વેચાય છે. પ્રાચીન સમયથી ચાલી આવતી આ હસ્તકારીગરી સાથે જોડાયેલા ૭૦૦ પરિવારમાંથી અત્યારે માત્ર ત્રણ જ પરિવારો પટોળાંની આ અનમોલ હસ્ત કારીગરીને જીવંત રાખવા મથી રહ્યા છે. બીજા ઘણાં બધા એ આ વ્યવસાય છોડી દીધો છે.

પાટણના પટોળાંની હસ્તકારીગરી માત્ર પાટણની જ નહી, પરંતુ ગુજરાત અને ભારતની શાન અને દેશનું ગૌરવ છે.

પ્રાચીન વારસો અને ભારતીય સંસ્કૃતિની ઓળખ સમા 'પટોળાં'ની આ અમૂલ્ય અને બેનમૂન હસ્તકારીગરીને લુપ્ત થતી અટકાવવા આપણે 'પટોળાં'ની સારી કિંમત આપી આ લુપ્ત થતી હસ્તકારીગરીનાં 'કસબી'ઓને મદદ કરવી જોઈએ. નહીં તો, આ કિંમતી કલા હંમેશા માટે ગાયબ થઈ જશે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પટોળાં

## ચર્ચા કરો :

મોક્ષા અને નિર્મલ આ સુંદર કલા તેમનાં બાળકોને શીખવી શકશે ?

## તમારી નોટબુકમાં લખો :

- તમે કોઈને ક્યારેય સાળ ઉપર કંઈ વણતા જોયા છે ? તેઓ શું વણી રહ્યા હતા અને ક્યાં ?
- સાડીના દોરા રંગેલા હોય છે. શું તમે બીજી કોઈ વસ્તુ જેને રંગ કરવામાં આવે તેવી જાણો છો ?
- તમે કોઈ બીજું એવું કામ જાણો છો જ્યાં ઘણાં બધાં માણસો એક જ જગ્યાએ કામ કરતાં હોય ? તેઓ કઈ વસ્તુઓ બનાવે છે ?
- તે વસ્તુ બનાવવાની રીત વિશે જાણકારી મેળવો.
- આ વસ્તુ બનાવવા મહિલાઓ અને પુરુષો અલગ-અલગ પ્રકારનાં કામ કરે છે ?
- શું આ વસ્તુ બનાવવામાં બાળકો પણ મદદ કરે છે ?

## શોધી કાઢો અને લખો :

- લુહાર, સુથાર અને કુંભાર સાથે તેમના કામના પ્રકાર વિશે વાત કરો.

______________________________

______________________________

- તેઓ તેમનું કામ કરતાં ક્યાં શીખ્યા ?

______________________________

**શિક્ષક માટે :** ઘણા બધા પરંપરાગત વ્યવસાયોમાં અલગ-અલગ પ્રકારનાં સાધનો અને આવડત વપરાય છે. આખા કુટુંબનાં બધાં સભ્યો એક જ વસ્તુ બનાવે અને દરેક અલગ-અલગ જવાબદારીઓ અને ફરજો બજાવે તેના પર ભાર આપે છે.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- તેમણે કામ કરવા શું શીખવું પડે છે ?

- તેમણે આ કામ તેમના કુટુંબમાં કે બીજા કોઈ વ્યક્તિને શીખવાડ્યું છે ?

- નીચેના કોષ્ટકમાં લોકો દ્વારા થતાં જુદાં જુદાં કામની યાદી આપી છે. આવાં કામ કરતાં લોકોને તમે જાણો છો ? તેઓનાં નામ પહેલી કૉલમમાં લખો. બીજી કૉલમમાં તેઓ તેમનું કામ કોની પાસેથી શીખ્યા ? તે લખો.

| કામનો પ્રકાર | જેઓ આ કામ કરતા હોય તેવા માણસોનાં નામ | તેઓ આ કામ ક્યાંથી શીખ્યા છે ? |
|---|---|---|
| કાપડ વણાટ | મોક્ષા અને નિર્મલના માતા-પિતા | તેમના વડીલો પાસેથી |
| રસોઈ બનાવવી | | |
| સાઈકલ સમારકામ | | |
| બસ ચલાવવી | | |
| સીવવું અને ભરતકામ | | |
| ગાવું | | |
| ચંપલ બનાવવા | | |
| પતંગ બનાવવા | | |
| ખેતીકામ | | |
| વાળ કાપવા | | |

**શિક્ષક માટે :** ભારતમાં પટોળાંની જેમ ઘણી બધી જગ્યાઓ ખાસ પ્રકારની વસ્તુઓ બનાવવા માટે પ્રખ્યાત છે. આ વસ્તુઓ જ્યાં બનાવાય છે તે જગ્યાના નામથી પ્રખ્યાત બને છે. જેમ કે, કુલુની શાલ, મધુબાની ચિત્રો, આસામ સિલ્ક, કાશ્મીરી ભરત, કચ્છી ભરતકામ, જેતપુરની બાંધણી, થાનગઢનું માટીકામ વગેરે. શું તમે બીજાં વધારે ઉદાહરણો જાણો છો ? તેની વર્ગમાં ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૨૩

# દેશ-પરદેશ

આજે, સવારથી ઝીલના ઘરમાં દોડધામ છે. અરવિંદકાકા અને તેનું કુટુંબ પાંચ વર્ષ પછી ઘરે આવવાનું છે. પાંચ વર્ષ પહેલાં અરવિંદકાકાને અબુધાબીમાં નોકરી મળી હતી. ત્યારથી જ તેઓ ત્યાં રહેતા હતા. ઝીલ અને તેના પિતા તેમને લેવા વિમાનમથક ગયા.

વિમાન હવામાંથી જમીન પર નીચે ઊતર્યા પછી, મુસાફરોએ પોતાનો સામાન લેવા માટે થોડો સમય રાહ જોવાની હોય છે. અંતે અરવિંદકાકા, નીતાકાકી અને તેમનાં બાળકો બહાર આવતાં દેખાયાં. ''હેન્સી અને પલ કેટલાં મોટાં થઈ ગયાં છે.'' પપ્પા બોલ્યા, બધો સામાન ગાડીમાં ગોઠવી અને બધા ઝીલના ઘર તરફ નીકળ્યા.

ઝીલે કહ્યું, ''હેન્સી, તું લાંબી મુસાફરીથી થાકી ગઈ હશે, પપ્પા કહેતા હતા કે અબુધાબી ભારતથી ખૂબ જ દૂર છે.''

**શિક્ષક માટે :** બાળકોને પૃથ્વીના ગોળા કે દુનિયાના નકશામાં વિવિધ સ્થળો બતાવવાં અને તેની આબોહવા, વનસ્પતિ, ચલણી નાણું વગેરે પર ચર્ચા કરવી.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





હેન્સીએ કહ્યું, ''અરે ના, અમે બિલકુલ થાક્યા નથી. અબુધાબી ભલે ભારતથી દૂર છે પણ વિમાનથી આવતાં માત્ર બે કલાક જ લાગ્યા. વિમાન ખૂબ જ ઝડપથી ઊડે છે.''

ઝીલ આશ્ચર્યમાં હતી. જ્યારે તે શાળામાંથી દિલ્હીના પ્રવાસે ગઈ હતી ત્યારે તેને ટ્રેનમાં વીસ કલાક લાગ્યા હતા. પરંતુ નકશામાં જૂનાગઢ અને દિલ્હી ખૂબ જ નજીક લાગે છે. ઝીલ, હેન્સી અને પલે વિમાનમથકથી ઘર સુધી ખૂબ જ વાતો કરી. ઝીલ તેને પ્રવાસમાં કેટલી મજા આવી હતી



તે યાદ કરતી હતી. તે ઈચ્છતી હતી હેન્સી તેના અબુધાબીના પ્રવાસ વિશે બધું જ કહે.

## રેતી જ રેતી !!

ઝીલે પૂછ્યું, ''તમે વિમાનમાંથી ઘણી બધી રસપ્રદ વસ્તુઓ જોઈ હશે, ખરું ને ?''

હેન્સીએ કહ્યું, ''મોટા ભાગે અમે વાદળો જોયાં કારણ કે વિમાન ઘણું જ ઊંચે હતું, વાદળો કરતાં પણ ઊંચું.'' તે ખૂબ ઊંચે જાય તે પહેલાં અમે જોયું કે તે રેતાળ પ્રદેશ પરથી ઊડી રહ્યું હતું. ત્યાં રેતી જ રેતી હતી, પરંતુ રેતીના રંગ બદલાયા કરતા હતા - સફેદ, કથ્થાઈ, પીળો, લાલ, કાળો.



અમે રેતીના પર્વતો પણ બનેલા જોયા.'' પલ બોલ્યો, ''તે રેતીના ઢૂવા કહેવાય છે.'' ઝીલે કહ્યું, ''મેં રેતી ફક્ત દરિયાકિનારે જોઈ છે.'' અરવિંદભાઈએ કહ્યું, ''તો તારે અમારે ત્યાં આવવું જ જોઈએ.''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





અબુધાબીની આજુબાજુનાં દેશો રણપ્રદેશમાં આવેલા છે. જો શહેરથી થોડા દૂર જઈએ તો માઈલો સુધી રેતી જ દેખાય. ના વૃક્ષો, ના લીલોતરી, માત્ર રેતી.

નીતાકાકીએ કહ્યું, ''હું ગુજરાતમાં આપણા ઘરની આજુબાજુની ગાઢ લીલોતરી અને ઠંડકના સપનાં જોયા કરતી હતી. આ બધું ઘણાં લાંબા સમય પછી જોઈ હું ખૂબ જ ખુશ થઈ છું.''

વરસાદ કેવો હોય ? આ વાત તો હેન્સી અને પલ ભૂલી ગયા છે. તમે જાણો છો રણપ્રદેશમાં વરસાદ નથી પડતો. ત્યાં પાણી ખૂબ જ કિંમતી છે. ના વરસાદ, ના નદીઓ, ના તળાવો, ના ખાબોચિયાં. જમીનની અંદર પણ પાણી હોતું નથી. પલે ઉમેર્યું, ''પરંતુ, રેતીમાં ઘણું બધું તેલ હોય છે તેથી આ દેશોમાં પેટ્રોલ સરળતાથી મળી રહે છે.'' અરવિંદકાકાએ કહ્યું, ''પેટ્રોલ ખરેખર પાણીથી સસ્તું છે.''

વાતો કરતાં કરતાં બધાં ઝીલના ઘરે પહોંચ્યાં. હેન્સી અને પલ ઘણાં બધાં ફળોનાં વૃક્ષો જોતાં જ રહ્યાં. કેળાં, નાળિયેર, ફણસી, પપૈયા, સોપારી. કેટલા પ્રકારનાં વૃક્ષો ! પલે કહ્યું, ''અમે ત્યાં ફક્ત એક જ પ્રકારનું વૃક્ષ જોયું છે - ખજૂર, કારણ કે તે એક જ છે જે રણમાં ઊગી શકે છે.







Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





## કેટલી સુંદર ભેટસોગાદ અને ફોટોગ્રાફ્સ !

બધાંને મળ્યા પછી નીતાકાકીએ  તેમની બેગ ખોલી. તેઓ બધાં માટે ભેટ લાવ્યાં હતાં. સ્વાદિષ્ટ અને મીઠી મીઠી ખજૂર પણ. પલે ઝીલને કેટલીક નોટો અને સિક્કાઓ બતાવ્યા. હેન્સીએ સમજાવ્યું કે તેઓ અબુધાબીમાં જે પૈસાનો ઉપયોગ કરે છે તેને 'દિરહામ' કહે છે. તેના પર ત્યાંની સ્થાનિક ભાષા - અરબી ભાષામાં કંઈક લખેલું હોય છે. તેઓ જ્યાં રહેતાં હતાં તે જગ્યાના કેટલાક ફોટોગ્રાફ્સ પણ બતાવ્યા.



અરવિંદકાકાએ ઝીલને પૃથ્વીનો ગોળો આપ્યો. તેમણે કહ્યું, ''ઝીલ તું આ ગોળા પર શોધી કાઢ અબુધાબી ક્યાં છે ? અને ગુજરાત ક્યાં છે ?'' બાળકોએ ગોળા સાથે ખૂબ જ મજા કરી અને તેના પર અલગ-અલગ જગ્યાઓ જોઈ. ઝીલે દિલ્હી અને જૂનાગઢ પણ શોધ્યાં.

સાંજે બધાં ચોકમાં બેઠાં, હવાની મજા માણતાં ફોટોગ્રાફ્સ પણ જોયા. તેઓએ જોયું કે અબુધાબીમાં મકાનો ખૂબ ઊંચાં અને કાચની બારીઓવાળાં હતાં. ઝીલે કહ્યું, ''આ બારીઓમાંથી મસ્ત ઠંડી હવા આવતી હશે.'' અરવિંદકાકાએ કહ્યું, ''અમે તાપના કારણે બારીઓ ખોલી જ શકતાં નથી.'' મોટા ભાગે ઘરોમાં એ.સી. હોય છે. ખૂબ જ ગરમીના કારણે ત્યાંના લોકો હળવા





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





સુતરાઉ કપડાં પહેરે છે અને પોતાની જાતને આખા કપડાંથી ઢાંકેલા રાખે છે - તેમનું માથું પણ ઢાંકેલું હોય છે. આ તેમને સૂર્યના સખત તાપથી બચાવે છે.

ઝીલને તેના પિતરાઈઓ સાથે ફોટોગ્રાફસ જોવાની અને બીજા દેશ વિશે જાણવાની ખૂબ મજા પડી. તે તેના શહેર અને તેઓએ અબુધાબી વિશે જે કહ્યું તેને સરખાવ્યા કરતી હતી. તેણે અબુધાબી વિશે પોતાના વર્ગ માટે પણ અહેવાલ બનાવવાનું નક્કી કર્યું.

## ચર્ચા કરો અને લખો :

- તમે જ્યાં રહો છો તે જગ્યા સાથે અબુધાબીને સરખાવતો અહેવાલ તમે પણ બનાવો. તમે નીચે આપેલા અમુક મુદ્દાઓનો અહેવાલ લખવા ઉપયોગ કરી શકો છો. તેના ચિત્રો દોરી શકો અથવા ફોટોગ્રાફસ મૂકી શકો.
  - આબોહવા અને હવામાન
  - લોકોનો પહેરવેશ
  - વૃક્ષો અને છોડ
  - જુદાં-જુદાં પ્રકારનાં મકાનો
  - રસ્તા પર વાહનવ્યવહાર (વાહનોના પ્રકાર)
  - સામાન્ય ખાવાની વસ્તુઓ
  - ભાષા
- રણમાં વૃક્ષો કેમ ઓછાં હોય છે ?

---

- તમારા કોઈ સગાં-સંબંધી બીજા દેશમાં રહે છે ? જો હા, તો કયા ?

---





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





- તેઓ ત્યાં કેટલું રહ્યાં ? તેઓ ત્યાં ભણવા ગયાં હતાં કે કામ માટે ગયાં હતાં ? કે બીજું કોઈ કારણ હતું ?

## આ બધી ચલણી નોટો જુઓ :

દરેક નોટના ચિત્રની બાજુમાં આપેલા બોક્ષમાં તેની કિંમત લખો.















Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- આ ચલણ કયા દેશનું છે ? તમે કેવી રીતે જાણશો ?

- તમે નોટો પર કોનું ચિત્ર જોઈ શકો છો ?

- દસ રૂપિયાની નોટ લો અને ધ્યાનથી અવલોકન કરો. તમે નોટ ઉપર કેટલી ભાષાઓ જોઈ શકો છો ?

- નોટ પર આપેલ બૅન્કનું નામ લખો.



## સિક્કાઓનું અવલોકન કરો. આગળ-પાછળની બાજુઓ મુજબ તેમને જોડો :



- કયો સિક્કો જોડાયા વિનાનો બાકી રહે છે ?

- આ સિક્કાઓમાંથી તમે કેટલા ઓળખી શકો છો ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





- સિક્કાઓ ઉપર મૂલ્ય સિવાય બીજું શું લખેલું છે ?

- આ નોટો જુઓ. શું તે બધી ભારતની છે ? જે નોટો ભારતની નથી તેના પર ગોળ કરો. તે ક્યા દેશની નોટો છે તે શોધી કાઢો.




**શિક્ષક માટે :** ચલણી નોટ પર છાપેલા ક્રમાંકને કારણે નાણું બેવડાતું નથી. આ બાબતની વર્ગમાં ચર્ચા કરો.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૨૪
# મસાલેદાર કોયડા





તાજું છું તો લીલું, ને સુકાઈ જાઉં તો લાલ;
કોરું - કાચું ચાખે, એના ભૂંડા થાય હાલ.
તીખો - તીખો સ્વાદ મારો, રસોઈમાં નંખાઉં;
વધુ પડતું ખાવા જાઓ તો, નાકમાં પાણી લાઉં.
બોલો બોલો જલદી બોલો, બોલો હું છું કોણ ?



પીળો-પીળો રંગ મારો, તૂરો મારો સ્વાદ;
રસોઈમાં ને કચુંબરમાં, આવું સૌને યાદ.
નાની-નાની વાતોમાં, હું ઔષધ બની જાઉં;
દૂધ સાથે ભળી જતાં, ખાંસી ભગાડી દઉં.
બોલો બોલો જલદી બોલો, બોલો હું છું કોણ ?

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




ઝીણી-ઝીણી મોતી જેવી, નાની પણ હું ગોળ;
અંદરથી હું સફેદ છું, પણ ઉપર કાળો ઢોળ.
કચુંબર કે નમકીનમાં, હોંશથી નંખાઉ;
જીભ ઉપર મને મુકો તો, તીખો સ્વાદ લાવું.
બોલો બોલો જલદી બોલો, બોલો હું છું કોણ ?



પાતળું ને નાનું છું, કાળું અને ભૂરું છું;
તેલ-ઘીમાં તળાઉ છું, દહીં-છાશમાં નંખાઉ છું.
રસોઈમાં હું ભળું છું, ને સુગંધિત બનાવું છું;
પાવડર કે આખે-આખું, ઉપયોગમાં આવું છું.
બોલો બોલો જલદી બોલો, બોલો હું છું કોણ ?



પાતળી ને નાની હું તો, લીલી-લીલી છમ;
મુખવાસ ને શરબતમાં, લાવી દઉં દમ.
લીલી-સૂકી ચાવો તમે, તો પણ લાગું મીઠી;
જીરા જેવી લાગું હું તો, જ્યારે તમને દીઠી.
બોલો બોલો જલદી બોલો, બોલો હું છું કોણ ?






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



**ચોકલેટ જેવો રંગ મારો, શિંગડાંવાળી ચીજ;**
**ખીલી જેવો લાગું હું તો, મસાલાનું બીજ.**
**દાંતના દુખાવામાં હું, ખૂબ કામમાં આવું;**
**તીખો મારો સ્વાદ પણ, મુખવાસમાં ભાવું.**
**બોલો બોલો જલદી બોલો, બોલો હું છું કોણ ?**



હવે બીજા બે મસાલાઓ પર તમારા પોતાના કોયડા બનાવવા પ્રયત્ન કરો. તે કોયડા તમારા વર્ગમાં પૂછો. આ બે મસાલાનાં ચિત્રો તમારી નોટબુકમાં દોરો અને તેનાં નામ લખો.

- તમારા ઘરમાં રસોઈ બનાવવા કયા કયા મસાલાઓનો ઉપયોગ થાય છે ? તે શોધો. તેની યાદી બનાવો અને તમારા મિત્રની યાદી પણ જુઓ.

- જ્યારે તમારાં દાદા-દાદી નાનાં હતાં ત્યારે તેમના રસોડામાં મોટા ભાગે કયા મસાલાઓનો ઉપયોગ થતો હતો ? તેમની પાસેથી શોધી કાઢો અને અહીં લખો.

- એક એવા મસાલાનું નામ આપો. જે નમકીન અને મીઠી બંને વસ્તુમાં નંખાય છે.

- રસોઈમાં ખાટો સ્વાદ લાવવા તેમાં શું નાખવામાં આવે છે ? શોધો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



હું કુટ્ટન છું. હું કેરળમાં રહું છું. મારા ઘરના વાડામાં મસાલાનો બગીચો છે. ત્યાં મેં તમાલપત્ર, નાની અને મોટી ઈલાયચી અને મરીના છોડ જોયા.

- તમારા વિસ્તારમાં કોઈ મસાલા ઊગે છે ? શોધી કાઢો. અહીં તેમનાં નામ લખો.

---

- થોડા આખા મસાલા વર્ગમાં લાવો. કોષ્ટકમાં તેમનાં નામ લખો. તમારી આંખો બંધ કરી દરેક મસાલાને સ્પર્શ કરીને અને સુગંધથી ઓળખવાનો પ્રયત્ન કરો. જેને તમે ઓળખો તેની સામે (√) કરો. જો તમે ઓળખી ન શકો તો (×) કરો.

| ક્રમ | સુગંધ | સ્પર્શ | મસાલાનું નામ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

**ચાલો, મસાલેદાર ચણા ચાટ બનાવવા પ્રયત્ન કરીએ !**

- તેના માટે તમારે જોઈએ -
  - બાફેલા ચણા, વર્ગમાં બધાં માટે પૂરતા હોય તેટલા.
  - મીઠું, લાલ મરચું, આમચુર પાઉડર અથવા લીંબુ સ્વાદ પ્રમાણે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



- શેકેલું જીરું, સંચળ અને ગરમ મસાલો, જો શક્ય હોય તો
- કોથમીર.



બાફેલા ચણામાં સ્વાદ પ્રમાણે મીઠું, લાલ મરચું, આમચુર પાવડર અથવા લીંબુનો રસ ઉમેરો. તમારી ચાટ સ્વાદિષ્ટ બનાવવા જીરું, સંચળ અને ધાણા પાવડર ઉમેરો. અંતમાં ચપટી ગરમ મસાલો પણ ઉમેરી શકાય છે. બાફેલા ચણા સરખા મિક્ષ કરો. સમારેલી કોથમીર તેના પર ભભરાવો. અરે વાહ ! તમારી ચટાકેદાર ચણા ચાટ ખાવા માટે તૈયાર છે !

- શું તમે ચણા ચાટની મજા માણી ?
- અનુમાન કરો, જો ચણાની ચાટ બનાવવા એકપણ મસાલા ન હોય તો તે કેવી લાગે ?
- અલગ-અલગ પ્રકારની ચાટ બનાવતાં શીખો અને બનાવવા પ્રયત્ન કરો અને વર્ગમાં તેની તમારા મિત્રો સાથે મજા માણો.
- વસ્તુઓ ઓછી કે વધારે ચટાકેદાર છે તે તમારી જીભ પર કેવી રીતે અનુભવ થાય છે ?

**શિક્ષક માટે :** ગરમ મસાલો : ઈલાયચી (નાની અને મોટી), લવિંગ, જીરું, તજ વગેરે અનેક મસાલાનો મિક્સ પાઉડર.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



# પ્રકરણ ૨૫
# મારો જિલ્લો

ગુજરાત રાજ્ય દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરે છે. તેમાં ભાગ લઈ પોતાની આવડતને બતાવવા માટે સૌ કોઈ આવે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં આવે છે. આ વર્ષે આ કાર્યક્રમ રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો. જેમાં ભાગ લેવા રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ આવી પહોંચ્યાં. આજે બધાં વિદ્યાર્થીઓ તેમના શિક્ષકો સાથે ઘ-૪ પાસે આવેલા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં એકઠાં થયાં હતાં. બગીચામાં સૌ ભેગાં થઈને વાતે વળગ્યાં હતાં. શિક્ષકો પોતાના અનુભવોની આપ-લે કરતા હતા, જ્યારે વિદ્યાર્થીઓ પોતાના જિલ્લાની વાત કરતાં હતાં.



વાતની શરૂઆત કરતાં વિશ્વા બોલી : ''હું કચ્છ જિલ્લામાંથી આવું છું. અમારું જિલ્લા મથક ભુજ છે. અમારા જિલ્લામાં કુલ દસ તાલુકા છે. ગુજરાતના જિલ્લાઓમાંથી કચ્છ જિલ્લો પાકિસ્તાન સાથે સરહદ ધરાવે છે, જ્યારે ભારતના રાજસ્થાન રાજ્યને પણ અમારું રણ અડે છે. ગુજરાતના મોરબી, સુરેન્દ્રનગર, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓ પણ અમારા પડોશી છે.''



જ્યોતિ બોલી : ''અમારો જિલ્લો .......................... અને તેનું વડું મથક .................. છે. જિલ્લાના કુલ ............. તાલુકા છે. અમારા જિલ્લાની સરહદ ...................... અને ......................... રાજ્યોને સ્પર્શે છે. અમારા જિલ્લાની સરહદે ...................... , .................., ........................., ...................... અને ..................... જિલ્લાઓ આવેલા છે.

**શિક્ષક માટે :** એકમમાં જ્યાં 'જ્યોતિ બોલી :' લખેલી વિગત છે ત્યાં વિદ્યાર્થીઓએ પોતાના જિલ્લાની માહિતી મેળવી અને ભરવાની છે. તેના માટે શાળામાં આપવામાં આવેલ સ્થાનિક સાહિત્યની પુસ્તિકાઓનો ઉપયોગ કરવો.

Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com






આ સાંભળી થોમસ બોલી ઊઠ્યો : ‘‘મારો જિલ્લો ડાંગ. મારો જિલ્લો વિસ્તારની રીતે જોઈએ તો ગુજરાતનો સૌથી નાનો જિલ્લો છે. તેનું ક્ષેત્રફળ ૧,૭૬૪ ચોરસ કિલોમીટર છે. તે સૌથી ઓછી વસતિ ધરાવતો જિલ્લો પણ છે. તેની વસતિ ૨,૨૬,૭૬૯ છે. ગુજરાતમાં આવેલાં જંગલોનો સૌથી મોટોભાગ (૫૮.૫ %) મારા જિલ્લામાં આવેલો છે.’’

જ્યોતિ બોલી : ‘‘અમારો જિલ્લો ગુજરાતના જિલ્લાઓમાં વિસ્તારની દૃષ્ટિએ ....................... સ્થાન ધરાવે છે. તેનું ક્ષેત્રફળ ................................ ચોરસ કિલોમીટર છે. તેની વસતિ ................................ છે. રાજ્યના .................. % જંગલો અમારા જિલ્લામાં આવેલાં છે.





અમદાવાદ જિલ્લામાં રહેતી પરવીન બોલી : ‘‘સાબરમતી નદીને કિનારે મારું અમદાવાદ શહેર વસેલું છે. મારા જિલ્લામાં સાક્ષરતાનો દર ૮૬.૬૫% છે. મારા જિલ્લામાં સીદી સૈયદની જાળી, કાંકરિયા તળાવ, સાબરમતી રિવરફ્રન્ટ, ગાંધીઆશ્રમ જેવાં જોવાલાયક સ્થળો આવેલાં છે.’’

આ સાંભળતાં જ જ્યોતિ બોલી : ‘‘અમારા જિલ્લામાંથી ..................... અને ...................... નદીઓ પસાર થાય છે. અમારા જિલ્લામાં આવેલ .................... અને ......................... શહેરો આ નદીઓના કિનારે વસેલાં છે. અમારા જિલ્લાનો સાક્ષરતા દર .................... % છે. અમારા જિલ્લામાં ......................... , .................... , ....................., ............................ જેવા જોવાલાયક સ્થળો આવેલાં છે.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





મૈત્રી બોલી : “હું જૂનાગઢ જિલ્લામાંથી આવું છું. જૂનાગઢમાં આવેલા ગિરનાર પર્વતનું દત્તાત્રેય ગુજરાતનું સૌથી ઊંચું શિખર ગણાય છે. ઊંચો ગઢ ગિરનાર વાદળથી વાતું કરે. એ તો તમે સાંભળ્યું જ હશે.” મૈત્રીએ જ્યોતિની સામે જોયું એટલે જ્યોતિ બોલી : “અમારા જિલ્લામાં પણ ............................ અને ...................... પર્વત આવેલા છે.”



ગાંધીનગર જિલ્લાના ભાવિને કહ્યું : “મારા જિલ્લામાં અક્ષરધામ, મહુડી અને ધોળેશ્વર મહાદેવ જેવાં ધાર્મિક સ્થાનો આવેલાં છે.” તન્વી વચ્ચે બોલી : “હું મહેસાણા જિલ્લાની છું. મારા જિલ્લામાં મોઢેરા અને વડનગર જેવાં ઐતિહાસિક સ્થળો આવેલાં છે. મોઢેરાનું સૂર્યમંદિર તેમજ વડનગરનું કીર્તિતોરણ જાણીતાં છે.”



જ્યોતિ બોલી : અમારા જિલ્લામાં ......................, ........................, ...................., ............................ અને ........................ જેવાં ધાર્મિક સ્થાનો આવેલાં છે. જ્યારે ............................................ , ............................... અને ........................ જેવાં ઐતિહાસિક સ્થળો આવેલાં છે.

કોઈ બોલે તે પહેલાં કૃષ્ણા બોલી : “મારો જિલ્લો નર્મદા. મારા જિલ્લામાં આવેલા નવાગામ મુકામે નર્મદા નદી પર બંધ બાંધવામાં આવ્યો છે. આ બંધથી રચાયેલ સરોવરનું નામ સરદાર સરોવર રાખવામાં આવ્યું છે. ત્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે.”





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



આ સાંભળી જ્યોતિ બોલી : ‘‘અમારા જિલ્લામાં પણ .................. નદી પર ........................... સ્થળે બંધ બાંધવામાં આવ્યો છે.’’

બનાસકાંઠા જિલ્લામાંથી આવેલ ધનરાજે કહ્યું કે : ‘‘મારા જિલ્લાના અમીરગઢ તાલુકામાં જેસોર રીંછ અભયારણ્ય અને પાલનપુર તાલુકામાં બાલારામ અભયારણ્ય આવેલું છે. જેસોર રીંછ અભયારણ્યમાં રીંછ, નીલગાય, દીપડા, શાહુડી, વગેરે જ્યારે બાલારામ અભયારણ્યમાં રીંછ અને નીલગાય જોવા મળે છે.’’

જ્યોતિ બોલી : ‘‘અમારા જિલ્લાના .......................... તાલુકામાં .............................. અને .................................. તાલુકામાં ........................ અભયારણ્યો આવેલાં છે. જેમાં મુખ્યત્વે ........................................, ......................................., ........................................, ..................................., ..............................., ................................ જેવાં પ્રાણીઓ જોવા મળે છે.’’



હરભજન બોલવા તૈયાર જ હતો, તેણે કહ્યું : ‘‘હું સુરેન્દ્રનગર જિલ્લાનો વતની છું. મારા જિલ્લામાં આવેલ તરણેતર ગામમાં ભરાતો મેળો ભારતમાં તરણેતરના મેળા તરીકે ખૂબ જાણીતો છે. ભરત ભરેલી છત્રીઓ સાથે મેળામાં ફરતા યુવક યુવતીઓ મેળાને માણતા હોય છે.’’

જ્યોતિ તરત જ બોલી : ‘‘અમારા જિલ્લામાં ............................ મુકામે ..................... નો મેળો ભરાય છે.’’

પંચમહાલ જિલ્લાના દેવેન્દ્રએ કહ્યું : ‘‘મારા જિલ્લામાં મકાઈનો પાક સૌથી વધુ લેવામાં આવે છે. આ ઉપરાંત, ઘઉં, ડાંગર, કઠોળ, મગફળી અને તમાકુ જેવા પાકો પણ લેવામાં આવે છે.’’ દીપિકા તરત બોલી કે : ‘‘હું પોરબંદર જિલ્લામાંથી આવું છું. મારા જિલ્લામાં સિમેન્ટ અને રંગ-રસાયણનો ઉદ્યોગ ખૂબ વિકસ્યો છે.’’



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





આ સાંભળી જ્યોતિ બોલી : "અમારા જિલ્લામાં .......................... નો પાક સૌથી વધુ લેવામાં આવે છે. આ ઉપરાંત .............................. , ........................., ...................... , ............................ જેવા પાક મારા જિલ્લામાં લેવામાં આવે છે. મારા જિલ્લામાં ............................., .............................. અને ......................... જેવા ઉદ્યોગો પણ વિકસ્યા છે."

**આટલું કરો :**

- તમારા જિલ્લાનો નકશો મેળવી, તેમાં આવેલા તાલુકાઓની યાદી બનાવો.
- તમારા જિલ્લામાં થતાં વૃક્ષો અને પાકની યાદી બનાવો.
- વર્ષ : ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે તમારો જિલ્લો રાજ્યમાં કેટલામું સ્થાન ધરાવે છે ? તમારા જિલ્લાથી વધુ વસતિ ધરાવતા અને ઓછી વસતિ ધરાવતા જિલ્લાઓની યાદી બનાવો.
- એકમમાં દર્શાવ્યા સિવાયના જોવાલાયક સ્થળોની યાદી બનાવો.
- તમારા જિલ્લામાં આવેલાં ધાર્મિક સ્થાનો અને ઐતિહાસિક સ્થળોની ચિત્રાત્મક માહિતી / ચાર્ટ તૈયાર કરો.
- તમારા જિલ્લામાં આવેલાં એકમમાં દર્શાવ્યા સિવાયના બંધ અને અભયારણ્યો વિશેની માહિતી એકત્રિત કરો.
- જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ભરાતા અન્ય મેળાઓનાં સ્થાન અને તેની વિશેષતાઓ અંગેની માહિતી મેળવી ચાર્ટ તૈયાર કરો.
- તમારા જિલ્લામાં વિકસેલા ઉદ્યોગો અને તેમાં વપરાતા કાચા માલની વિગતો એકત્ર કરો.
- જિલ્લા પંચાયત અને તેના કાર્ય વિશે તમારા શિક્ષક પાસેથી માહિતી મેળવો.
- જિલ્લા પંચાયતનો વહીવટ કોણ કોણ કરે છે ? એની વિગત મેળવો.
- તમારા જિલ્લાનો નકશો મેળવી તેમાં નીચેની વિગતો દર્શાવો.

  - જોવાલાયક સ્થળો - ધાર્મિક સ્થાનો - ઐતિહાસિક સ્થળો - બંધ

  - અભયારણ્યો - મેળો - ઉદ્યોગો
- સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે તમારા શિક્ષક પાસેથી વધુ માહિતી મેળવો.

**શિક્ષક માટે :** આ એકમમાં આપવામાં આવેલ વિવિધ જિલ્લાની વિગતો માત્ર વિદ્યાર્થીઓ પોતાના જિલ્લાની વિગતો રજૂ કરતાં શીખે તે માટે આપવામાં આવી છે. પોતાના જિલ્લા સિવાય અન્ય જિલ્લાની જાણકારી વિદ્યાર્થીને સમજવાની કે યાદ રાખવાની જરૂર નથી. આ માટે તેને મૂલ્યાંકનનો ભાગ બનાવવાનો નથી.



Downloaded from https:// www.studiestoday.com